
# શરદ ગ્રંથાવલિ



# બામણની દીકરી

(સ. છા. વ.) (જે) એનએ.-૧૩-૭,૦૦,૦૦૦.-૧-૮૯

સ. ઠ. ૧, [લિ. અને મ. ખા., નંબર એલ. આઇ. બી. ૧૦૬૫-ઠ, તા. ૯-૭-૬૫.]


ગ્રંથાલય

सत्यमेव जयते

(ગુજરાત રાજ્ય)

ક્રમાંક





MIHIR

મિહિર પ્રકાશન

રાજકોટ

નાતજાત અને કુલાભિમાનની પોકળતા ચીરતી કથા

# બામણની દીકરી

૭૦૭૦૦૭

અનુવાદક
ભોગીલાલ ગાંધી

મુખ્ય વિક્રેતા
પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, રાજકોટ.

BAMANNI DIKARI–Gujarati translation of Sharad Babu's Bengali Novel by Bhogilal Gandhi New fully revised edition Published by Mihir Prakashan, August–1989.

બામણની દીકરી : મૂ. લે. શરદબાબુ. અનુવાદક : ભોગીલાલ ગાંધી

પ્રકાશક :
મિહિર પ્રકાશન
'ગીતા ભવન', ૪, રામનગર,
ગોંડલ રોડ, રાજકોટ.

૯૯૨.૪૪૩

ગુજરાત સરકાર
સ. જિ. પુ. હિંમતનગર
વર્ગાંક ૯૯૨-૪૪૩
લેખક શરદબાબુ
પરિગ્રહણાંક 00009

પ્રથમ આવૃત્તિ : ૧૯૫૭
દ્વિતીય આવૃત્તિ : ૧૯૮૯

(c) અનુવાદકના

કિંમત : ૧૮–૭૫

040404

મુદ્રક
ભગવતી મુદ્રણાલય
અજય ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
દૂધેશ્વર, અમદાવાદ.

## માનવ મનના શ્રેષ્ઠ કસબી શરદબાબુ

શ્રી શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય માત્ર બંગાળના નહિ, ભારતના નહિ, પણ વિશ્વભરના પ્રથમ પંક્તિના કથાકારોમાં ગણાય છે. તેમની નવલકથાઓએ ગુજરાતને ઘેલું કર્યું છે તેમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય.

જીવનનાં સાચાં મૂલ્યો, આપણા સમાજની વાસ્તવિક સ્થિતિ અને તેનું સ્વરૂપ શરદબાબુના સાહિત્યમાં વારંવાર પ્રગટ થાય છે. ભારતીય નારીના પૂર્ણ સ્વરૂપને બેનમૂન નિખાર આપ્યો છે. નારી જીવનની કઠોર યાતનાઓ...અને આ યાતનાઓ વચ્ચે પણ તેનું કોમળ સ્વરૂપ...બીજી વ્યક્તિઓ માટે પોતાનું જીવન ન્યોચ્છાવર કરવાની તેમની તમન્નાઓ અને કોઇપણ જાતની અપેક્ષા વગર ભારતીય નારીનું આ પૂર્ણ પ્રેમસ્વરૂપ અતિ કઠિન પરિસ્થિતિમાં જાણે સોળે કળાએ ખીલી ઊઠેલું આપણને શરદબાબુની કથાઓમાં દૃશ્યમાન થશે જ. તેમનું સંપૂર્ણ સાહિત્ય સર્જન જાણે પોતાના જ સ્વાનુભવનું પ્રતિબિંબ ના હોય તેવું લાગે છે! પ્રસંગોની સચોટતા એટલી સુંદર રીતે રજૂ કરી છે, કે જાણે તેમાંથી તેઓ પસાર થયા હોય તેમ અવશ્ય લાગે.

સમાજજીવનનાં તમામ પાસાંઓને ખૂબ જ સચોટ રીતે શરદબાબુએ ઉપસાવ્યાં છે. વાસ્તવિકતાની તદ્દન નજદીક રહીને કરેલું આ સર્જન વાચકને સ્પર્શી જાય છે. વાચક તેમાં સહેલાઇથી સરી પડે છે અને કથારસમાં તરબોળ બની તેને માણી શકે છે. શરદબાબુના સાહિત્યની આ અપ્રતિમ સિદ્ધિ છે. અને તેથી જ તે લોકપ્રિયતાને શિખરે બિરાજે છે.

શરદબાબુની બધી કથાઓમાં સમાજજીવનનું વિવિધ સ્વરૂપ દેખાય છે. દેવદાસ, વિપ્રદાસ, શ્રીકાંત, ગૃહદાહ, ઉત્તમ સાહિત્યના તેજસ્વી તારલાઓ છે. ભારતીય સાહિત્યના નભોમંડળમાં તેઓ સદાય ચમકતા રહેશે, તેનું સ્થાન ચિરંજીવ છે.

o o o

# ઉત્તમ સાહિત્યનું પ્રકાશન

આવા મહાન લેખકના શ્રેષ્ઠ અનુવાદો ઘણાં વર્ષોથી અપ્રાપ્ય હતા. વર્તમાન સમયમાં નવી પેઢી આ ઉત્કૃષ્ઠ અને જીવનને સ્પર્શી જાય તેવાં પુસ્તકોથી વંચિત ન રહે તેવી શુદ્ધ ભાવનાથી મિહિર પ્રકાશને શરદબાબુનાં પુસ્તકોનો સેટ પ્રકાશિત કરેલ છે. મિહિર પ્રકાશનનું પ્રથમ પગથિયું ૧૯૮૮માં વિશ્વવિખ્યાત લેખક શ્રી રવીન્દ્રનાથ ટાગોરના કથા સાહિત્યનો સંપૂર્ણ સેટ (૧૪ પુસ્તકો), જે વર્ષોથી અપ્રાપ્ય હતો તે પ્રકાશિત કરેલ. આ બીજા વર્ષે શરદબાબુનો સંપૂર્ણ સેટ તથા ગરવી ગુજરાતના ગ્રામ્યજીવનના કથાશિલ્પી પીતાંબર પટેલના ૧૮ ગ્રંથોનો સેટ પ્રકાશિત કરેલ છે.

પ્રસિદ્ધ લેખકોનાં ઉત્તમ અને અપ્રાપ્ય પુસ્તકો ગુજરાતી પ્રજાને સરળતાથી મળે તેવી આકાંક્ષા સાથે પ્રકાશનનું કાર્ય હાથ ધરેલ છે.

સાહિત્યની દુનિયામાં ચમકતા સિતારા જેવા અદ્દભુત સર્જક અને માનવમનના ઊંડા અભ્યાસી, લાખો વાચકોના લાડીલા કથાકાર શરદબાબુને યાદ કરતાં જ આપણું મન પ્રસન્નતા અનુભવે છે.

આ કાર્યમાં ગુજરાતના પ્રસિદ્ધ અનુવાદકો શ્રી. નગીનદાસ પારેખ, રમણલાલ સોની અને ભોગીલાલ ગાંધીનો સહકાર મળ્યો છે. ગુજરાતી ભાષામાં તેઓ શ્રેષ્ઠ અનુવાદકો તરીકે અદકેરું સ્થાન ધરાવે છે. અમે તેમના આભારી છીએ.

આ ગ્રંથાવલિમાં પ્રકટ થતી દરેક કૃતિનો અનુવાદ મૂળ બંગાળી પરથી જ કરવામાં આવેલો છે અને દરેકદરેક કૃતિ સંપૂર્ણ લીધી છે.

દરેક કૃતિની શરૂઆતમાં તે કૃતિનો ટૂંક પરિચય આપેલ છે, જે સામાન્ય વાચકને પણ શરદબાબુનાં કલાકૌશલ સમજવામાં ઉપયોગી થશે.

અમને વિશ્વાસ છે, કે ગુજરાત અમારા આ પ્રયત્નને આવકારશે.

**—પ્રકાશક.**

# બામણની દીકરી

[બામુનેર મેયે]

●

ભોગીલાલ ગાંધી

## પરિચય

શરદબાબુની આ ખૂબ જ હૃદયવેધક વાર્તા છે. વાર્તાની શરૂઆત જેવી જોરદાર છે તેના કરતાંયે વિશેષ જોરદાર છે તેનો અંત. નાતજાત અને કુળની મોટાઈનું પોકળપણું શરદબાબુએ આ વાર્તામાં અજબ કુશળતાપૂર્વક બતાવ્યું છે.

વાર્તાનું સ્થળ ગામડામાં છે. ગામડાંના લોકોની સ્વાર્થપરાયણતા, કુટિલતા, કાવાદાવા, પ્રીતિહીન અને અનુભૂતિહીન ધર્મનિષ્ઠાનું સજીવ ચિત્રણ આ વાર્તામાં જોવા મળે છે. જે ધર્મ કેવળ બાહ્ય આચારવિચારને જ સર્વ કાંઈ સમજવાનું શીખવે છે એની પરિણતિ કેવી હૃદયહીન નિષ્ઠુરતામાં આવે છે તે અહીં જોવા મળે છે.

૦ સંધ્યા અને અરુણનો પ્રણય બહુ સૂક્ષ્મ રેખાઓમાં ખૂબ દૃઢ અને મર્મસ્પર્શી રીતે આલેખાયો છે. શરૂથી જ એમાં સંયમ અને આત્મત્યાગ છે, જે વાર્તાના અંતે પરાકાષ્ઠાએ પહોંચે છે.

## આ ગ્રંથનાં શરદવાણી

૦ દુનિયામાં બધું જ કંઈ માણસની ઇચ્છા પ્રમાણે થતું નથી.

૦ હલકી જાત હોવાને કારણે માણસની ઘૃણા કરનારને ભગવાન કેવી સખત સજા કરે છે! કુળપ્રતિષ્ઠા એ કેવું મોટું પાપ છે, કેવો મોટો દંભનો પોટલો છે!

૦ નાત, જાત અને કુળ જ ખરાં અને બબ્બે માણસનાં આખા જીવનનાં સુખદુઃખ ખોટાં શું?

૦ મિથ્યાને મોટાઈ આપી જેટલે ઊંચે ચડાવશો તેટલું દુઃખ તેટલો ગંદવાડ, તેટલો અનાચાર તેમાં ભેગો થવાનો જ અને થયું છે પણ એવું જ!

૦ કોઈ વાત લાંબા વખતથી ચાલતી આવી હોય એટલે તે કંઈ સારી થઈ જતી નથી. તે તરફ લોકો ભલેને માન ધરાવતા હોય તેથી શું? પણ વખતોવખત તેને કસી જોઈ નિર્ણય કરવો પડે છે. જે મારું મારું કરી આંખો મીંચી જીવવા ઇચ્છે છે તે જ મરે છે.

૦ માણસ માણસ વચ્ચે ભેદ ઊભો કરવા માટે માણસે પોતાના હાથે જ બધી ભીંતો ઊભી કરેલી છે. બાકી ભગવાનના ઘરનો એનો કશો નિયમ નથી. ખુલ્લી રીતે હળવામળવાના સિંહદ્વાર પર માણસ જેમ જેમ કાંટા ખડકતા જાય છે તેમ તેમ છૂપી રીતે તેમના આચારની ચારની વાડો અનાચારથી સેંકડો જગાએ તૂટતી જાય છે. એ થઈને પછી કેવળ પાપ અને ગંદવાડ જ અંદર પ્રવેશ કરે છે.

૧

ગામમાં રખડી કરીને રાસમણિ બપોરને વખતે ઘેર પાછાં ફરતાં હતાં. સાથે દસ બાર વર્ષની પૌત્રી આગળ આગળ ચાલતી હતી. ગામડાગામના સાંકડા રસ્તાની જમણી બાજુએ બાંધેલું બકરીનું બચ્ચું ડાબી બાજુ ઉપર પડ્યું પડ્યું ઊંઘતું હતું. સામે નજર પડતાંવેંત તેમણે ચિચિયારી પાડી પૌત્રીને કહ્યું: "અરે છોડી, દોરડું જોજે ઓળંગતી, ઓળંગીશ નહિ! ઓળંગી કે? બળ્યા મોંની, ઊંટની માફક ઊંચું જોઈને ચાલે છે? આંખે દેખાતું નહિ હોય કે બકરું બાંધેલું છે."

છોકરીએ કહ્યું: "બકરી તો ઊંઘે છે, દાદીમા."

"ઊંઘે છે, એટલે દોષ નહિ? આ શનિ મંગળવારે શું કરવા દોરડાને વગર વિચાર્યે ઓળંગીએ?"

"એથી શું થાય, દાદીમા?"

"શું પૂછે છે? બળ્યા મોંઢાની! બામણના ઘરની નવ દસ વરસની આવડી મોટી લડધી—એટલું જાણતી નથી કે બકરીના દોરડાને ઓળંગાય નહિ—ન જ ઓળંગાય! પાછી કહે છે, શું થાય? બાપ! આ મૂઆઓની બકરાં પાળવાની લાયમાં ને લાયમાં તો માણસોને ચાલવુંયે ભારે થઈ પડ્યું છે. હાય રે! આ મંગળવારને કાળ ચોઘડિયે છોકરી દોરડું ઓળંગી ગઈ—કેમ? શું કરવા રસ્તા ઉપર લોકો બકરાં બાંધતાં હશે? કહું છું, એમને ઘેર કંઈ છૈયાંછોકરાં નથી? એ લોકો શું સારું નરસું કશું સમજતાં નથી?"

એકાએક તેમની નજર બાર તેર વરસની એક ભોઈની છોકરી ઉપર પડી. બિચારી હાવરી બાવરી પોતાના બકરીના બચ્ચાને ખસેડવા આવતી હતી. તરત જ રાસમણિ ગેરહાજર લોકોને પડતાં

મૂકી આ આંખ આગળ હાજર થયેલી છોકરી ઉપર તૂટી પડ્યાં. તીક્ષ્ણ અવાજે બોલ્યાં : " તું કોણ છે'લી ? મોત જ આવ્યું લાગે છે. કંઈ છેક શરીરને ઘસાઈને ચાલે છે તે ! આંખ કાન ફૂટી ગયાં છે. છોકરીને તારું લૂગડું બૂગડું તો અડાડ્યું નથી ને ? "

ભોઈની છોકરી ભયથી જડસડ થઈ ગઈ. તે બોલી : " ના, માજી, હું તો અહીં થઈને જાઉં છું. "

રાસમણિએ મોં ખૂબ બગાડીને કહ્યું : " અહીં થઈને જાઉં છું ? પણ તારે અહીં થઈને જવાની એવી શું જરૂર પડી ? બકરું તારું લાગે છે ! કોણ જાત છે તું ? "

" અમે ભોઈ છીએ, માજી ! "

" ભોઈ ? એં ! આ કવખતે છોકરીને અડકી પડીને તેં એને નહાવાનું કર્યું ! "

તેમની પૌત્રી બોલી ઊઠી : " મને તો એ અડી નથી, દાદીમા— "

રાસમણિએ તેને પણ ધમધમાવી નાખી : " ચૂપ રહે, બળ્યા મોંની ! મેં મારી આંખે જોયું ને—આ ભોઈની છોકરીના લૂગડાનો છેડો તારા શરીરે અડક્યો. જા, આ પરોઢિયે પરોઢિયે તળાવડીમાં ડૂબકી મારી આવ, જાય છે કે નહિ ? નાહી આવ્યા વિના ઘરમાં પેસવા દેવાની નથી, હાય બાપ, નાત જાત હવે કંઈ રહી નથી ! હલકી વરણ માથે ચડી વાગી છે, દેવ બામણની હવે તો કોઈ ગણતરી જ કરતા નથી. કુલટા, વાઘરીવાડેથી બકરું બાંધવા આવી છે બામણના ફળિયામાં ? "

ભોઈની છોકરીનાં ભય અને શરમનો પાર રહ્યો નહિ. તેણે બકરીના બચ્ચાને છાતીસરસું લઈ માત્ર એટલું જ કહ્યું : " માજી ! હું અડી નથી. "

" અડી નથી તો આ ફળિયામાં શું મરવા આવી છે ? "

છોકરીએ હાથ ઊંચો કરી પાસે જ કોઈ એક અદૃશ્ય ઘર બતાવી કહ્યું : " મહારાજે તેમની પેલી કોઢ પાસે અમને રહેવા દીધાં છે.—

મારી માને અને મને મોટાભાઈએ કાઢી મૂક્યાં છેને !" ગમે તેની હો અને ગમે તે કારણે થઈ હો પણ કોઈની દુર્ગતિનો ઇતિહાસ સાંભળીને રાસમણિનું ક્રોધયુક્ત હૃદય થોડું પ્રફુલ્લિત બન્યું—અને આ રુચિકર સમાચાર વિસ્તારપૂર્વક સાંભળવા તેમણે આતુરતાપૂર્વક પૂછ્યું : "એમ ? ક્યારે કાઢી મૂક્યાં અલી ?"

"પરમ દિવસે રાતના, માજી !"

"ઓ—ત્યારે તો તું એકકોડી ભોઈની છોકરી ને ? એમ કહે ને ! એકકોડી મુઓ ના મુઓ એટલામાં તમને ડોસાએ કાઢી મૂક્યાં ? હલકી જાતના મોઢામાં આગ મૂકાય ? તે બાપ, કાઢી મેલ્યાં એટલે કંઈ બામણના ફળિયામાં આવી રહેવાનું ? તમારા લોકની ઉદ્ધતાઈ તો ઓછી નથી કંઈ ! કોણે આશરો આપ્યો તારી માને ? રામતનું *બાંડુજ્જેનો જમાઈ કેની ? એના વગર આવું ડહાપણ બીજા કોનું હોય ? ઘરજમાઈએ ઘરજમાઈની જેમ જ રહેવું જોઈએ; પણ એવું તો મળે નહિ, શું સસરાની મિલકત મળી છે એટલે મહોલ્લામાં ઢેડ, ભંગી, ભોઈ, ભીલનો અખાડો કરવાનો ?" એમ કહીને રાસમણિએ બૂમ મારી : "સન્ધ્યા ? ઓ સન્ધ્યા ? ઘરમાં છે કે, અલી ?"

થોડી એક પડતર જમીનની પેલી બાજુએ રામતનું બાંડુજ્જેના ઘરનું પાછલું બારણું પડતું હતું. બૂમ સાંભળીને બારણું ઉઘાડી એક ૧૯–૨૦ વરસની યુવતીએ મોં બહાર કાઢી જવાબ આપ્યો : "કોણ બોલાવે છે ? ઓહ ! દિદિમા કે ? કેમ શું છે ?" બોલતી બોલતી તે બહાર આવી.

રાસમણિએ કહ્યું : "તારા બાપની અક્કલનું તે શું કહેવું ? તારા દાદા રામતનું બાંડુજ્જે—ભારે કુલીન હતા. તેના ઘરમાં આજે ભોઈ, ભીલ, રહેવા લાગ્યાં ? કેવું શરમાવા જેવું બાઈ !"

એમ કહી ગાલે હાથ ધરી વળી આગળ બોલવા લાગ્યાં :

---

*બેનર્જી–બંદોપાધ્યાય.

"તારી માને જરા બોલાવ. જગો એનું જે કરવા જેવું હશે તે કરશે, નહિ તો *ચાટુજ્જે દાદાને જઈને હું જાતે જણાવી આવું. જાતે જમીનદાર છે, કેવું મોટું માણસ! તે શું કહે છે એ તો જોઉં."

સંધ્યાએ ખૂબ નવાઈ પામી પૂછ્યું: "શું થયું છે, દિદિમા?"

"બોલાવને જરા તારી માને! તેને કહેતી જાઉં છું શું થયું છે તે!"

એમ કહી પૌત્રીને આગળ ધરી બોલ્યાં: "આ છોકરી મંગળવારના દહાડે બકરીના દોરડાને ઓળંગી ગઈ, પેલી ભોઈની લડધીએ લૂગડું ઉડાડી મારી છોકરીને અભડાવી—"

સંધ્યાએ ભોઈની છોકરીને પૂછ્યું: "તું અડી કે?"

એ બિચારી એ વખતે પણ બકરીનું બચ્ચું છાતીસરખું ચાંપી રાખી એક બાજુએ ઊભી હતી. રડું રડું થઈ જઈને આરોપનો અસ્વીકાર કરતી તે બોલી: "ના, મોટીબહેન—"

રાસમણિની પૌત્રી પણ સાથે સાથે જ બોલી ઊઠી: "ના, સંધ્યા દિદિ! એ મને અડી નથી, એ તો પણે થઈને—"

પણ તેની દાદીની ગર્જનાને લીધે એનું બોલવું એટલેથી જ અટકી ગયું.

"પાછી ના પાડે છે, હરામખોર! ચાલ, પહેલાં ઘેર ચાલને. અડી છે કે નહિ એ ત્યાં જઈને બતાવું છું."

સંધ્યા હસી પડી બોલી: "બેળે બેળે નવડાવશો તો એ બિચારી શું કરવાની હતી, દિદિમા!"

તેના હસવાથી રાસમણિ સળગી ઊઠયાં, ને બોલ્યાં: "બળજબરી કરું ના કરું એ મારે જોવાનું છે, પણ તારા બાપે શું કર્યું એ જોને! કયો ભદ્રલોક ઘરમાં હલકી વરણને પેસાડે, કહે જોઉં? લોકો બોલતાં બોલતાં કહે છે 'ભોઇ!' એ જ ભોઇને લાવી

---

*ચેટરજી—ચટ્ટોપાધ્યાય.

બામણના ફળિયામાં પેસાડયાં ! એ તો ભાઈ ! ઘરજમાઈ પણ ઘરજમાઈની માફક રહે તો શોભે."

પિતાને વિષે આવાં અપમાનકારક વચનો સાંભળી સંધ્યાનું મુખ ક્રોધથી લાલચોળ થઈ ગયું. તેણે પણ કડક રીતે જવાબ આપ્યો : "મારા બાપુ કંઈ પારકા ઘરમાં તો હલકી વરણનો ઉતારો આપવા ગયા નથી, દિદિમા ! સાચું લાગ્યું તો પોતાની જ જગામાં આશ્રય આપ્યો છે, તો એમાં તમારા પેટમાં આટલું બધું શાથી બળે છે ?"

"શાથી બળે છે ? જોવું છે તારે ? જરા ચાટુજ્જે દાદાની પાસે જવા દેને મને; પછી વાત."

"એ જ ને ! તો જઈને કહો, જાઓ. બાપુએ કંઈ એમની જમીનમાં ભોઈ વસાવ્યાં નથી કે એ મોટા માણસ થયા એટલે બાપુનું માથું ઉડાવી નાંખશે !"

"તો જો ત્યારે. નાને મોઢે મોટી વાત કરે છે ! હું......એ હવે તમને કશા હિસાબમાં જ નથી—ગોલક ચાટુજ્જે ! તારા બાપે હજુ એમને ઓળખ્યા લાગતા નથી ! ઠીક છે—"

હોહા સાંભળી જગદ્ધાત્રી બહાર આવ્યાં. તેમને જોતાં વેંત જ રાસમણિ અંગારાની માફક સળગી ઊઠચાં. ચિચિયારી પાડી આખા ફળિયાને ગજવી નાંખતાં બોલ્યાં : "સાંભળ જગો, આ તારી ડાહ્યલી દીકરીની બેતમા વાતો તો એક વાર સાંભળ ! ભણાવ ભણાવ હજી. મને કહે છે, જા, કહે તારા ગોલક ચાટુજ્જેને કે મારા બાપુનું માથું ઉડાવી નાંખે ! કહે છે, અમારી જમીનમાં ભોઈ ભંગીને રહેવા દીધાં એ અમારી મરજીની વાત છે—કોઈના બાપની જમીનમાં તો એમને વસાવ્યાં નથી ને !—એવા તો કંઈ મોટા લોક જોઈ નાંખ્યા જેનાથી જે થાય તે કરી લે. સાંભળ તારી છોકરીના બોલ, વાત જરા સાંભળ !"

જગદ્ધાત્રીએ આશ્ચર્ય અને ક્રોધપૂર્વક પુત્રીને પૂછ્યું : "કહ્યું'તું

તેં આવું બધું ?"

સંધ્યાએ માથું ધુણાવી કહ્યું : "ના, હું એવું કશું બોલી નથી."

રાસમણિ તેની જ સામે હાથ હલાવી ગર્જના કરી ઊઠયાં : "બોલી નથી ? આ બધાં સાક્ષી નથી ?"

પરંતુ બીજી જ ક્ષણે અવર્ણ્ય ચતુરાઈથી કંઠસ્વરને ઉચ્ચ સપ્તકમાંથી એકદમ ખાદનિખાદમાં ઉતારી પાડી જગદ્ધાત્રીને સંબોધી તેઓ કહેવા લાગ્યાં : "મા, મેં તો સારા માટે કહ્યું હતું. મંગળવારને દહાડે છોકરીએ બકરીનું દોરડું ઓળંગ્યું, એટલે મેં કહ્યું, 'અરે કોણે આમ રસ્તા ઉપર બકરું બાંધ્યું ?' ત્યાં તો આ ભોઈની છોડી દોડતી દોડતી આવી મારી છોકરીના મોઢા ઉપર એના લૂગડાની ઝાપટ મારતી ગઈ. પાછી કહે છે : 'ઠાકુર મહાશયની જમીનમાં બકરું બાંધ્યું છે, તમે કહેનાર કોણ ?' તેમાં તો મા, હું તારી છોકરીને બોલાવી જરા કહું છું કે, બહેન, આ કવેળાએ છોકરીને નહાવું પડશે, કાળચોઘડિયે બકરીનું દોરડું ઓળંગી ગઈ !—તે તારા બાપુ જો આ લોકોને એમના ભોઈવાડેથી અહીં લાવી રાખવાના હોય તો, બહેન, બકરાંફકરાં જરા જોઈ કરીને બાંધે એમ કહી દેજે—હલકી જાતના લોકોને આચારવિચારની ગતાગમ નહિ—નહિ તો ચાટુજ્જે દાદા જેવું મોટું માણસ—આ રસ્તે જ તો આવજા કરે છે—જતાં આવતાં વખતે રાતા પીળા થઈ જશે—મા, આટલું જ ! એટલામાં તો તારી છોકરીએ મારા પર હાથ ઉપાડવો જ બાકી રાખ્યો છે. કહે છે, જા, જા, તારા ચાટુજ્જે દાદાને બોલાવી લાવજે. એના જેવા મોટા લોકો તો કંઈ જોઈ નાખ્યા. એમના બાપની જમીનમાં ભોઈ ભંગી વસાવવા જઈએ ત્યારે તેમને કહેવું હોય તે કહે. હવે, તમે જ કહો તો, મા ! આમ તે છોકરીથી બોલાતું હશે ?"

જગદ્ધાત્રી અગ્નિમૂર્તિ થઈ બોલ્યાં : "બોલી'તી તું આવું બધું ?"

સન્ધ્યા આટલો વખત મૂંગે મોઢે વિસ્મયપૂર્વક રાસમણિના મોં તરફ જોઈ રહી હતી. માનો કંઠસ્વર સાંભળી ચોંકી પડી, ગરદન

ફેરવી, તે માત્ર બોલી : " ના. "

" બોલી નહોતી, તો શું માસી ખોટું કહે છે ? "

" કહે મા, જરા તારી છોકરીને ઠપકાનાં બે વચન કહે. "

સન્ધ્યાએ થોડી વાર મૌન રહી તેની બાના પ્રશ્નનો ઉત્તર વાળ્યો : " શી રીતે સમજાવું, બા ! કોણ ખોટું બોલે છે તે. પણ તારી પેટની છોકરી કરતાં આ કહેવાની માસીને વધારે ઓળખતી હો તો, ભલે એમ માન. "

એટલું બોલી બીજો પ્રશ્ન થાય તે પહેલાં જ ઉઘાડા બારણામાં થઈ ઉતાવળે પગલે તે અંદર ચાલી ગઈ. બંને જણાં ફાટેલી આંખે એ તરફ જ જોઈ રહ્યાં. અને વખત સમજી જઈ ભોઈની છોકરી પણ તેનું બકરીનું બચ્ચું બાથમાં લઈ ગુપચુપ ચાલી ગઈ.

રાસમણિ બોલ્યાં : " જોયું ને જગો, તારી છોકરીનો રૂવાબ ! કેવું બોલે છે ! સાંભળીને વાત ! કહે છે, ' કહેવાની માસી ! ' મોટા ઘરની છોકરી ખરીને—તેમાં જ તો ! નહિ તો, લગન થઈ ગયાં હોત અને આ ઉંમરે તો પાંચ છ છોકરાંની મા થઈ ગઈ હોત ! ' કહેવાની માસી '—સાંભળ્યું ને ! "

જગદ્ધાત્રી મૂંગાં રહ્યાં. અને રાસમણિ પોતે પણ પળવાર થંભી જઈ એકદમ પાછાં બોલી ઊઠ્યાં : " હેં, જગો, કહે છે અમૃત ચક્રવર્તીના છોકરાને તમે હજી યે ઘરમાં આવવા દો છો ! ખરી વાત ? "

જગદ્ધાત્રીના મનમાં ઊંડી શંકા ઉત્પન્ન થઈ.

રાસમણિએ આગળ ચલાવ્યું : " મેં તો પેલે દા'ડે પુલિનની માની સાથે ઝઘડો જ કરી મૂક્યો હતો ! મેં કહ્યું : એ તો જગદ્ધાત્રી—બીજું કોઈ નહિ ! હરિહર બાંડુજ્જે મહાશયની પૌત્રી, રામતનુ બાંડુજ્જેનું કન્યા ! એ લોકો તો શૂદ્ર ગણીને કાયસ્થના ઘરમાં પગ સુધ્ધાં મૂકે નહિ ! એ લોકો તે કદી આ મ્લેચ્છ છોકરાને ઘરમાં પેસવા દે ? શું કહો છો ! "

આ શુભેચ્છકની લાગણી આગળ શરમાઈ જઈ જગદ્ધાત્રી થોડુંક ફિક્કું હાસ્ય કરી બોલ્યાં : "ખરું કહો છો, માસી. પણ જાણો છો ને મા, નાનપણથી જ એની આ ઘરમાં અવરજવર છે, મને કાકી કહેતાં અરધો અરધો થઈ જાય છે. એટલે વરસને વચલે દહાડે કોઈ વાર આવે તો મોં ફાડી મારાથી શી રીતે કહેવાય કે, અરુણ, તું હવે મારે ઘેર પગ મૂકતો નહિ. બિચારા માબાપ વિનાના છોકરાને જોતાં જ કેવી માયા થાય છે!"

રાસમણિ પહેલાં તો અવાક્ થઈ ગયાં. પછી ક્રોધભર્યે અવાજે બોલ્યાં : "એવી માયા ગઈ ચૂલામાં!"

એકાએક એ ક્રોધ ખૂબ વધી પડ્યો અને એના પ્રમાણમાં અવાજ પણ એટલો ચડાવી રાસમણિ તડૂક્યાં : "એ નાત બહારિયા છોકરાને તમે કંઈ જેવો તેવો બદમાસ સમજો છો? એના જેવો બદમાસ આખા ગામમાં બીજો કોઈ નથી, એ તને કહી મૂકું છું. ચાટુજ્જે દાદા કંઈ જે તે માણસ છે?—એમણે પોતે, મોઢેમોઢ છોકરાને બોલાવરાવીને કહ્યું હતું : 'અરુણ! પૈસાટકાની આશા છોડી દઈ હવે ડાહ્યો થઈ ઘેર બેસ, જા. ગયો વિલાયત!' પણ એણે વાત ગણકારી? આવડા મોટા એક આબરુદાર માણસનું માન સુધ્ધાં રાખ્યું? ઊલટું વિલાયત જતી વખત મશ્કરી કરી કહે : 'વિલાયત જવાથી નાતબહાર થાઉં તોયે ખોટું શું છે? પણ ગોલક ચાટુજ્જેની માફક ઘેટાં બકરાં વિલાયત ચઢાવી પૈસા કમાવા ઇચ્છતો નથી; સમાજને માથે ચડી, મોટા ભા થઈ, લોકોની ગરદન કાપી ફરવું પણ નથી.' હત—હું જો તે વખતે ત્યાં હોત જગો! તો સાવરણીએ સાવરણીએ મુઆનું મોં સીધું કરી નાખત! આવા મોટા ગોલક ચાટુજ્જે! જે જમ્યા પછી પણ ગોમૂત્રથી મોં ધૂએ—એને આવું—"

જગદ્ધાત્રી નમ્ર કંઠે કહેવા લાગ્યાં : "પણ અરુણ તો કોઈની નિંદા કરતો નથી, માસી!"

"તો શું હું જૂઠું કહું છું ? ચાટુજ્જે દાદા પણ—"

"ના, ના એ શું કરવા જૂઠું બોલે ? તોયે, લોકો છે તે—અનેક વાત ઉપજાવી કાઢે છે."

"તારી તો એકની એક જ વાત છે, જગો ! કે લોકોને હવે ખાવા પીવાની જરૂર નથી એટલે વાતો ઉપજાવી કાઢે છે. ઠીક, તો વિલાયત જઈ આવીને એ શો મોટો હાથી થઈ આવ્યો ? શીખી શીખીને શીખી આવ્યો ખેતીનો ધંધો ! એ સાંભળી હસીને મારું તો પેટ દુખવા આવે છે. ચક્રવર્તી હો કે ગમે તે હો, પણ બામણનો છોકરો કહેવાય ! દેશમાં શું ખેડૂત નહોતો ? હવે શું તે હળ બળદ લઈને ખેતરમાં ખેડવા જવાનો છે ? આનાથી તો મરવું ભલું—બીજું શું !"

તેમના કંઠસ્વરની તીવ્ર સૌરભ ધીમે ધીમે ચોતરફ ફેલાવાની તૈયારી કરતી હતી; રખેને એની ગંધથી આકર્ષાઈ ફળિયાની કદરદાન મધમાખોનું ટોળું દોડતું આવી પહોંચે એવા ભયે જગદ્ધાત્રીએ આસ્તે આસ્તે કહ્યું : "પણ ઊભાં ઊભાં જ શું કરવા, માસી ! જરા ઘરમાં આવી બેસો, ચાલો !"

"ના, મા ! સાંજ પડી ગઈ છે, હવે બેસવું નથી. છોકરીનેયે હજુ નવડાવી ધોવડાવી ઘરમાં લઈશ ત્યારે. ભોઈની છોકરી નાસી ગઈ કે શું ?'

"હા, દાદીમા ! તમે બોલતાં હતાં એ વખતે જ. પણ એ મને અડકી નથી—"

"પાછી ના પાડે છે, હરામજાદી ! પણ જગો, હાથ જોડું છું, દીકરી, ફળિયામાં બીજી વાર ભોઈ ભંગીને પેસાડવી નહિ. જમાઈને કહી દેજે."

"જરૂર કહીશ, માશી ! હું કાલે જ એ લોકોને કઢાવી મૂકીશ. અને રહે તો અમારાં જ તળાવપાણી અભડાવાના ? એ લોકોનાં પાણીમાં અમારે જ પગ મૂકી ચાલવું પડે."

"તો એમ કહેને, મા! એવી રીતે પછી કંઈ જાતજન્મ રહે? હું પણ એ જ વાત કહેતી હતી. પણ આજકાલનાં છોકરાંને કશું ક્યાં ગળે ઉતરે છે! એટલે જ તો—ચાટુજ્જે દાદા તે દહાડે સાંભળીને સડક થઈ જઈ બોલ્યા હતા: 'રાસુ, અમારી જગદ્ધાત્રીની છોકરીને એના બાપ ભણાવે ગણાવે છે નહિ? એ લોકો આ શું લઈ બેઠાં છે? ના કહી દે—ના કહી દે—છોકરીઓ લખતાં વાંચતાં શીખશે તો એકદમ હાથમાંથી જશે"

જગદ્ધાત્રીના ભયની સીમા રહી નહિ. તે બોલી: "ચાટુજ્જે મામા બોલ્યા હતા?"

"ના બોલે? એ રહ્યા સમાજને માથે, ગામના જમીનદાર. એમને કાને કઈ વાત પહોંચતી નથી, બોલ! આ અમે જ, જોને, ઘરડાં થવા આવ્યાં—ભણ્યાં ગણ્યાં કશું જ નથી, પણ બોલ જોઉં, કયું શાસ્તર હું નથી જાણતી? કોઈના બાપની મગદૂર છે કે બોલે, રાસિ બામણીએ એક કામ પણ શાસ્તર વિરુદ્ધ કર્યું છે. આ છોકરી બકરીના દોરડાને ઓળંગી ગઈ કે તરત મેં ચમકી ઊઠી બૂમ મારી, અરે છોડી, કર્યું શું? આજે મંગળવારનું કાળચોઘડિયું? જોઉં તો કયો પંડિત કહેવા આવે છે કે ના, એમાં દોષ નથી! એમ બને જ નહિ, મા! એમ બને જ નહિ. અમે તો માબાપની પાસે બધું શીખેલાં. પણ બોલાવ જોઉં, તારી ભણેલી ગણેલી છોકરીને—જો, એને કેવું બોલતાં આવડે છે!"

જગદ્ધાત્રીએ ચુપચુપ ભૂલ સ્વીકારી લઈ કહ્યું: "જરા બેઠાં હોત તો, માસી!"

"ના રે બા, સાંજ પડી ગઈ છે—બીજે કોક દા'ડો આવીશ. લે ખેંદિ, ઘેર ચાલ."

એટલું કહી પૌત્રીને આગળ કરીને થોડાંક પગલાં ચાલી, વળી એકદમ પાછાં ફરી ઊભાં રહીને બોલ્યાં: "હેં જગો, આવો મૂરતિયો હાથથી શું કરવા જવા દીધો, કહે જોઉં?"

"ના, જવા દીધો તો નથી, પણ છે તે ઘરબાર કશું નથી, અવસ્થા પણ થઈ છે—તમારા જમાઈના જેવું નહિ થાય?"

રાસમણિ આશ્ચર્ય પામી ચમકી પડી ઊભાં રહ્યાં ને બોલ્યાં: "જોયું આ બોલે છે તે! કહું છું, એને ઘર નથી પણ તારે તો છે ને? તારે બીજું કંઈ છોકરું નથી, કે એની ચિંતા કરવાની હોય. એકની એક છોકરી છે; તો તેને ઘરજમાઈ રાખી માંડી આપ્યું હોત તો શું ખોટું હતું, કહે? અને ઉંમર? કુળવાનના છોકરાને ૪૦–૪૨ વરસ તે કંઈ ઉંમર કહેવાય? રસિકપૂરના જયરામ મુખર્જીનો દોહિત્તર! એની વળી ઉંમર કોણ પૂછે છે, જગો! અને વળી છોકરીની ઉંમર તો જરા વિચાર કર. હજુયે ઠેલ્યા કરીશ તો લગન કરશે ક્યારે? છેવટે શું તારી નાની ફોઈની માફક જિંદગી આખી કુંવારી રાખવી છે?

જગદ્ધાત્રીએ શરમની લાગણી અનુભવી કહ્યું: "હુંયે એ જ કહું છું માસી, પણ છોકરીના બાપ છેક—"

વાત પૂરી કરવા દેવાની ધીરજ પણ રાસમણિમાં રહી નહિ. તે સળગી ઊઠી બોલ્યાં: "કહે જ તો છોકરીનો બાપ! ઓહ! એમને પોતાને જ જાણે કેટકેટલા ઘરબાર ને જમીનદારી હશે! તમારી વાત સાંભળીને તો હસવું આવે છે, બાપુ! પેલા અરુણની સાથે રાતદહાડો બેસવું, ઊઠવું, ગાવું બજાવવું,—કહે છે કે હુક્કો પાણી સુધ્ધાં ચાલે છે—એ આવું ન કહે તો શું ચાટુજ્જે દાદા કહે? હદ કરી, જગો, પણ એયે કહી દઉં છું, બેટા, ઘર ને વર મળ્યાં છે ત્યારે અતિ લોભ કરી હાથમાં આવ્યું ગુમાવીશ નહિ. તારી નાની ફોઈ ગોલાપી કુંવારી ને કુંવારી મરી ગઈ; તારા બાપની મોટી ને વચલી બંને ફોઈનાં લગન જ થયાં નહોતાં. અને તારુંયે કઈ ઉંમરે લગન થાત, બેટા!—જો તારાં માબાપ કાશીએ જઈને ના રહ્યાં હોત તો! વેવાણ કાશીની રહીશ, પૈસા કંઈ આપવા લેવાના ન હતા, જમાઈ નિશાળમાં ભણતો હતો—ઘર વર જેવાં મળી ગયાં કે ઝપાટામાં હસ્તમેળાપ કરાવી દઈ,

વરકન્યાને લઈને દેશમાં પાછાં આવી રહ્યાં. ભાંગી પડવાની બીકે તો લગન પહેલાં કોઇનેયે ખબર સુધ્ધાં આપ્યા ન હતા! એ તો સારું જ કર્યું હતું, નહિ તો લગન થાત કે નહિ એ કોણ જાણે! લે, ખેંદિ! ચાલ. જયરામ મુખજ્જેની છોકરીનો છોકરો—તેનાં વળી ઘરબાર, તેની વળી ઉંમર, તે વળી કાળો ઘેલો—હજી તો કંઈ કંઈ સાંભળીશું! લે, આગળ થા, બેટા! હવે મોડું કરીશ નહિ. કપડાંબપડાં ધોતાં, દીવો સળગાવી પૂજાપાઠ કરતાં આજે એક પહોર રાત વીતી જશે, એમ લાગે છે. પણ એયે કહું છું, બાપુ, કે ખ્રિસ્તી બ્રિસ્તીને ઘરમાં પેસવા દેવો, અને છોકરી સાથે ઠઠ્ઠામશ્કરી કરવા દેવી, એ સારું નહિ. વાત ચૂંથાઈ જશે, પછી છોકરીને પાત્ર મળવું ભારે પડશે. લે ખેંદિ, ચાલ તો. પારકાની વાત આવતાં તનેય હાલવું ગમતું નથી!"

બોલતાં બોલતાં પૌત્રીને આગળ કરી રાસમણિ જતાં હતાં. જગદ્ધાત્રી શંકાશીલ અને ફિક્કે મોઢે થોડી વાર એ જ દિશામાં જોઈ રહ્યાં. એકાએક જાણે તેમની ચમક ભાંગી ગઈ. તે બોલી ઊઠયાં: "ઓ મા ખેંદિ, જરા ઊભી રહે તો, બેટા! ખેતરમાંથી કાલે થોડાં રવૈયાં અને થોડી કૂણી દૂધી આવી હતી. એમાંથી થોડાં વેંગણ ને દૂધી લેતી જા, મા—આ હું હમણાં લઈ આવું—"

એમ કહી ઉતાવળાં ઉતાવળાં ઘરમાં જતાં હતાં, એ જોઈ રાસમણિ આનંદ પામી વિસ્મિત થઈ બોલી ઊઠયાં: "ઓહો! મા, રવૈયાં અત્યારમાં થઈ ગયાં કે?"

આમ કહી બીજી જ ક્ષણે કંઠસ્વર નરમ કરી દઈ પૌત્રીને કહ્યું: "અરે ખેંદિ, બળ્યાં મોંની! ઠૂંઠાંની જેમ ઊભી રહે છે, સાથે જાને!"

અને બીજી ક્ષણે જ તેને પાછળથી બૂમ મારી કહ્યું: "દોડતી આવજે ખેંદિ—હું ત્યાં સુધી જતી થાઉં છું."

સામેના એક ઓટલા ઉપર બેઠી બેઠી સન્ધ્યા એકાગ્ર ચિત્તે સીવણ કરતી હતી. જગદ્ધાત્રી આહ્નિક પૂરું કરી પૂજાની ઓરડીમાંથી બહાર આવી થોડી વાર પુત્રી ભણી એકીટશે જોઈ રહી બોલ્યાં: "સવારથી આ શું બધું સીવવાનું લીધું છે, સન્ધ્યા! આ બપોર ચડવા આવ્યા—ના'વું ખાવું નથી કે શું? પરમ દા'ડે તો હજુ તાવમાંથી ઊઠી છે, વળી પાછો પિત્ત વધી તાવ આવે તો મને કહેજે!"

સંધ્યાએ દાંત વડે વધારાનો દોરો કાપી નાખી કહ્યું: "બાપુ તો હજી આવ્યા નથી, બા."

"તે ખબર છે. મફતની દવા કરવામાં કેટલો વખત કાઢે છે એય સમજાતું નથી. તે ભલેને ન આવ્યા, હું તો છું તારે ને! ભૂખે મરવાની શી જરૂર?" સંધ્યા ગુપચુપ કામ કરવા લાગી; તેણે જવાબ આપ્યો નહિ. તેની બાએ પૂછ્યું: "શું સીવવા બેઠી છે, અલી?"

છોકરીએ અનિચ્છાપૂર્વક અસ્પષ્ટ કંઠે જવાબ આપ્યો: "આ બે બટન ચોડું છું."

"જાણું છું, મા, એ જાણું છું. નહિ તો મારું લૂગડું સાંધવા કેમ ન બેઠી એમ ન પૂછત? પણ કેટલી બાપની દરકાર રાખનારી થઈ પડી છે? જાણે દુનિયામાં તેમનું બીજું કોઈ છે જ નહિ! ક્યાં બટન નથી. ક્યાં ધોતિયાને છેડે કાણું પડ્યું છે, ક્યા પહેરણને ડાઘો પડ્યો છે, જોડા ચંપલના ટાંકા ક્યાંથી તૂટી ગયા છે—એમાં ને એમાં રાતદહાડો કાઢે છે. એ સિવાય સંસારમાં બીજું કશું જાણે કામ જ નથી તારે!"

સંધ્યા ઊંચું જોઈ જરા હસીને બોલી: "બાપુને તો કશી

ખબર જ પડતી નથી, બા!" જવાબ સાંભળી તેની બાને આનંદ થયો નહિ, તે બોલી: "શી રીતે ખબર પડે? મફતના વૈદામાંથી વખત મળે ત્યારે ને: કહું છું, પેલી ભોયણ રાંડો ગઈ?"

"ન જાય તો શું કરે?"

"પણ એ ક્યારે ગઈ? આભડછેટ ઘાલી નાતજાત વટલાવી દીધા પછી? વળી પાછી તું તો દોરો પરોવવા લાગી! ઊઠવું નથી કેમ?"

"તું જાને બા, હું આ હમણાં આવી."

"રે! આવા માંદલા શરીરે તું તને ફાવે તેમ કરે છે. મા! તમારા બે જણની સાથે માથાઝીક કરી કરીને મારું તો માથું પાકી ગયું. ઘરમાં મારી કશી જરૂર નથી રહી—હવે તો હું સાસુની પાસે કાશીએ જઈ રહીશ—એ તમને ચોખ્ખે ચોખ્ખું કહી દઉં છું."

એટલું કહી જગદ્ધાત્રી ગુસ્સે થઈ એક પિત્તળનો ઘડો લઈ પાછલે બારણે થઈ તળાવ ભણી ઉતાવળાં ઉતાવળાં ચાલી ગયાં.

સંધ્યા નીચું મોં કરી સહેજ હોઠમાં હસી; તેણે માને કશો જવાબ આપ્યો નહિ. તેનું સીવવાનું લગભગ પૂરું થયું હતું. સોયદોરો વગેરે તરત માટે એક નાની સાબુની દાબડીમાં ગોઠવી રાખી ઊઠવાની તૈયારીમાં હતી—એટલામાં તેના પિતાનો ઘાંટો સાંભળી ચમકી પડી ઊંચું જોયું. તેઓ હંમેશાં કામમાં વ્યસ્ત દેખાતા—હમણાં જ ઘરમાં આવ્યા છે, હાથમાં હોમિયોપથિની દવાની એક નાની પેટી છે, અને બગલમાં કેટલાંક ડાક્ટરીનાં પુસ્તકો દબાવેલાં છે. છોકરીને જોતાં વેંત બોલી ઊઠ્યા: "સંધ્યા, ઊઠ તો મા, ચપ દઈને મારી મોટી દવાની પેટી જરા—શું કરું કશું સમજાતું નથી—આવી મુશ્કેલીમાં—"

સંધ્યાએ ઊતાવળે ઊતાવળે ઊભા થઈ પિતાના હાથમાંથી પેટી અને ચોપડીઓ લઈ એક બાજુ મૂકી દીધાં; પછી અગાઉથી પાથરી રાખેલી સાદડી ઉપર હાથ પકડી તેમને બેસાડી દઈ પવન નાંખતી

નાંખતી બોલી: "આજ કેમ તમને આટલી બધી વાર લાગી બાપુ?"

"વાર! મને શું ના'વા ખાવાની ફુરસદ મળે છે એમ તને લાગે છે? જે દરદીની પાસે ના જાઉં તેને ગુસ્સો લાગે, તેને ખોટું લાગે. પ્રિય મુખુજ્જેના× હાથની છાંટો દવા ના પીએ તો જાણે કોઈ બચે જ નહિ! એમની આ બીક તદ્દન ખોટી છે એમ તો હું શી રીતે કહી શકું? પણ પ્રિય મુખજ્જે તો એક જ છે—બે નથી! એમને કહું છું—આ નંદ મિતિર ગમે તેમ તો પણ પ્રેક્ટિસ તો કરે છે—દવા દારૂનું છેક નથી જાણતો એમ પણ નથી—પણ એ શાનાં માને? મુખુજ્જે મહાશય વગર ચાલે જ નહિ! અને એ ડાક્ટરોનેય શું કહું? એક પણ પણ દવાનું સિમ્પ્ટમ મોઢે કરતા હોય તો કે! અરે! એ કંઈ એટલું સહેલું નથી—એટલું સહેલું નથી! નહિ તો બધા જ ડાક્ટર થઈ બેસત! બધા જ પ્રિય મુખુજ્જે થાત!"

"બાપુ, જમો ઉતારોને—"

"કાઢું છું, મા. આ આજે જ—ઝટ દઈને તેં પલ્સેટિલી આપી દીધી—પ્રેક્ટિસ તો કરે છે પણ કહે જોઉં, એની શી અસર થશે! જોઉં તો ખરો કે મારી માફક કેવું તને જીભને ટેરવે બોલી જતાં આવડે છે! સંધ્યા! જરા ચોપડી ઉઘાડ તો! એક વાર પલ્સેટિલા—"

"તમારે હવે ચોપડીનું શું કામ છે, બાપુ! ખાઈ કરીને પછી એ દવા તમારી પાસે હું શીખી લઈશ. શિખવાડશોને બાપુ?"

"શિખવાડીશ, મા શિખવાડીશ. નોક્સની સાથે મૂળમાં જ મતભેદ છે—પેલી ચોપડી જરા—"

"તમારે પગે એટલીવાર તેલ ચોળી આપું, બાપુ? ખૂબ

×મુખર્જી—મુખોપાધ્યાય.

મોડું થઈ ગયું છે—મારી બા પાછી ચિડાશે." આમ કહી તેણે જરા ઉદ્વેગપૂર્વક જોઈ લીધું કે તેની બા ઘાટ ઉપરથી પાછી આવી છે કે નહિ. અને પછી પિતા કંઈ ના પાડે તે પહેલાં જ તેલની વાડકીમાંથી થોડુંક તેલ લઈ તેમને પગે ચોપડી દીધું !

"અંહ......જરા સબૂર કરવી'તી ને, મા ! એક વાર જોઈ લઈ—"

"આજે કોને કોને તપાસ્યા બાપુ ? વારુ, પંચા માછીના દાદા—"

"એ ડોસો ? મારો દીકરો એ તો મરવાનો જ છે. તું જોજે ને સંધ્યા ! અને પેલા પરાણ ચાટુજ્જે—એ હરામજાદા ઉપર હું કેસ માંડીશ ત્યારે છોડીશ. જેવો કોઈ દરદી મારી પાસે આવ્યો કે તરત એને એ ભંભેરવાનો—નહિ તો એક દિવસથી વધારે કોઈ મારી દવા ખાતું નથી, એમ કેમ બને ?—એ બધું પેલા લુચ્ચા ડામીસ પાજી ઉલ્લુને જ લીધે ! એણે શું કર્યું છે જાણે છે ? પંચાના દાદાને જેવી એક દવા સિલેક્ટ કરી આપીને આવું છું ત્યાં તો મારો બેટો પાછળ પાછળ જઈને પૂછે છે, જોઉં તો, શું આપ્યું ?"

સંધ્યાએ ક્રોધભર્યા અવાજે કહ્યું :

"પછી ?"

તેના પિતા એના કરતાં પણ વધારે ક્રોધયુક્ત અવાજે બોલ્યા : "મારો દીકરો કમજાત ગટક ગટક આખી શીશી પી ગયો ને પછી કહે, 'ધૂળ જેવી દવા ! એ તો બધી હું પી ગયો. પણ મારી દવા એ પીએ તો ખરો !' એમ કહી એક શીશી એરંડિયું એ આપતો આવ્યો. હવે એ લોકો કહે છે, 'ઠાકુર, તમારી દવા તો એ એક ઘૂંટડે પી ગયો, હવે તેની દવા તમે પી જાઓ તો તમારી દવા અમે પીએ, નહિ તો નહિ.'"

સંધ્યા ભયથી વ્યાકુળ થઈ બોલી : "તમે પીધી તો નથી ને, બાપુ ?"

"ના રે—એમ તે કંઈ પીઉં ? પણ, આટલી વાર લગી ઘેર ઘેર રખડતો ફર્યો, છતાં કોઈ દરદી મળ્યો નહિ. પરાણે ઉપર હું જરૂર કેસ સાંડીશ. સાચું કહું છું, સંધ્યા."

ક્ષોભ અને રીસને લીધે સંધ્યાની આંખોમાં પાણી આવવા લાગ્યું. આ પિતાને જગતનાં સર્વ પ્રકારનાં આઘાત, ઉપદ્રવ, લાંછના અને ઉપહાસ–પરિહાસમાંથી બચાવવા માટે જાણે તે પોતાના દશે હાથ પ્રસરીને તેનું રક્ષણ કરતી હતી.

સજળ કંઠે તે બોલી : "બાપુ, શું કરવા તમે બીજાને માટે તડકામાં રખડતા ફરો છો ? કંઈ કંઈ લોકો તો અહીં ઘેરે તમારી પાસે દવા લેવા આવી આવીને પાછા ગયા."

આ વાતમાં પૂરેપૂરું સત્ય ન હતું. ગામડાના ગરીબ દુઃખી લોકો દવા લેવા આવેલા એ વાત સાચી, પરંતુ તે સંધ્યાની પાસે આવ્યા હતા, તેના પિતાની પાસે નહિ. બાપની પાસેથી જ તે થોડું ઘણું વૈદું કરતાં શીખી હતી, પણ તેની આપેલી દવા મોટે ભાગે નિષ્ફળ જતી નહિ. પણ બાપથી તો દરદીઓ યમરાજની માફક બીતા હતા, એટલે તેઓ કાળજીપૂર્વક અગાઉથી ખબર કાઢી જઈને એવે સમયે જ ઘર આગળ આવતા કે જેથી ઓચિંતા મુખુજ્જે મહાશયના હાથમાં ઝપટાઈ ન પડાય. સંધ્યા આ વાત જાણતી, પણ બાપની ખાતર જૂઠું બોલતાં તેને લાગતું નહિ.

પરંતુ પિતા એકદમ હાંફળા ફાંફળા બની ગયા : "પાછા ગયા ? કોણ કોણ ? કયા કયા ? કેટલી વાર થઈ ગયે ? કયે રસ્તે ગયા ? નામ ઠામ કંઈ પૂછી લીધાં છે ખરાં ?"

સંધ્યા મનમાં મનમાં અત્યંત ભોંઠી પડી જઈ બોલી : "નામ-ઠામની આપણે શી પડી છે, બાપુ ? એ લોકો પોતાની મેળે જ હમણાં આવશે."

"આહ—તમારાથી તો તોબા હવે. નામ પૂછી લેતાં શું થયું ? હમણાં જ જરા આંટો ખાઈ આવત, મોડું થતાં કદાચ

સ્થિતિ ભયંકર થઈ જાય. કંઈ કહેવાય નહિ, અત્યારે એક ટીપાથી મટાડી દેત."

સન્ધ્યા ચૂપચાપ તેલ ચોળવા લાગી, કંઈ બોલી નહિ.

પિતાએ ફરી પૂછ્યું : "ક્યારે આવવાનું કહી ગયા છે?"

"સાંજરે કદાચ—"

"કદાચ? જો, કેવી ભૂલ થઈ ગઈ! ધાર કે એવું બન્યું ને ન આવી શક્યા તો? અરે પણ—ઓ સન્ધ્યા! બિપનાની પાસે તો એ લોકો પહોંચી ગયા નથી ને? પરાણ હરામજાદો તો આવાની શોધમાં જ હોય છે. એને તો આની ખબર નથી ને? ના બાપ, હવે મારાથી આ નથી ખમાતું. ઘરમાં શું ચપટી ધાણીમમરાયે નહોતા? બે દાણા આપીને કલાકેક બેસાડી રખાય નહિ? હું ન કહું, હું ન જાઉં એ કશું તમારાથી—કોણ એ? કોણ ડોકિયું કરે છે, રે? અંદર આવ ને, અંહ, રામમય કે? લંગડાય છે શાથી? કહે જો!"

તેમનું ભાવભર્યું નિમંત્રણ અને મમતાળુ અવાજ સાંભળી ખેડૂત જેવો દેખાતો એક મધ્યમ વયનો માણસ આંગણામાં આવી ઊભો રહ્યો અને કેવળ બેપરવાઈથી બોલ્યો : "જી, કંઈ નહિ, એ તો અમથું—"

"કંઈ નહિ? વાહ! સાચેસાચ લંગડાતો હતો ને? અરે, તેલ ચોળવું રહેવા દે ને, સંધ્યા?—શું કંઈ નથી? ચોખ્ખો આરનિકાનો કેસ દેખાય છેને—ના, ના, મશ્કરી નથી. રામમય, દેખાડ જોઉં, તારો પગ."

પગ દેખાડવાનું સાંભળી રામમય એક વાર કરુણ દૃષ્ટિથી સંધ્યા તરફ નજર નાખી બોલ્યો : "જી, હા! આ પગ જરા મચકોડાઈ જવાથી કાલે પડી ગયો હતો."

પ્રિય બાબુ પુત્રી ભણી દૃષ્ટિપાત કરી જરા હસીને બોલ્યા : "જોયું ને સંધ્યા, દેખતાંવેંત જ કહ્યું કે નહિ આરનિકા? અમે તો જોતાંવેંત ઓળખી કાઢીએ. હં, પડી ગયો કેમ કરતાં?"

“ જી, આ કહ્યુંને પગ મચકોડાવાથી. દરવાજાની પાસે જ પાણી જવાની એક નાની નીક ઉપરથી છોકરાઓએ પાટિયું ખસેડી નાખ્યું હતું. ધ્યાન ના રહ્યું—”

“ ધ્યાન ના રહ્યું ? ઍગ્નોસ—ઍપિસ !—સંધ્યા, ધ્યાનમાં રાખજે : બધાસાં સ્વભાવ એ જ ખરી વસ્તુ છે. મહાત્મા હેરિંગ કહી ગયા છે—હં, ધ્યાન ના રહ્યું—પછી શું થયું ? ”

“ જેવો પગ આગળ મૂકું કે તરત જ લથડિયું ખાઈ—”

“ રહે, રહે. હમણાં તો કહેતો હતો મચકોડાઈ ! મચકોડાવું અને લથડિયું ખાવું એક નથી, રામ ! ”

“ જી ના. તે મચકોડાઈ ગયો એ સાચું. ”

“ હં—ધ્યાન નથી રહેતું ! બરાબર છે, યાદ રહેતું નથી, હમણાં બોલે છે ને હમણાં ભૂલે છે ! ઍગ્નોસ ! ઍપસ ! હં પછી–? ”

“ પછી વળી શું ઠાકુર મશાઈ ? કાલથી પીડાને લીધે પગ પણ મૂકી શકાતો નથી. ”

આમ કહી તેણે આતુર આંખે એક વાર સંધ્યા તરફ જોઈ લઈ નિસાસો નાખ્યો.

સંધ્યા ઉતાવળી ઉતાવળી બોલી : “ બાપુ ! બપોર ચડવા આવ્યા—જરા આરનિકા—”

“ આહ—રહે ને સંધ્યા, કેસનો સ્ટડી તો કરવા દે ! સિમિધિયા સિમિલિબસ ! દવા સીલેક્ટ કરવી એ કંઈ છોકરાંના ખેલ નથી ! બદનામી આવી જાય । હં, પછી ? પીડા કેવી થાય છે, કહે જોઉં રામમય. ”

“ જી, ખૂબ પીડા થાય છે, ઠાકુર મશાઈ. ”

“ આહા...એમ નહિ, એમ નહિ. પણ કઈ જાતની પીડા ? ઘર્ષણવત કે મર્ષણવત ? સૂચિવિદ્ધવત કે વૃશ્ચિકદંશનવત ? કણ કણ થાય છે કે ઝણ ઝણ થાય છે ? ”

“ જી હા, બરાબર એવું જ થાય છે. ”

"એટલે ઝણ ઝણ કરે છે? હં, પછી?"

"પછી શું થાય ઠાકુર મશાઈ! કાલથી તો પીડાથી મરી જાઉં છું—"

"રહે, રહે! શું બોલ્યો? મરી જાય છે?"

રામમય અધીરો થઈ ગયો હતો, તે બોલ્યો: "હાસ્તો મુખુજ્જે મશાઈ! ખોડંગતો ચાલું છું પગ મૂકાતો નથી—તે મરવા કરતાં બીજું શું? અને વળી છોકરાં પાછાં એવાં કમજાત છે—કહેવું સાંભળે નહિ, ના કહીએ તો માને નહિ—એ પાટિયા વગર જાણે એમનાથી રમાતું જ નથી! વળી કોક દહાડો અંધારે પડી મરીશ, એમ લાગે છે. ગમે તે એક દવા આપો, આપો ઠાકુર મશાઈ—બહુ મોડું થઈ ગયું!

"બાપુ, આરનિકા બે ટપકાં—"

પ્રિયબાબુ દીકરી તરફ જોઈ જરાક હાસ્ય કરી બોલ્યા: "ના, મા! ના. આરનિકાનો કેસ નથી. બિપનો હોત તો એ જ આપી બેસત! ચાર ટપકાં એકોનાઈટ ત્રીસ પરસંટ. તું બબ્બે કલાકને આંતરે લેજે."

સંધ્યાએ બંને આંખો પહોળી કરી પૂછ્યું: "એકોનાઈટ, બાપુ?"

"હા, મા, હા. મૃત્યુભય! મૃત્યુભય! 'પડીને મરી જઈશ' એમ કહે છે! સિમિલિબસ ક્યુરેન્ટાર! મહાત્મા હેરિંગ કહે છે, રોગની નહિ, રોગીની દવા કરવી. મૃત્યુભય ઉપર એકોનોઈટ રામબાણ દવા છે! બિપનો હોત—હં......તોયે, તોયે એ હરામજાદાએ દવા કરવા આવે છે! રામમય શીશી લઈ જા મારી દીકરી પાસેથી. મોડી સાંજે આવીને હું જોઈ જઈશ. ખરું—પરાણ જો આવીને પૂછે છે કે જોઉં, શું આપ્યું? તો ખબરદાર! શીશી બતાવતો નહિ; હરામજાદો ગટક ગટક કરતો બધું પી જઈ, પાછો એરંડિયું રાખી જશે! ઉફ્—પેટ અમળાઈ અમળાઈ ઊઠે છે!"

રામમયને દવા આપવા સંધ્યા ઊઠી ઊભી થઈ હતી; ભયથી વ્યાકુળ કંઠે બોલી ઊઠી : "એ બધું એરંડિયું તમે પી આવ્યા નથીને બાપુ?"

"ના—ઊફ—લોટો ક્યાં છે રે?"

"તો તમને આ—"

"ના—ના—ના—લાવને, જલદી! બળ્યા ઘરમાં કશુંયે કદી મળે છે ક્યાં! તો રહેવા દે લોટો—" બોલતા બોલતા પ્રિયબાબુ ઊંચે શ્વાસે પાછલે બારણેથી બહાર ચાલ્યા ગયા.

રામમય બોલ્યો : "બહેન, તો દવા પછી—"

સંધ્યા ચકિત થઈ બોલી : "દવા? હાં, હમણાં જ આણી આપું."

"એ તમે કહ્યુંને 'આરનિ'—નહિ? એ જ બે ટીપાં મને આપો, બહેન! મુખુજ્જે મહાશયની દવા કદાચ વળી—"

સંધ્યા હૃદયમાં દુઃખી થઈ બોલી : "મને શું બાપુ કરતાં વધારે આવડે છે, રામમય?"

રામમયને શરમ આવી—તે બોલ્યો : "ના—એમ નહિ—તો પણ મુખુજ્જે મહાશયની દવા ખૂબ તેજ હોય છે. ને બેન!—હું રોગી માણસ—છતાં જઈને તરત છે તે સાંતેના માધુને સમજાવી કરીને અહીં મોકલું છું—કાલથી એને ઝાડા થાય છે—ઠાકુરદાની દવા આપવાથી એને સારું થઈ જશે. મને તો તમારી જ દવા આજે આપો દિદિમણિ."

સન્ધ્યાએ ખિન્ન મુખે કહ્યું : "વારુ, આવ અહીં."

એટલું બોલી તે રામમયને સાથે લઈ વરંડામાં થઈ પાસેની એક ઓરડીમાં ચાલી ગઈ.

જગદ્ધાત્રી દેવસેવાને માટે એક ઘડો પાણી લાવવા તળાવે ગયાં હતાં. ઘરમાં પેસતાં જ ઊમરા ઉપર ધબ દઈને ઘડો મૂકી દઈ ક્રોધમાં બૂમ પાડી ઊઠ્યાં : "સંધ્યા?"

સન્ધ્યાએ ઓરડીમાંથી જ જવાબ આપ્યો : " આવું છું, બા ! "

તેની બાએ કહ્યું : " તારા બાપુ હજુ પાછા આવ્યા નથી ? ત્યારે તો આજે ઠાકુરપૂજા થઈ રહી ! "

છોકરી બહાર નીકળી બોલી : " બાપુ તો બહુ વાર થયા આવ્યા છે, બા. તેલ ચોળી નહાવા ગયા છે. "

" ક્યાં, તળાવ પર તો જણાયા નહિ ? "

તેઓ ક્યાં ગયા હતા એ સન્ધ્યા જાણતી હતી. જરા ચૂપ રહી તે બોલી : " આજે કાં તો નદીએ નહાવા ગયા હશે. બહુ વાર થઈ—હમણાં આવ્યા જાણ. "

જગદ્ધાત્રી જરાયે શાંત પડી નહિ, ઊલટી વધારે ઉગ્ર અવાજે બોલવા લાગી : " એમની સાથે મારાથી તો હવે નભાવાશે નહિ, સન્ધ્યા, કાં તો એ અહીંથી જાય, કે પછી હું જાઉં. કેટલીવાર કહ્યું કે ભટ્ટાચાર્ય મહાશય આવી શકશે નહિ, આજે સવારે વહેલા પાછા આવજો. તોય આટલો દિવસ ચડી ગયો !—ઠાકોરજીને માથે જળ સુધ્ધાં પાડ્યું નથી—તે સિવાય કાલે રાતે શું કરી આવ્યા છે જાણે છે ? વિરાટ હજામના વ્યાજના બધા પૈસા માફ કરી દઈ એકદમ રસીદ આપી આવ્યા છે. "

સન્ધ્યા વહેમાઈને બોલી : " કોણે કહ્યું ? મા ! "

" કેમ, વિરાટની સગી બેન કહી ગઈ ! ભાભીને લઈને તે તળાવે નહાવા આવી હતી. "

સન્ધ્યાએ જરા હસવાનો પ્રયત્ન કરી કહ્યું : " એ ભાઈબેનને ઝઘડો છે, કદાચ વાત સાચી નહિયે હોય. "

તેની બા ગુસ્સે થઈ બોલી : " કેમ ? પણ તું બધું શું કરવા ઢાંકવાનું કરે છે, કહે તો ? તાવનું નામ દઈ વિરાટ બોલાવી ગયો, દવા લીધી; ધન્વંતરી કહીને ચરણરજ લીધી. જમીનદાર કહીને, ગૌરીસેન કહીને, દાઢીમાં હાથ ઘાલ્યો. લોકો તો વાત સાંભળી હસીને ગૂંચળું વળી જાય છે ! પૈસા ગયા તો ગયા—પણ મનમાં એવું થયું

કે હવે ઘેર પાછા જવાનું કામ નથી—આ ઘડો લૂગડામાં વીંટી તળાવમાં ડૂબી મરું. આજ કાલ તો હદ આવી ગઈ છે. સન્ધ્યા! હું તે ઘર ચલાવું શી રીતે?"

"કેટલા રૂપિયા, બા?"

"કેટલા? દસબાર રૂપિયાથી ઓછા નહિ. એક મૂઠી રૂપિયા ફાવે તેમ—"

વાત તેની પૂરી થઈ નહિ. પ્રિયબાબુએ ભીને લૂગડે હાંફળા ફાંફળા બની ઘરમાં પેસતાં પેસતાં જ જોસથી બૂમ પાડી: "સન્ધ્યા, ટુવાલ—ટુવાલ—ટુવાલ જરા આપી જા તો, મા. એકોનાઈટ ત્રીસ પરસંટ—પેટીના ખૂણામાં છે—"

જગદ્ધાત્રી અગ્નિની માફક ભભૂકી ઊઠી બોલ્યાં: "તમારું એકોનાઈટ કાઢું છું હમણાં. સસરાના ધાન ઉપર જમીનદાર થઈ બેસવામાં કંઈ શરમ આવતી નથી તમને? કોણે કહ્યું'તું વિરાટ નાપતિનું વ્યાજ છોડી દેવાનું? કોની જગામાં તમે ભીલ ભોઈ લાવીને વસાવો છો? કોની જમીન તમે 'ગોચર' કરીને દાનમાં આપી આવો છો? આખી જિંદગી તમે હાડમાંસ મારું બાળી ખાધું! આજે કાં તો હું ઘરમાંથી જાઉં કે તમે જાઓ."

સન્ધ્યાએ તીવ્ર કંઠે કહ્યું: "બા, બપોરને વખતે તેં આ શું બધું માંડ્યું છે, કહે તો?"

તેની બાએ એવા જ ઉગ્ર અવાજે જવાબ આપ્યો: "એમને વળી બપોર શી ને સવાર શી? છે કંઈ? ઠાકોરસેવા પતાવી ચૂલાની ધૂળરાખ બે કોળિયા ખાઈ ઘેરથી જાય તે જાય. મેં ખૂબ સહ્યું છે, હવે નહિ સહેવાય, નહિ સહેવાય, નહિ સહેવાય!"

બોલતાં બોલતાં તે એકાએક રડી પડી ઉતાવળી ઉતાવળી તેની ઓરડીની અંદર ચાલી ગઈ.

પ્રિયબાબુએ "હું—" બોલીને એક લાંબો નિસાસો નાંખી કહ્યું: "મેં કહ્યું, એમનો જમીનદાર થયો એટલે શું વ્યાજના

આટલા બધા રૂપિયા છોડી દઈ શકું, વિરાટ? તું આ કહે છે શું? પણ કોણ કોનું સાંભળે છે? અને તે લોકોનોયે શો વાંક? દવા પીએ તો ચરીનું ઠેકાણું નહિ. નેટ્રામ બસો પરસંટનો એક ઘૂંટડો—"

સન્ધ્યાની આંખો આંસુથી છલ છલ કરતી હતી. કોઈ ન જુએ એમ લૂગડાને છેડે આંખો લૂછી નાંખી તેણે કહ્યું: "પણ બાપુ, તમે શું કરવા મારી બાને કીધા કર્યા વિના જ આવી બધી પંચાતમાં ઊતરો છો?"

"હું તો કહું છું મારે નથી ઊતરવું—પણ પ્રિય મુખુજ્જે વગર ગામનું કશુંયે થાય એમ છે નહિ, એય જોઉં છું તો! ક્યાં કોને રોગ થયો છે, ક્યાં કોને—"

પૂરું બોલવા દીધા વિના જ સન્ધ્યા ચાલી ગઈ. અને તરત જ સૂકું વસ્ત્ર અને ટુવાલ આણી પિતાના હાથમાં આપી બોલી: "હવે મોડું કરો નહિ, બાપુ! ઠાકોરસેવા પતવી નાંખો. હું આવું છું."

એમ બોલી તે પોતાની ઓરડીમાં ચાલી ગઈ. અને પ્રિયબાબુ પણ માથું લૂછતા લૂછતા સેવાની ઓરડી તરફ વળ્યા. જતાં જતાં બોલતા ગયા—"અંહ—પાછું આ પેટમાં અમળાવા લાગ્યું! પરાણના નામ પર—ઊંહૂ—"

## ૩

જે ગોલક ચાટુજ્જેના નામે વાઘ અને બકરી એક આરે પાણી પીએ છે એમ કહીને પેલે દિવસે રાસમણિ વારંવાર સન્ધ્યાને ભય બતાવતાં હતાં, તે જ હિન્દુકુળચૂડામણિ શ્રીમાન મહાશય તેમની બેઠક ઉપર આવી બેઠા હતા. તેમણે પહેરેલું રેશમી વસ્ત્ર અને ચોટલી સાથે બાંધેલું એક તાજું કરેણનું ફૂલ જોઈને જણાઈ આવતું કે હમણાં જ સવારનાં તેમનાં પૂજાઆહ્નિક પૂરાં થયાં હતાં. નોકર હુક્કામાં નળી નાખીને ગડાકુ પૂરીને ગયો હતો; સુડોળ દુંદ તકિયાને અઢેલીને, તેઓ બેધ્યાન ભાવે હુક્કો પીવાની તૈયારીમાં હતા, એટલામાં અંદરનું બારણું ઠેલાવાનો અવાજ થવાથી આંખો ઊંચી કરી પૂછ્યું: "કોણ?"

અંદરથી જવાબ આવ્યો: "હું. કશું ખાધા કર્યા વગર જ શું નીકળી પડ્યા? ગુસ્સો તો નથી ચડ્યોને?"

ગોલકે કહ્યું: "ગુસ્સો? ના, રે, ગુસ્સો કે રીસ કોના ઉપર કરું, કહે તો? રીસ ને ગુસ્સો બધું તારી દિદિની સાથે સાથે જ ચાલ્યું ગયું." કહી એક દીર્ઘ નિશ્વાસ નાંખી વળી બોલ્યા: "ના, હવે કંઈ ખાવું નથી. આજ ગોકુલ ઠાકુરનો સ્વર્ગવાસ—એટલે સાંજ પછી તરત જ સંધ્યાઆહ્નિક પતાવી થોડુંક દૂધ અને ગંગાજળ લઈશ. એમ કરતાં જે થોડા દિવસો ગયા તે ખરા." આમ કહી બીજો એક દીર્ઘ નિશ્વાસ નાખી હુકાની નળી મોઢામાં લીધી.

જે સ્ત્રી નેપથ્યમાં રહી વાત કરતી હતી, તેણે બારણું સહેજ ઉઘાડીને ઓરડામાં બીજું કોઈ છે કે નહિ એ જોઈ લીધું. પછી તે ધીરે ધીરે અંદર આવી. સ્ત્રી વિધવા હતી. દેખાવમાં કુરૂપ ન હતી.

ઉંમર પણ ચોવીસ પચીસની અંદર હશે. શરીર પર ઝીણું સફેદ ધોતિયું હતું, હાથમાં એકે ઘરેણું ન હતું, પરંતું ગળામાં માદળિયાવાળો એક સેરનો જાડો સોનાનો અછોડો હતો. જરાક હસીને તે બોલી.

"તમે આમ મશ્કરી ઉડાવો એટલે લોકો પછી શું ધારે કહો જોઉં? અને વળી મારે પાછા ગયા વગર કંઈ ચાલવાનું છે?" બોલીને બીજી જ ક્ષણે મોં ખેદયુક્ત કરી કહ્યું:

"જેમની સેવા કરવા આવી હતી એ તો દગો દઈ ચાલી ગઈ; હવે પાછી જઈ શું ઘરડાં સાસુસસરાની સંભાળ માથે લેવી નહિ પડે? તમે જ કહો ને."

ગોલક હુકો પીતા પીતા ગંભીર થઈ બોલ્યા: "એ તો ખરું જ. મારો સંસાર અટકી પડે એટલા માટે પારકા ઘરની સ્ત્રીને કંઈ રોકી શકાય નહિ અને એમ ન હોત તો ઘરની જ લક્ષ્મી આ ઉંમરે છોડીને ચાલી જાત શું કરવા? મધુસૂદન! તો ભલે, સારો દિવસ જોઈને જજે. બેનની સેવા કરવા આવી હતી, તે સેવા બજાવી ગઈ ખરી! ગામમાં તો એક દાખલો થઈ ગયો."

જ્ઞાનદા મૂંગી રહી. ગોલકે ધોતિયાના છેડા વતી આંખો લૂછી એકાદ મિનિટ લગી મૂંગા રહી પછી હુક્કો પીધો. અને ભારે અવાજે બોલ્યા: "સતી લક્ષ્મી! તેમના દિવસો પૂરા થયા, ચાલ્યા ગયા! એને માટે શોક કરતો નથી—પણ સંસાર સૂનો થઈ ગયો! છોકરીઓ બધી મોટી થઈ છે, સૌ પોતપોતાનો વસ્તાર લઈને સાસરે રહે છે; એમની ચિંતા નથી પણ છોકરો વંઠી જવાનો!"

જ્ઞાનદા ગદ્દગદ્દ કંઠે બોલી: "ભગવાન એને જીવતો રાખે, બાપ! આવું શું બોલતા હશો?"

ગોલકે મોં ઊંચું કરી સહેજ ઉદાસ હાસ્ય કરી કહ્યું: "ન બોલવું જોઈએ એ સાચું, પણ બધું આંખની આગળ ને આગળ તર્યા જ કરે છે! હે મધુસૂદન! તું જ સાચો છે! ઘરસંસારમાં પણ

મન નથી, સંસારવ્યવહાર પણ ઝેર જેવો લાગે છે. જે થોડા દિવસ છે તે વ્રત ઉપવાસ કરી, તારું નામ લેતો લેતો વીતાવીશ ! એની કશી ચિંતા નથી,—એક મૂઠી અન્ન સાંજરે મળ્યું તો ભલે, ના મળ્યું તો કંઈ વાંધો નહિ—પણ આ છોકરાના ભવિષ્યનો વિચાર કરતાં— ભગવાન મધુસુદન ! તું જ એક આધાર છે ! " જ્ઞાનદાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

ગોલકની સ્ત્રી તેની મોળાત બહેન થતી હોવા છતાં પણ સગી બહેનના જેવું હેત રાખતી; એટલે માંદગી વધી પડતાં તેણે જ્ઞાનદાને યાદ કરી કે તરત જ કોઈ પણ ભોગે તેનાથી આવ્યા વિના રહેવાયું નહિ. એ જ દિદિ આજે મહિનો થયાં આ લોકનો ત્યાગ કરી ગઈ છે, અને જતી વખતે એના જ હાથમાં તેના દસેક વરસના છોકરાને સોંપી ગઈ છે.

તેણે કરુણ કંઠે કહ્યું : " પણ હું તો સદાયે અહીં રહી શકીશ નહિ, ચાટુજ્જે મશાય ! લોકો શું કહેશે કહો જોઉં ? "

ગોલકે આંખો તેજસ્વી કરી કહ્યું : " લોકો તારી વાત કરે ? આ ગામમાં રહીને ? " આથી વધારે તેમનાથી બોલી શકાયું નહિ, બોલવાની જરૂર પણ ન હતી.

જ્ઞાનદા પોતે પણ એ જાણતી, એટલે તે ચૂપ રહી.

ગોલક કહેવા લાગ્યા : " મારી વાતમાં કોઈ કંઈ બોલવા જાય તો તેણે ગામ છોડી ક્યાંક બીજે રહેવા જવું પડશે—અહીં નહિ રહી શકે. એની હું ઝાઝી ચિંતા કરતો નથી. મને ચિંતા માત્ર છોકરાની છે. તેની માને તારા પર કેટલો બધો પ્રેમ હતો—, એટલે જ તો મરતી વખતે છોકરાને તારા જ હાથમાં સોંપી ગઈ—મને પણ સોંપી ગઈ નહિ ! "

જ્ઞાનદાએ મહામહેનતે આંસુ દાબી કહ્યું : " બધું જાણું છું ચાટુજ્જે મશાય, પણ મારા ઘરડા સાસુસસરાયે હજુ જીવતા છે તો. મારા વિના એમનું કોઈ નથી ! "

ગોલકે બેદરકારીપૂર્વક જવાબ આપ્યો : “ ના, કોઈ નથી ! તું યે ખરી! હા, મુખુજ્જે જીવતા હોત તો જુદી વાત હતી; પણ એમને તો તેં નજરેય જોયા નથી. તેર વરસે વિધવા થઈ—”

જ્ઞાનદા બોલી : “ વિધવા થઈ તેમાં શું, ચાટુજ્જે મશાય,— સાસુસસરા જ્યાં લગી જીવતા છે ત્યાં સુધી તેમની સેવા મારે કરવી જ પડે. ”

ગોલક ક્ષણવાર મૂંગા રહી એક ઊંડો નિસાસો નાંખી બોલ્યા : “ તો જા, મારું બધું ડુબાડી દઈને. પણ આટલું જરા વિચારી જોજે, નાની વહુ—”

જ્ઞાનદા ચિડાઈ જઈ બોલી : “ પાછી નાની વહુ ? લોકો કેવી ઠઠ્ઠા મશ્કરી કરે છે એ ભૂલી ગયા ! કેમ, નામ લઈ બોલાવતાં શું થાય છે ? ”

ગોલક મોં સ્હેજ પ્રફુલ્લ કરી બોલ્યા : “ છોને કરતા મશ્કરી, નાની વહુ ! સંબંધ જ આપણો ઠઠ્ઠા મશ્કરીનો છેને ? ”

જ્ઞાનદા એકદમ જરાક હસી પડી. તરત જ ગંભીર થઈ જઈ બોલી : “ ના, એમ બોલાવવું ચાલશે નહિ. હરહંમેશ નામ દઈ બોલાવતા આવ્યા છો એમ જ બોલાવજો. ”

ગોલકે કહ્યું : “ બહુ સારું, બહુ સારું, એમ કરીશું. ” બોલતાં બોલતાં એકદમ તેમનું દાઢીમૂછ વિનાનું મોં વિષાદથી છવાઈ ગયું. ધીમે ધીમે એક બહાર નીકળવાનું કરતો નિશ્વાસ દાબી દઈ મનમાં ને મનમાં કંઈક બોલવા લાગ્યા : હૃદયમાં રાતદિવસ બળતરા ચાલ્યા જ કરે છે—હાય રે ! મારે વળી મશ્કરી, મારે વળી તમાસો ! તોયે કોઈ કોઈ વાર—છટ્ ! શું કહેવું ? કોઈને ગમે ન ગમે, જીવનમાં જે કર્યું નથી, આજે શું તે કરું ! માલ મિલકત ઝેર જેવાં છે ! સંસાર વિષ સમાન છે ! કયારે તમારાં શ્રીચરણે આશ્રય પામીશ, મધુસૂદન ! ”

જ્ઞાનદા છલછલ નેત્રે ચુપચાપ જોઈ રહી. ગોલક બોલવા લાગ્યા : “ બળતરા ઉપર બળતરા તો ખરી, એના પર વળી રાત-

દહાડો કનડગત? બધાયે એ જાણે છે, છુપાવાય એવું નથી, કહું છું—વાત તમારી માનું છું, કુળવાનનું ફૂળ કુળવાનને જ સાચવવું પડે એય જાણું છું; વળી દુઃખથી અને સુખથી અકાળે વાળ પાકી ગયા છે એયે સાચું, પણ તેમ છતાંયે ધોળા વાળ તે ધોળા વાળ! આ ઉંમરે ફરી લગ્ન કરવું, આ ઉંમરે એક ધૂંસરી ગરદન પર લાદવી શોભે કે છાજે ખરું? તું જ કહેને, નાની વહુ?"

જ્ઞાનદાએ ફિક્કું હાસ્ય કરી કહ્યું: "તો શું, કરોને ફરી લગ્ન!"

ગોલક બોલ્યા: "ગાંડી થઈ કે શું? ફરી લગન? લક્ષ્મી જેવી તું જેને ઘેર છે—ગમે તે કહેને, અનાથ બેનનાં છોકરાંને કંઈ વહેતાં મૂકી જવાની નથી—જે મરણકાળે હાથમાં સોંપી ગઈ છે—તેનું માન તારે રાખવું જ પડશે, મારે વળી—કોણ છે?"

નોકરે ડોકિયું કરી સમાચાર આપ્યા:

"ચોંગદાર મહાશય આવ્યા છે."

ગોલકે મોં બગાડી કહ્યું: "આહ, હવે ખમાતું નથી, કામ, કામ, પૈસો, પૈસો. મને તો એ બધું ઝેર જેવું થઈ ગયું છે, પણ કોને સમજાવું? સમજે એવું યે કોણ છે? ભગવાન મધુસૂદન! ક્યારે છૂટકો કરશો? જાને, ઊભો શું કરવા? આવવાનું કહે."

નોકર ચાલ્યો ગયો. જ્ઞાનદાએ પણ ઉંમરા બહાર આવી દબાયેલ અવાજે પૂછ્યું: "અત્યારે શું ખરેખર જ કશું ખાવું નથી!"

ગોલકે માથું ધુણાવી કહ્યું: "ના, પ્રભુ ગોકુલ ઠાકુરના સ્વર્ગવાસનો દિવસ તો એક પર્વદિન જેવો! નાની વહુ, મારા જેવા જૂના જમાનાના માણસો આજે પણ એ બધું માનીને ચાલે છે, તેમાં જ હજુ ચંદ્ર સૂર્ય આકાશમાં ઊગે છે, ભરતી ઓટ નદીમાં થાય છે. મધુસૂદન! તારી ઇચ્છા!"

જ્ઞાનદાએ કહ્યું: "હશે. પણ થોડુંક દૂધ—ગંગાજળ લેવામાં દોષ નહિ. જરા વહેલા આવજો. હું તૈયાર કરી રાખું છું." એટલું બોલી તેણે અંદરનું બારણું બંધ કરી દીધું.

સામેના બારણેથી નોકરની પાછળ એક ભદ્ર પુરુષ દાખલ થયો. ગોલકે તેને બોલાવી કહ્યું : "આવ ચોંગદાર, બેસ. હું તો ચિંતા કરી કરી મરી ગયો—ખબર સુધ્ધાં તમારાથી અપાતી નથી ! ભોળા, જા, શુદ્રના હુક્કામાં જલદી પાણી ભરી તમાકુ તૈયાર કરી લાવ."

વિષ્ણુ ચોંગદારે પ્રણામ કરી ગોલકની પદરજ લઈ જાજમની એક બાજુએ બેસી જઈ પહેલાં તો લાંબો નિસાસો નાંખ્યો, પછી બોલ્યો : "શ્વાસ ખાવા જેટલીયે ફુરસદ નહોતી, શેઠ સાહેબ ! તો પછી ખબર તો ક્યાંથી મોકલું ? નહિ પાંચસો, નહિ ત્રણસો, આ આઠસો બધાં—જહાજમાં ચડાવ્યાં ત્યારે આવ્યો. આહ ! શી ધમાલ !"

દક્ષિણ આફ્રિકામાં બકરાં અને ઘેટાં ચડાવવાના ગુપ્ત ઉદ્યોગમાં આ વિષ્ણુ ચોંગદાર ગોલક મહાશયનો એક ભાગીદાર હતો. ત્રણ મહિનામાં ત્રણ હજાર ઢોર પૂરા પાડવાની શરતે લખાણ થઈ ગયું હતું. ખબર સાંભળી ગોલકને આનંદ થયો નહિ. અપ્રસન્ન મુખે બોલ્યા :

"માત્ર આઠસો ? કન્ટ્રાક્ટ તો ત્રણ હજારનો હતો—હજુ તો બહુ બાકી રહ્યાં !"

ચોંગદારે ક્ષુબ્ધ થઈ કહ્યું : "બકરાં ઘેટાં હવે મળે છે ક્યાં, શેઠ સાહેબ ! બધાં ચડાવી દીધાં—બધાં ચડાવી દીધાં—આ આઠસો પૂરાં કરતાં તો જાણે જીભ નીકળી પડી ! તો પણ હરેને રામપુરથી કાગળ લખ્યો છે કે આઠ દશ દિવસમાં એ બીજાં પાંચસો સાતસો રેલગાડીમાં મોકલાવશે—માત્ર ઉતારીને જહાજમાં ચડાવવાનાં. હજુ મુદત તો ત્રણ મહિનાની છે—થઈ જશે ભગવાનની ઇચ્છા હશે તો !"

ગોલક આશ્વાસન પામી બોલ્યા : "તારા ઉપર જ બધો આધાર છે. મને તો હવે એક રીતે ઘરબારી-સંન્યાસી જ સમજવો.

તારી શેઠાણીના સ્વર્ગવાસ પછી પૈસોટકો, માલમિલકત બધું છેક ઝેર જેવું થઈ ગયું છે. હવે તો માત્ર આ નાદાન છોકરાની ખાતર—તે રૂપિયે રૂપિયો નફો મળશે એમ નથી લાગતું ?"

ચોંગદાર માથું હલાવી બોલ્યો : "જરૂર. જરૂર. પણ પૈસા ખરા કમાશે આ વખતે અહમદ સાહેબ ! સાતસોનો કન્ટ્રાક્ટ રાખ્યો છે—હજુ વધારે રાખત, પણ એની હિંમત ચાલી નહિ—પૈસાને અભાવે શું કરે ?"

ગોલકે આંખનો ઇસારો કરી પૂછ્યું : "સારી પેઠે ?"

ચોંગદાર બોલ્યો : "હા."

ગોલક જમણો હાથ મોં આગળ રાખી બોલ્યા : "દુર્ગા ! દુર્ગા ! હરિહરિ ! સવારના પહોરમાં આવી વાત તે બોલાતી હશે ! ચોંગદાર ! જાતનો એ મ્લેચ્છ, ધર્માધર્મનું ભાન નહિ—દસેક હજાર રૂપિયા તોડી પાડશે એમ નથી લાગતું ?"

ચોંગદારે કહ્યું : "વધારે ! વધારે !"

ગોલક બોલ્યા : "લડાઈ બહુ દાડા ચાલશે તો મારો બેટો લાલગુલાલ થઈ જશે, નહિ ? ત્યારે હવે—?"

ચોંગદારે કહ્યું : "હાસ્તો ! પણ ખૂબખૂબ રૂપિયા જોઈશે—એક સામટા ભેગા કરી શકશે તો બનશે !"

ગોલકે કહ્યું : "કન્ટ્રાક્ટ બતાવીને દેવું છે કરે—એમાં શું ભારે છે ?"

ચોંગદારે માથું હલાવતાં હલાવતાં કહ્યું : "એ તો ખરું, પણ મળે ત્યારે ને ! મને કહેતો હતો તો !"

ખબર સાંભળી ગોકુલ આતુર થઈ ગયા, પૂછ્યું : "કહેતો હતો ? વ્યાજ શું આપશે ?"

ચોંગદારે કહ્યું : "ચાર પૈસા તો ખરા જ ! વખતે—"

આ "વખતે" ગોલકે પૂરું કરવા દીધું નહિ, પરંતુ ચિડાઈને

બોલ્યા : "ચાર પૈસા ! રૂપિયે રૂપિયો નફો ખાવો છે ને વ્યાજની વખતે ચાર પૈસા ! દસ આના—છ આના હોય તો ઠીક—નહિ તો એક વાર મને મળી જવાનું કહેજે."

ચોંગદારે જરા આશ્ચર્ય પામી પૂછ્યું : "સાહેબને રૂપિયા તમે જ આપવાના છો ? વાત બહાર પડી ગયા પછી—"

થોડી વારમાં ગોલક સાવધ થઈ જઈ જરાક લુખ્ખું હાસ્ય કરી બોલ્યા : "રાધેશ્યામ ! ગાંડો થયો ચોંગદાર ? ઊલટું હું તો મના કરી દઈશ—અને જાણવા ન જાણવામાં તો તું ને હું ! પણ એમ કહું છું કે પૈસા એ કરજે લેવાનો તો ખરો જ. લઈને પછી બાપનું બારમું કરે કે રંડી નચાવે, કે ગાય બળદ પરદેશ ચડાવે એમાં મહાજનને શું ?" એટલું બોલી તેના તરફ સંમતિને માટે થોડી વાર જોઈ રહી જાતે જ બોલ્યા :

"એમ નહિ ચોંગદાર, હું તને ટૂંકમાં કહું છું. એટલી બધી તપાસ કરવી મહાજનને પરવડેય નહિ; પણ મને તો તું સદાનો જોતો આવ્યો છે, બ્રાહ્મણનો દીકરો, ધર્મને રસ્તે રહી ભીખ માગું એ ભલું, પણ અધર્મના પૈસાને કદી હાથ અડકાડું ? ઠાકોરજીને ચરણે બુદ્ધિ સ્થિર રાખી છે એટલે જ તો આજે પાંચ ગામના પંચનો આગેવાન થયો છું ! આજે મોઢાના બે શબ્દોના જોર પર બ્રાહ્મણને શુદ્ર અને શુદ્રને બ્રાહ્મણની ન્યાતમાં ચડાવી ઉતારી શકું. મધુસૂદન ! તું જ આધાર છે ! પેલે વખતે ખરેખરી માંદગીમાં જયગોપાલ દાક્તરે કહ્યું કે સોડાનું પાણી મારે પીવું જ પડશે. મેં કહ્યું : દાક્તર, જન્મ્યા છીએ તે મરવાના જ છીએ ના, એમાં કંઈ મોટી વિસાત નથી, પણ ગોકુલ ચાટુજ્જેને બીજી વાર એવું ના સાંભળવું પડે એટલે બહુ. કેનારામના પુત્ર હરરામ ચાટુજ્જેનો હું પૌત્ર—જેના એક બિન્દુ પાદોદકની આશાએ ખુદ ભંડારહાટિના રાજાને પણ ભોઈ પાલખી મોકલવી પડતી !"

ચોંગદારે બીજી વાર પ્રણામ કરી ઊઠી ઊભા થઈ જઈ કહ્યું :

"એ વાત કોણ ના માને, બોલો—એ તો આખી દુનિયાના લોકો જાણે છે."

ગોલકે જવાબમાં માત્ર એક નિસાસો નાખી કહ્યું : "મધુસૂદન ! તું જ એક આધાર છે!"

ચોંગદાર જવાની તૈયારી કરતો હતો ત્યાં એને બોલાવી કહ્યું : "અને જો, હરેનને ત્યાંથી આવે એટલે રેલગાડીની રસીદ જરા બતાવી જજે."

ચોંગદારે માથું હલાવી કહ્યું : "જેવી આજ્ઞા."

ગોલકે કહ્યું : "એટલે આઠસો અને પાંચસો થયા. બાકી રહ્યા સત્તર સો—ત્રણ મહિના પડ્યા છે—થઈ જશે. કેમ શું કહે છે, હેં ?"

ચોંગદાર બોલ્યો : "થઈ જ જશે તો ?"

ગોલકે કહ્યું : "મેં તો તને એ વખતે જ કહ્યું હતું ચોંગદાર, એક સામટો પાંચેક હજારનો કન્ટ્રાકટ કરી નાખ. ત્યારે તેં હિંમત કરી નહિ—"

ચોંગદારે કહ્યું : "જી. મારા મનથી કે એટલાં બધાં ઘેટાં બકરાં વખતે ન મળે તો ?—"

ગોલકે બચાવ કર્યો નહિ. કહ્યું : "ભલે, ભલે, ધર્મને રસ્તે એકને બદલે અરધો, અરધાને ઠેકાણે પા મળે તોય બહુ, બાકી અધર્મને રસ્તે મહોર મળે તોયે નકામી ! સમજ્યો ને, ચોંગદાર ? મધુસૂદન ! તું જ એક આધાર છે !"

ચોંગદાર બીજું કશું બોલ્યા વિના ચાલ્યો ગયો. પછી આ ભગવદ્ભક્ત ઘરબારી સંન્યાસી ચાટુજ્જે મહાશય બળી ગયેલો હુક્કો ઊપાડી ચિંતાતુર ચહેરે ઘૂંટ ખેંચવા લાગ્યા. માલમિલકત ઝેર જેવાં લાગવા માંડ્યા હશે! પરંતુ એ જ વખતે અંદરની બાજુનું બારણું સહેજ ઉઘાડી દાસીએ મોં બહાર કાઢી કહ્યું : "માસીબા જરા અંદર બોલાવે છે!"

ગોલકે આશ્ચર્ય પામી પૂછ્યું : "શું કામ છે, સદુ ?"

દાસીએ કહ્યું : "નાસ્તો કાઢી બેસી રહ્યાં છે."

ગોલક હુક્કો મૂકી દઈ જરાક હસી બોલ્યા : "તારી માસીથી હવે હું થાક્યો, સદુ. પર્વને દહાડે એક વાર ઉપવાસ કરું એય એનાથી ખમાયું નહિ!" એમ કહી તેઓ ઊઠી ઊભા થયા. અને જતાં જતાં નિસાસો નાંખી બોલતા ગયા, "સંસારમાં રહીને પરલોકનું જરા જેટલું કામ કરવામાંય કેટલું વિઘ્ન! મધુસૂદન! હરિ!"

# ૪

સન્ધ્યાનું શરીર થોડા દિવસ થયાં સારું રહેતું નહોતું. એને તાવ આવતો હતો. અને પિતાની ચિકિત્સાથી તો ઊલટું તેનું શરીર વધારે વધારે બગડતું જતું હતું. મા બિપિન દાક્તરને બોલાવીશ એવી રોજ ને રોજ બીક બતાવતી હતી. અને એને જ લીધે માતા અને કન્યા વચ્ચે થોડો ઘણો કજિયો લગભગ રોજ થતો હતો. આજે સાંજને વખતે સન્ધ્યા સામેના વરંડામાં એક થાંભલે ટેકો દઈને બેઠી હતી. તેણે તેની બાએ આપેલી વાડકી આંખ મીંચીને પૂરી કરી અને ઝટપટ પાન મોંમાં મૂકીને પીધેલું પાછું આવતું અટકાવ્યું. સાબુચોખા તરફ તેને ખૂબ જ અણગમો હતો. પરંતુ ન ખાય અગર ઓછું ખાય તો વળી પાછી વાત વધે; અને એવું તે ઇચ્છતી જ ન હતી. ક્યાંકથી ને ક્યાંકથી તેની બા તેના તરફ નજર રાખી રહી છે એમ તે નક્કી જાણતી. અત્યારે તે એક ચોપડી લઈને વાંચતી બેઠી હતી. ઉઘાડેલી ચોપડી તેના ખોળા ઉપર ઊંધી મૂકેલી હતી, તે પાછી લીધી અને જેવી આંખ પરોવવા જતી હતી કે તરત જ આંગણાને એક છેડેથી બૂમ આવી તેને કાને અથડાઈ—" કાકી ક્યાં છો ? "

ઘરમાં આવનાર માણસ અરુણ હતો; તેનું પહેરણ, ધોતિયું અને થાકેલો ચહેરો જોતાં જ સમજાઈ ગયું કે તે હમણાં જ બહારગામથી આવે છે.

ક્ષણભર તો સન્ધ્યાના ફિક્કા ઉદાસ ચહેરા પર જરાક રતાશ દેખાઈ અદૃશ્ય થઈ ગઈ. તેણે આંખો ઊંચી કરી હસતા મોઢે પૂછ્યું : " તમે કલકત્તાથી આવો છો અરુણદા ? "

અરુણે પાછા આવી આશ્ચર્ય પામી કહ્યું : "હા, પણ તું આવી સૂકાયેલી કેમ દેખાય છે? પાછો તાવ આવવા માંડ્યો?"

સન્ધ્યા બોલી : "એવું કંઈ છે ખરું. પણ તમારું મોઢું યે કંઈ બહુ ભરેલું દેખાતું નથી!"

અરુણે હસીને કહ્યું : "મોઢાનો એમાં વાંક શો? આખા દહાડાનો નહાયો નથી, ખાધું નથી, પીધું નથી.—તેં ખરો પેટર્નનો ઑર્ડર આપ્યો હતો! ખોળી ખોળીને હેરાન થઈ ગયો! આ લે—"

એટલું બોલી ખિસ્સામાંથી એક કાગળનું બંડલ બહાર કાઢી સન્ધ્યાના હાથમાં મૂકી પૂછ્યું : "કાકી ક્યાં છે? કાકા બહાર ગયા છે શું? ગયા શનિવારે કેમે પાછા ફરી શકાયું નહિ—એટલે એ લાવતાં જરા મોડું થયું. શું ગૂંથવાનું છે? પશુ પંખી કે ઠાકોરજી? કે ગુલાબના ફૂલની—"

સન્ધ્યાએ કહ્યું : "એનો વિચાર કરવાને બહુ વખત છે. પણ જે આણતાં સાત દિવસ મોડું થયું, તે આપતાં એક કલાક મોડું થયું હોત તો શું બગડી જાત? સ્ટેશનથી ઘેર ગયા વિના અહીં સીધા આવ્યા શું કરવા?"

અરુણે હસીને કહ્યું : "નહાવા ખાવાનું કહે છે! એ તો બધું સન્ધ્યા પછી. પણ તું આમ ઉપરાઉપરી માંદી કેમ પડવા માંડી છે, કહે તો?"

તેના 'સન્ધ્યા' શબ્દ ઉપરના એક અસ્પષ્ટ છૂપા કટાક્ષથી સન્ધ્યાના કાન ચમક્યા અને સહેજ લાલ થયા. પણ જાણે લક્ષ ગયું જ ન હોય એવો ભાવ કરી તેણે રીસ ચઢાવી કહ્યું : "તેનેય હવે કેટલી વાર છે, અરુણદા? જાઓ, હવે અમસ્તા અમસ્તા મોડું કરો નહિ."

જવાબમાં અરુણ ફરી હસ્યો અને કંઈક બોલવા જતો હતો. પરંતુ જગદ્ધાત્રીના મોં સામું જોતાં તેનાં મોંની વાત મોંમાં જ રહી ગઈ. જગદ્ધાત્રી ગુસ્સામાં આખું મોં કાળું કરી ઓરડીમાંથી બહાર

આવ્યાં અને કન્યાને ઉદ્દેશીને બોલ્યાં : "પાન હવે ખાઈશ નહિ, સન્ધ્યા. પહેલાં એ મોંમાંથી કાઢી નાખ, પછી બેઠી બેઠી ગપાટા માર્યા કર." બોલીને કોઈના પણ ભણી જોયા વિના ઉતાવળે પગલે ચાલી ગયાં.

અકસ્માત શી એક ઘટના બની ગઈ! અરુણ વજ્ર પડ્યું હોય એમ જડ મૂંગો થઈ ગયો, અને સન્ધ્યા પણ ફિક્કી પડી ગઈ. જાણે ક્ષણવાર માટે સન્ધ્યાના આકાશપટમાંથી સમસ્ત પ્રકાશ એકદમ હોલવાઈ ગયો. થોડીક વાર સુધી એમને એમ રહી સન્ધ્યાએ મોંમાંથી પાન ફેંકી દીધું, અને એકાએક રડું રડું થઈ બોલી ઊઠી : "શું કરવા તમે હજી આ ઘરમાં આવો છો, અરુણદા? અમારું સત્યાનાશ વાળ્યા વિના તમારે અમને છોડવાં નથી?"

પહેલાં તો અરુણ એક શબ્દ પણ બોલ્યો નહિ. પછી ધીમે ધીમે એટલું જ બોલ્યો : "તેં મોંમાંથી પાન ફેંકી દીધું, સન્ધ્યા! તે હું શું સાચે જ અસ્પૃશ્ય છું?"

સન્ધ્યા એકદમ રડી પડી, બોલી : "તમારે નાતજાત નથી, ધર્મ નથી—શું કરવા તમે મને અડક્યા?"

"મારે નાતજાત નથી? ધર્મ નથી?"

"ના, નથી. તમે વિલાયત જઈ આવ્યા છો—તમે મ્લેચ્છ બની ગયા છો! તે દહાડે મારી બાએ તમને પિત્તળના લોટામાં પાણી પીવા આપ્યું હતું, તે યાદ નથી?"

અરુણે દીર્ઘ નિઃશ્વાસ નાખી કહ્યું : "ના મને યાદ નથી. પણ તારી આગળ આજે હું અસ્પૃશ્ય, મ્લેચ્છ?"

સન્ધ્યાએ આંખો લૂછી કહ્યું : "માત્ર મારી આગળ નહિ, સૌની આગળ. માત્ર આજે નહિ, પણ જ્યારથી કોઈનું પણ કહેવું સાંભળ્યા વિના તમે વિલાયત ગયા ત્યારથી જ."

અરુણે કહ્યું : "પણ મેં માન્યું હતું—"

પણ શું માન્યું હતું તે બોલી શક્યો નહિ. પળવાર સ્થિર

થઈ જઈ બોલ્યો : “ તું કહે તો આ ઘેર હું નહિ આવું, પણ તું મારો તિરસ્કાર કરીશ નહિ, સન્ધ્યા !—તિરસ્કાર પામવા જેવું કામ મેં કદી કર્યું નથી.”

સન્ધ્યાએ કહ્યું : “ તમને શું ભૂખ તરસ લાગી નથી, અરુણદા ! તમે શું ઊભા ઊભા મારી સાથે ઝઘડો જ કર્યા કરશો ? ”

અરુણે કહ્યું : “ ના, ઝઘડો શું કરવા કરું ? જે તિરસ્કાર કરે તેની સામે મોઢામોઢ ઊભો રહી વિવાદ કરવા બેસું એવો હું હલકો નથી—” એમ બોલી અરુણ ધીમે ધીમે બહાર ચાલ્યો ગયો—સન્ધ્યા તેની તરફ એકીટસે જોતી પથ્થરની મૂર્તિ જેમ બેસી રહી.

તેની બાએ સામે આવી પ્રસન્નમુખે કહ્યું : “ ગયો. હાશ, હવે એ નહિ આવે ? ”

સન્ધ્યા ચકિત થઈ બોલી : “ ના. ”

તેની બા બોલી : “ ખામુખા અડી પડચો, જા, લૂગડાં બદલી નાખ. ”

સન્ધ્યાએ તેની બા ભણી જોઈ પૂછ્યું : “ લૂગડાં સુધ્ધાં બદલી નાંખવાં પડશે ? ”

તેના ઉદાસ અંતરમાં શું શું ચાસી રહ્યું હતું તે તેની બા જાણવા પામી નહિ. તે આશ્ચર્ય પામી બોલી ? “ કેમ નહિ ? ખ્રિસ્તી માણસ—વિધવા બિધવા હોત તો નાહી નાખવું પડતે. તે દહાડે રાસુ માસી—હા, બડાશ મારતાં’તાં એ ખરું—પણ આચારવિચાર શીખવા હોય તો એમની પાસે. ભોઈની છોકરી અડી કે નહિ અડી, પણ છોકરીને કવખતે નવરાવી ત્યારે જ ઘરમાં લીધી. ”

સન્ધ્યાએ કહ્યું : “ ઠીક તો બા, જાઉં છું. ”

તેની બા ડોક હલાવીને બામણના આચારવિચાર વિષે થોડો વધારે ઉપદેશ આપવા જતી હતી, પણ પાછળથી બૂમ સાંભળી : “ જગો ઘરમાં છે કે ? ”

ગોલક ચાટુજ્જે મશાય સીધા આંગણામાં આવી પહોંચ્યા હતા.

જગદ્ધાત્રીએ પાછા ફરી જોઈને જવાબ આપ્યો : "ઓ મા, ચાટુજ્જે મામા કે? નસીબ ખુલ્યાં!"

પરંતુ તે દિવસનો રાસુ માસી અને છોકરીનો પ્રસંગ યાદ કરતાં તેમનું મોં સૂકાઈ ગયું. સન્ધ્યા ઊઠી ઊભી થઈ હતી. ગોલક તેની બાને જવાબ આપ્યા વિના જ છોકરી સાથે વાતો કરવા લાગ્યા. હસીને બોલ્યા : "કહું છું, મારી સન્ધ્યા–દીકરી કેમ છે રે? માંદી કેમ દેખાય છે?"

સન્ધ્યા બોલી : "ના, છું તો સારી ઠાકુરદા!"

જગદ્ધાત્રી શુષ્ક મુખ પર જરાક હાસ્ય આણી બોલ્યાં : "હા, સારી જ કહેવાય ને? મહિનો આખ઼ પૂરો થવા આવ્યો, મામા, રોજ ને રોજ અસુખ, રોજ તાવ. આજેય સાબુદાણા જ ખાધા છે."

ગોલકે કહ્યું : "એમ? તે એમ કેમ ના થાય, બેટા—ક્યાંક આજે તો એ કેડમાં છોકરાં લઈ ઘર ચલાવતી હોય—તેને બદલે તમે એને ટીંગાડી મૂકી! એને ઠેકાણે ક્યારે પાડવી છે? ઉંમર તો—"

જગદ્ધાત્રી ઉંમરની વાત એકદમ દબાઈ દઈ બોલી ઊઠ્યાં : "શું કરું મામા? હું એકલી બાઈ માણસ તે કેટલી બાજુ સંભાળું? તમારા જમાઈ તો ગણકારતા નથી. એમને તો એ ભલા ને એમની દવા ભલી—મને એવો તો ધિક્કાર છૂટે છે મામા, કે બધું છોડી કરીને સાસુની પાસે કાશી જઈ રહું. પછી જેના નસીબમાં જે હશે તે છો થતું." બોલતાં બોલતાં તેનો કંઠસ્વર ભરાઈ આવ્યો.

ગોલકે કહ્યું : "એ ગાંડિયો અત્યારે શું કરે છે?"

જગદ્ધાત્રી બોલ્યાં : "પૂરેપૂરા ગાંડા થઈ ગયા હોત તોયે મન વાળત. ઓરડીમાં પૂરી સાંકળ દઈ રાખત. આ તો એકકેમાં નહિ—આ તો મને બાળી બાળીને છેક ખાખ કરી નાખી." એટલું બોલી તેમણે આંખો પાલવથી લૂછી નાખી.

ગોલક સહાનુભૂતિ બતાવતા હોય એવે અવાજે બોલ્યા : "હાસ્તો—મને બધી વાત મળે છે. તો તેં બાપ! ધનુષ ભાંગવા

જેવી પ્રતિજ્ઞા કરી છે—સ્વયં કાર્તિક મળે તો. નહિ તો બીજા કોઈની સાથે છોકરીને નથી પરણાવવી! આપણા આવા ઊંચા કુળવાનના ઘરમાં તે આવું કદી બનતું હશે, કે બન્યું છે બેટા? નથી ખબર, પહેલાંના વખતમાં કેટલાયે કુળવાનોને ગંગાયાત્રા કરીને કુળવાનનું કુળ સાચવવું પડતું? મધુસૂદન, તું જ સત્ય છે!"

જગદ્ધાત્રીને ક્રોધ ચડયો, તે બોલી: "કોણે તમને કહ્યું મામા, કે મારો જમાઈ મયૂરે ચડીને ન આવે તો મારે છોકરી નથી આપવી? છોકરી પહેલી કે કુળ પહેલું? સાત પેઢી થયાં વંશમાં કોઈએ શુદ્ર ગણીને કાયસ્થને આંગણે કદી પગ પણ ધોયા નથી, ને હું કાર્તિક માગતી હોઈશ? હલકા કુળમાં ઊતરવું નથી એ મારું પણ છે—તે, છોકરીને નદીમાં દેવી પડશે તો ફેંકી દઈશ."

ગોલક ખુશ થઈ બોલ્યા: "ખરું કહ્યું. વારૂ, જોઈશ."

જાઉં જાઉં કરતી સન્ધ્યા નીચું માથું રાખી, રાતા શેરડા પડેલા મુખે ઊભી હતી. ગોલક તેના તરફ જોઈ હસતા હસતા ભેદ ખોલતા હોય તેમ બોલ્યા: "કાર્તિક ન જોઈતો હોય તો જગો, છોકરીને મારા જ હાથમાં મૂકને! સંબંધનોય વાંધો આવશે નહિ, ને રહેશે પણ રાજાની રાણીની જેમ. કેમ શું કહે છે, સન્ધ્યા—ગમશે ને?"

બીજે કોઈ વખતે આમ બન્યું હોત તો સન્ધ્યા મશ્કરીમાં ભાગ લેત, પરંતુ અરુણથી માંડીને પિતાનો પ્રસંગ નીકળ્યો ત્યાં સુધી તે ક્રોધ અને દુઃખથી શરમાઈ બળી મરતી હતી. તેણે મોં ઊંચું કરી કઠોર ભાવે જવાબ આપ્યો: "શું કરવા ન ગમે ઠાકુરદા? લીલા વાંસની પાલખી ઉપર ચડીને આવજો. અહીં હું માળા ગૂંથી ઊભી રહીશ." એટલું બોલી તે ઉતાવળે પગલે ખડકીમાંથી બહાર ચાલી ગઈ.

સન્ધ્યા ભયંકર ગુસ્સો કરી ચાલી ગઈ હતી એ તો તદ્દન સ્પષ્ટ હતું. વ્યર્થ ગયેલી મશ્કરીથી ઉપજેલી આ તીવ્ર લાંછનાને લીધે

પહેલાં તો ગોલક અવાક્ થઈ ગયા, પછી હો ! હા ! કરી થોડુંક લુખ્ખું હાસ્ય કરી બોલ્યા : “ છોકરી નથી, આ તો જાણે વિલાયતી પલટણ ! આ તો ઠીક છે, દાદા અને પાજીનો સંબંધ છે—ગમે તેમ બોલે—પણ તે દહાડે રાસુને મોઢે સાંભળ્યું કે મોઢામાં આવે છે, તે બોલે છે. માબાપને સુધ્ધાં છોડતી નથી.”

શરૂઆતમાં જગદ્ધાત્રીને એ જ બીક હતી, માત્ર મનમાં આશા બંધાઈ હતી કે મશ્કરીમાં ને મશ્કરીમાં વાતો તો ટળી જશે—

કદાચ ટળી પણ જાત. માત્ર છોકરીએ જ પાછો નિરર્થક ટાણો મારી દરમાં ઘૂસેલા સાપને બહાર કાઢ્યો. છોકરી પ્રત્યે તેની રીસનો પાર રહ્યો નહિ. પરંતુ બહારથી વિનયપૂર્વક બોલી : “ ના, મામા, સંધ્યા તો એવું બધું કશું બોલી નથી. માસી રજનું ગજ કરે તેવાં છે, એ વાત તમે ક્યાં નથી જાણતા ? ”

ગોલક બોલ્યા : “ જાણું છું. પણ મારી આગળ કરે નહિ. ”

જગદ્ધાત્રીએ કહ્યું : “ હું એ વખતે પાસે જ ઊભી હતી, મામા. ”

ગોલક હસીને બોલ્યા : “ ઓ હો ! અને તેં પણ એને દબાવી નહિ ? ”

ગોલકના આ હસવાથી જગદ્ધાત્રી મનમાં મનમાં થોડુંક બળ મેળવી ક્રોધપૂર્વક બોલ્યાં : “ મેં ? જો જો તો ખરા, મામા, હું એનો કેવો ઘાટ ઘડું છું તે ? ”

ગોલક સ્નેહાળ ભાવે બોલ્યા : “ હશે, ઘાટ ઘડવાની હવે જરૂર નથી—લગ્ન થઈ જવા દો, સંસાર માથે પડશે એટલે પોતાની મેળે સુધરી જશે—તોયે જરા દાબમાં રાખવી. વખત બહુ ખરાબ છે ! અરુણ આવે છે હવે ? ”

જગદ્ધાત્રી બીકને લીધે જૂઠું બોલી. “ અરુણ ? ના— ”

ગોલક બોલ્યા : “ સારું, એને આવવા દઈશ નહિ. જાત-જાતની વાતો સાચી જૂઠી કાને આવે છે. ”

અરુણને સન્ધ્યા બચપણથી દાદા કહીને બોલાવતી. તે વિલાયત ગયો તે પહેલાંથી જ બંને વચ્ચે ખૂબ મૈત્રી હતી, પરંતુ અરુણ બ્રાહ્મણ વંશમાં એવા હલકા કુળનો હતો કે એ સ્નેહ કોઈપણ દિવસ, કોઈપણ કારણે, કોઈપણ રૂપમાં ફેરવાઈ ગાઢ બની શકે એવો સંશય સુધ્ધાં સ્વપ્નેયે સન્ધ્યાની બાના મનમાં આવ્યો ન હતો. પરંતુ થોડા દિવસ થયાં સન્ધ્યાનાં આચરણ ઉપરથી અને વચ્ચે વચ્ચે વાતચીત પરથી એવી તો એક તીવ્ર જ્વાળા એને દેખાઈ આવતી કે તેની બાની મીંચેલી આંખો ઉપર પણ તેની ઝબક લાગતી. પરંતુ છેવટ લગી વસ્તુ એટલી તો અસંભવિત હતી કે એને કારણે ચિંતા કરવાનું પ્રયોજન આજ લગી મળ્યું ન હતું. એથી અત્યારે એ વાતનો જ સ્પષ્ટ ઇશારો બીજાના મોંમાંથી સાંભળીને એકદમ તેની ધીરજ ઊડી ગઈ. તીખા અવાજે તે બોલી ઊઠી : “ સાંભળવા બેસીએ તો કેટલીય વાત સાંભળવા મળે, મામા ! પણ મારી છોકરીની લોકોને આટલી બધી શી પડી છે ? ”

ગોલક મૃદુ હસી ધીર ભાવે બોલ્યા : “ તે ખરું, બેટા. પણ વખતસર સાવધાન ન થઈએ તો લોકોનાં મોંને દાટા નહિ દઈ શકાય, જગો ! ”

જગદ્ધાત્રી એના પણ જવાબમાં કંઈક બોલવા જતાં હતાં. પરંતુ બરાબર એ જ વખતે સન્ધ્યાના ઢંગ જોઈને તે ભય, વિસ્મય અને ક્રોધથી મૂઢ થઈ ગયાં. સંધ્યા તળાવ પર સ્નાન કરી આવી ઘરમાં પેસતી હતી; તેનાં લૂગડાં ભીનાં હતાં, માથાના છૂટા લાંબા વાળમાંથી પાણી ટપકતું હતું—હજી લગી લૂછી નાંખવાની નવરાશ મળી ન હતી—એવે વેશે ત્યાં થઈને તે ઉતાવળે પગલે પોતાની ઓરડીમાં જતી રહી.

ગોલકે કહ્યું : “ છોકરીને તો તાવ આવે છે એમ તેં કહ્યું ને, જગો ? તો સંધ્યાકાળે નાહી આવી શું કરવા ? ”

જગદ્ધાત્રીએ જવાબમાં માત્ર કહ્યું : “ શી ખબર, મામા ! ”

પણ મનમાં ને મનમાં સમજી ગઈ હતી કે તેણે કરેલા અરુણના અપમાનનો આ ગૂઢ અને અતિ કઠોર બદલો હતો.

ગોલકે કહ્યું : "આમ તો રોગ વધી પડશે !"

જગદ્ધાત્રીએ કહ્યું "વધી પડશે તો એમાં હું શું કરવાની, કહો. એ મારા હાથમાં રહી નથી."

ગોલક માથું ધુણાવતા ધુણાવતા બોલ્યા : "એ તો હું સમજી ગયો છું. ઠીક, તો કહે, આ ઘરમાં ચલણ કોનું ? તારું કે જમાઈનું કે તારી છોકરીનું ?"

જગદ્ધાત્રી બોલ્યાં : "મારા સિવાય બીજા બધાંનુ જ ચલણ."

ગોલકે કહ્યું : "તો તેમને કહી દે ને કે ફળિયામાં ભીલ, ભોઈ કે ભંગીને રાખશે, એ ચાલશે નહિ. જો એ એની વ્યવસ્થા નહિ કરે તો છેવટે મારે જ કરવી પડશે. મધુસૂદન ! તું જ એક આધાર !"

જવાબમાં જગદ્ધાત્રીએ ક્રોધપૂર્વક બૂમ મારી : "સન્ધ્યા ! અહીં આવ !"

સન્ધ્યા ઓરડીમાં માથું લૂછતી હતી. મોં બહાર કાઢી તેણે જવાબ દીધો : "કેમ બા ?"

તેની બાએ કહ્યું : "પેલી ભોયણીને તારે કાઢવી છે કે પછી મારે જ કાલે નહાતા પહેલાં ઝઘડીને કાઢી મૂકવી પડશે ?"

સન્ધ્યાએ કહ્યું : "એક બે દુઃખી અનાથ બાઈને કાઢી મૂકવી એ કંઈ બહુ ભારે વાત નથી, બા, પણ એમણે શું કોઈનું કશું બગાડ્યું છે ?"

ગોલકે એનો જવાબ આપ્યો : "બગાડ્યું છે જ તો ! પરમ દહાડે ફરવા જતી વખતે જોઉં છું તો રસ્તા ઉપર ઊભી ઊભી બકરીને ઓસામણ ખવડાવતી હતી. પછી છાંટા પડે જ ને !" બોલી તેમણે જગદ્ધાત્રી ભણી જોયું.

જગદ્ધાત્રી તરત જ તેનું સમર્થન કરતાં બોલ્યાં : "પડે જ

તો, મામા."

ગોલકે કહ્યું : "તો એમ કહે ને. અજાણતાં તો સાપનું ઝેર પણ ખવાઈ જાય, પણ જાણી જોઈને તો થોડું જ ખવાય છે?"

સન્ધ્યા ભણી જોઈ હસીને બોલ્યા : "હજુ તારી કાચી ઉંમર છે, દીકરી, તું તો રાત્રેય નાહી શકે પણ મારાથી કેમ બને?"

સન્ધ્યા ક્રોધની અદમ્ય લાગણી દબાવી રાખી બોલી : "એ જાણું છું, ઠાકુરદા. પણ મારા બાપુએ એમને આશરો આપ્યો છે, એટલે ક્યાંક તેમને સગવડ ન કરી આપું તો બાપુનું અપમાન થાય."

છોકરીની આ માન અપમાનની કલ્પના સાંભળી તેની બાના મોંમાંથી ક્રોધને લીધે એક શબ્દે નીકળ્યો નહિ; પરંતુ ગોલક બોલ્યા : "વારુ, તો એની ક્યાં ખોટ છે, સન્ધ્યા? અરુણના ઘરની પછવાડે તો ખૂબ જગા છે. તેને જ કહે ને, આશ્રય આપે! ભીલ–ભોઈ–તો યે હિંદુ તો ખરા ને! એથી એની કંઈ જાત જવાની નથી—" એટલું બોલી તેમણે જગદ્ધાત્રીના મોં તરફ જોયું અને ધીમું ધીમું હસવા લાગ્યા. તેમના વિનોદમાં જગદ્ધાત્રીને ગમે તેટલો રસ પડતો હોય પણ અરુણની વાત નીકળતાં રખેને પોતાની ભાનભૂલી છોકરી અતિ કઠોર એવું કશુંક બોલી બેસે એ બીકે તેમની ચિંતાનો પાર રહ્યો નહિ.

થયું પણ એવું જ. સન્ધ્યાના કંઠસ્વરમાં મશ્કરીની તરલતા ઊછળી આવી, પરંતુ શબ્દોમાં ભારોભાર તીક્ષ્ણતા અને કઠોરતા હતી :

"અને જશે તોયે કોણ એનો હિસાબ રાખવા જવાનું છે, કહો તો? જે જાતને જ માનતો નથી, એને વળી ગઈ તોય શું ને રહી તોય શું?"

ગોલકે હસવાનો પ્રયત્ન કર્યો પણ તેમનું મોં કાળું પડી ગયું. તે બોલ્યા : "એ તે તારી સાથે આ વિશે કંઈ વાતચીત કરે છે?"

સન્ધ્યા ખડખડ હસી પડી બોલી : "હાય, હાય, ઠાકુરદા,

એ તમનેયે ગણકારતો નથી, કૂતરા બિલાડા જેવા ગણે છે—તો હું કોણ વિસાતમાં ?" આટલું બોલી તે વાદવિવાદની રાહ જોયા વિના જ આંખના પલકારામાં ઓરડીમાં ચાલી ગઈ.

જગદ્ધાત્રીથી હવે સહેવાયું નહિ, તે ઠપકો આપતી બોલી : "હતભાગી ! પારકા છોકરા પર તું આવો ખોટો આક્ષેપ મૂકે છે ! એને કોણ નથી ઓળખતું ? એ કદીયે એવું બોલ્યો નથી, હું ગંગામાના જળમાં ઊભી રહી કહેવા તૈયાર છું !"

ઓરડીમાંથી કશો જવાબ આવ્યો નહિ. ગોલકે કહ્યું : "ના જગો, આજકાલનાં છોકરાં બધાં એવાં જ ! તો ભલે ને, અમે કૂતરા બિલાડા રહ્યા ! પણ એક વાત કહેતો જાઉં છું આજે. હવે છોકરીને પરણાવી દેવામાં મોડું કરતી નહિ. ગમે ત્યાં ફેંકી દઈ પાપ ચૂકવી નાંખ—ચૂકવી નાંખ."

જગદ્ધાત્રી રડી પડી બોલ્યા : "એકાદ બોળી આપો ને મામા. મને તો હવે સૂઝતું જ નથી."

ગોલકે માથું હલાવતાં હલાવતાં કહ્યું : "ઠીક જોઈશ. પણ, તું જાણે છે તો, મા ' એકની એક છોકરી છે—દૂર પરણાવીશ તો તારાથી કેમે જીવાશે નહિ, રડી રડીને મરી જઈશ. અમારા જેવાના ઘરમાં પાત્રની ઉંમર જોવા જાય તો એ નહિ ચાલે. તો યે નજર આગળ હોય, સાંજસવાર બે વખત મોં જોવા મળે, એથી બીજું સુખ શું જોઈએ ?"

જગદ્ધાત્રીએ આંખો લૂછી નાખી, કરુણ કંઠે કહ્યું : "ક્યાંથી લાવું મામા, આટલું બધું ! તો પણ ઘરજમાઈ—"

ગોલકે વાક્ય પૂરું થવા જ દીધું નહિ. તે બોલ્યા : "છિ, છિ, એવી વાત મોઢે આણીશ નહિ. જગો, ઘરજમાઈનો જમાનો હવે ગયો. એમ છતાંયે એકાદ ગમાર ગોવિંદને પકડી આણીશ—ગાંજો બાંજો પી ચકચૂર બની તારું બધું ઉડાવી દેશે—પછી તું જાણે ! તારી જ વાતનો જરા વિચાર કરી જો ને !"

તેમનો છૂપો કટાક્ષ સમજી જઈ જગદ્ધાત્રી આંખના પલકારામાં ઉશ્કેરાઈ જઈ બોલ્યાં : "સદાની જોતી આવી છું, મામા, સદાની રોમરોમ બળી રહી છું."

ગોલકે મૃદુ હાસ્ય કરી કહ્યું : "હાસ્તો! કામકાજ વગર બેઠા બેઠા ખાય એટલે બીજું શું થાય! એટલું તારા જેવી બુદ્ધિશાળી સ્ત્રી ન સમજે!"

જગદ્ધાત્રી ફુલાઈ જઈ બોલી : "સમજું તો છું—અંદર તો બધું સમજું છું. પણ હું બાઈ માણસ, ક્યાંયે મને આરો ઓવારો દેખાતો જ નથી!"

ગોલક હિંમત આપી બોલ્યા : "દેખાશે, દેખાશે. ઉતાવળ શી છે—જોઈશ, હું પણ જરા વિચાર કરી જોઈશ, પણ આજ જાઉં, સાંજ પડી ગઈ છે."

જગદ્ધાત્રી વિનંતી કરી બોલી : "મામા, ત્યારના ઊભા ને ઊભા જ છો, જરા બેસશો નહિ?"

ગોલક બોલ્યા : "ના, મા! સન્ધ્યાપૂજાનો સમય થવા આવ્યો —આજે હવે બહુ મોડું નહિ કરું." એમ બોલી તે ધીમે ધીમે બહાર નીકળ્યા.

જગદ્ધાત્રી તેમને વળાવવા ખડકીના દરવાજા સુધી તેમની સાથે સાથે ગઈ.

## ૫

સવારના પહોરમાં પ્રિય મુખર્જી મહાશય રઘવાયા રઘવાયા પ્રેક્ટિસે જતા હતા. બંગલામાં એક થોકડો હોમિયોપથીની ચોપડીઓ હતી અને હાથમાં ટુવાલમાં બાંધેલી દવાની પેટી હતી. એની પાછળ એકકોડી ભોઈની વિધવા સ્ત્રી કાકલુદી કરતી કરતી આવતી હતી : "બાબા ઠાકુર, તમે દયા ન કરો તો અમે લોકો ક્યાં જઈએ ?"

પ્રિયને પાછું જોઈ વાત કરવાનો વખત ન હતો. તેમણે ડાબો હાથ પાછળ હલાવી કહ્યું : "ના, ના, ના—તમને હવે હું રાખી શકીશ નહિ, તમે લોકો બહુ બદજાત છો. શું કરવા બકરીને તેં ઓસામણ ખવડાવ્યું ?"

ભોઈની વહુ વિસ્મિત થઈ બોલી : "કોનાં ઘેટાં બકરાં ઓસામણ નથી ખાતાં, બાબા ઠાકુર !"

પ્રિયે ભયંકર ક્રોધ કરી કહ્યું : "પાછી ખોટું બોલે છે હરામજાદી ! કોઈનાં બકરાં ઓસામણ ખાતાં નથી. બકરાં તો ખાય ઘાસ."

ભોઈની વહુએ કહ્યું : "ઘાસ ખાય, પાન–પાંદડાં ખાય ને ઓસામણ પણ ખાય, બાબા ઠાકુર."

પ્રિય પહેલાંની જેમ જ હાથ હલાવી બોલ્યા : "ના, ના, તમને હું રાખવાનો નથી. આજે જ અહીંથી જતાં રહો. ગોલક ચાટુજ્જે કહી ગયા છે, બામણના ફળિયામાં તમે લોકોએ બકરીને ઓસામણ ખવડાવ્યું છે, હવે તમારી ઉપર હું શું દયા કરું ?—તમે લોક બહુ બદજાત છો !"

ભોઈની વહુએ છેલ્લી વિનંતી કરતાં કહ્યું : "તો શું ઓસા-

મણ ફેંકી દેવું, બાબા ઠાકુર?"

પ્રિયે તરત કહ્યું: "હા, ફેંકી દેવું. તારે ગાય હોત ને ખવડાવત તો દોષ ન હતો. પણ આ તો ગજબ થયો! બસ આજે જ જતી રહે. સમજી! ઉફ—ખૂબ દહાડો ચડી ગયો—સલ્ફર આપવાનો વખત વહી જાય છે." બોલતા બોલતા તેમણે ઉતાવળે ચાલવા માંડ્યું કે ભોઈની વહુએ પાછળથી કરુણ સ્વરે કહ્યું: "બાબા ઠાકુર, આખો દિવસ ને રાત થયાં છોકરીના પેટમાં નામના બે દાણાયે ગયા નથી—"

પ્રિયે તરત જ પાછા ફરી ઊભા રહી કહ્યું: "શાથી? શાથી? ઝાડા થાય છે? ઊલટી થાય છે?"

ભોઈની વહુએ માથું ધુણાવ્યું.

"તો શું પેટ ચડ્યું છે? ભૂખ નથી લાગતી?"

"ભૂખ તો ખૂબ લાગે છે, બાબા ઠાકુર."

પ્રિયે કહ્યું: "અરે—એમ બોલને. એ તો એક ભયંકર રોગ—નેટ્રામ આયોડોન, બીજીયે ઘણી દવા છે. ત્યારે હમણાં સુધી બોલી કેમ નહિ?—જોઈ કરીને—એક ડોઝ પીવડાવી દેત ને! ચાલ જોઉં—"

ભોઈની વહુ આનાકાની કરી બોલી: "દવા જોઈતી નથી બાબા ઠાકુર—મૂઠી ડાંગર મળે તો છોકરીને શેકી આપું."

પ્રિય ક્ષણવાર આશ્ચર્ય પામી જોઈ રહ્યો, પછી તપી જઈ બોલ્યો: "દવા જોઈતી નથી, ડાંગર જોઈએ છે! આવી જા, હરામજાદી, મારા મોં આગળથી. આગ પડો તમારા હલકી જાતના મોઢામાં."

ભોઈની વહુ શરમીંદી પડી ચાલી જવાની તૈયારીમાં હતી ત્યાં પ્રિયે ધમકાવી કહ્યું: "ખાવા મળતું નથી તો સન્ધ્યાને જઈને કહેને જા!"

ભોઈની વહુ મોં ઊંચું કરી જોઈ રહી.

પ્રિયે કહ્યું: "જોજે, સન્ધ્યાની બા પાસે જઈ મરતી નહિ.

ઘાટ પાસે ઊભી રહેજે. બહેન આવે એટલે કહેજે કે મારી મોટી દવાની પેટીમાં એક આઠ આની છે તે આપે. પણ ખબરદાર! કહી રાખું છું કે માંદી પડે તો પહેલાં મને બોલાવવો પડશે. એ વખતે જો બિપના પાસે જઈને—કોણ એ ત્રૈલોક્ય કે? ષષ્ઠિચરણ કે? ઘરના બધા સમાચાર તો સારા છે ને?"

ભોઈની વહુ આસ્તે આસ્તે ચાલી ગઈ. ત્રૈલોક્ય અને ષષ્ઠિચરણ સામે આવી પ્રાતઃપ્રણામ કરી બોલ્યા: "જી, હા. આપના આશિ-ર્વાદથી સમાચાર બધા સારા છે, સૌ ખેમકુશળ છે."

પ્રિયે અસ્પષ્ટપણે આશિર્વાદ આપી કહ્યું: "સારું, સારું. વખત એવો આવ્યો છે કે મને તો નહાવા ખાવાનોયે સમય મળતો નથી. ઘેર ઘેર શરદી, ખાંસી, જરા બેદરકારી રાખી કે બ્રોન્કાઈટિસ. સવારના પહોરમાં આમ ક્યાં જવા માંડયું?"

ત્રૈલોક્યે કહ્યું: "જી, આપની જ પાસે."

પ્રિયે ઉત્સાહિત થઈ પૂછ્યું: "કેમ, કેમ, શું કામ હતું?"

ત્રૈલોક્ય કહ્યું: "લોકોને આવવા જવાની બહુ મુશ્કેલી પડે છે જમાઈબાબુ, એટલે વહેળા ઉપર એક બંધ બાંધીએ છીએ. આપના આ વૈકુંઠની ખાતર વાંસ આપો, નહિ તો કંઈ થાય એમ નથી."

પ્રિયે ચિડાઈ જઈ કહ્યું: "પણ હું શાનો આપું? ગામમાં શું બીજા માણસો નથી?"

ઘરડો ષષ્ઠિચરણ આટલી વાર ચૂપ રહ્યો હતો. તેણે આ વખતે માથું નમાવી ફરીથી પ્રણામ કરી કહ્યું: "જો અભયદાન આપો તો બોલું, જમાઈબાબુ! આ ગામમાં આપના સિવાય બીજું કોઈ માણસ નથી. આપ દયા કરો તો લોકોને જવાનો રસ્તો થશે. નહિ તો અમે ખેડૂત લોકો ક્યાંથી લાવીએ વાંસ ખરીદવાના પૈસા?"

પ્રિયે ક્ષણવાર મૌન રહી પૂછ્યું: "લોકોને બહુ આપદા પડે છે શું?"

ત્રૈલોક્યે કહ્યું : “ મરી જાય છે બાબા ઠાકુર, હાથ પગ ભાંગી મુઆ પડે છે.”

પ્રિય બોલ્યા : “ પણ સન્ધ્યાની બા જાણશે તો ગુસ્સે થશે !”

ષષ્ઠિચરણે કહ્યું : “ તમે આપો છો, પછી એમને શું ? તે વખતે ગમે તો અમે બધા જઈને એમને પગે પડશું.”

પ્રિય ચિંતાતુર મુખે થોડી વાર ઊભા રહી બોલ્યા : “ લોકોને આપદા પડે છે ! ઠીક, તો લઈ જાઓ,—પણ જોજો, સન્ધ્યાની બાને ખબર ન પડે, હોં. હં, બહુ મોડું થઈ ગયું—રસિક બાગદીની વહુને રાતે કેમ હશે, કોણ જાણે ! બ્રાયોનિયાનું એકશન—હાલતા ચાલતાં પીડા થાય જ ને ! ઠીક, તો હું જાઉં છું—જાઉં છું—” એટલું બોલી પ્રિય ઉતાવળે પગલે અદૃશ્ય થઈ ગયા.

વૃદ્ધ ષષ્ઠિચરણ જરા હસ્યો. પરંતુ ત્રૈલોક્યે કહ્યું : “ લોકો એને ગાંડો કહે છે ખરા, પણ કાકા, એ ગાંડા ઠાકુર સિવાય ગરીબનું દુઃખ કોઈ સમજતું નથી. મન કેવું ગંગાજળ જેવું સ્વચ્છ !” એમ કહી જે દિશામાં પાગલ ઠાકુર ચાલી ગયા હતા તે બાજુએ મોં કરી બે હાથ જોડી તેણે તેમને નમસ્કાર કર્યા.

ષષ્ઠિચરણ બોલ્યો : “ હુકમ થઈ ગયો, હવે વિલંબ નહિ કરવો જોઈએ. ત્રૈલોક્ય, કામ પતે એટલે થયું.”

ત્રૈલોક્યે માથું હલાવી કહ્યું : “ હાસ્તો, ચાલો કાકા.”

## પ્રકરણ બીજું

૧

સન્ધ્યાનો અંધકાર ધીમે ધીમે ગાઢ થતો જતો હતો, પરંતુ હજુ દીવા થયા ન હતા. અરુણ તેના અભ્યાસગૃહમાં ટેબલ ઉપર બે પગ રાખીને ઊંચે છાપરા તરફ નજર ઠેરવીને સ્તબ્ધ થઈ બેસી રહ્યો હતો. તેના ખોળામાં ચોપડી ઉઘાડી પડી હતી, પણ તરત જણાઈ આવતું હતું કે તેણે હમણાં અંધારુ થવાને લીધે જ વાંચવું બંધ કર્યું ન હતું, પણ અજવાળું હતું ત્યારે પણ ચોપડી એમની એમ ત્યાં જ પડી રહી હતી. સાચી વાત એ છે કે તે દિવસથી તે કામે પણ ગયો નથી, ઘરની બહારે પણ નીકળ્યો નથી. આ કેટલાક દિવસ થયાં તેને માત્ર એક જ વાત રહી રહીને યાદ આવ્યા કરે છે કે એક વ્યક્તિને મન તે તદ્દન અસ્પૃશ્ય થઈ ગયો છે! તિરસ્કાર, અપવિત્રતા એટલાં વધી ગયાં છે કે, તેના સ્પર્શ માત્રથી પણ એ વ્યક્તિને મોંમાંનું પાન થૂંકી દેવું પડે છે.

એકાએક તેની વિચારમાળામાં વિક્ષેપ પડ્યો. બારણા પાસે કશોક અવાજ સાંભળી તેણે આંખ ઢાળી ચોક્સાઈપૂર્વક જોઈ લઈ પૂછ્યું : "કોણ છે ત્યાં?"

"હું સન્ધ્યા" જવાબ આપી સન્ધ્યા બારણું ખોલી બારસાખ પકડી ઊભી રહી.

અરુણ ઉતાવળે ઉતાવળે મેજ પરથી પગ લઈ ઊભો થઈ ગયો અને અતિશય આશ્ચર્યપૂર્ણ અવાજે તેણે પ્રશ્ન કર્યો : "તું અહીં? અત્યારે ક્યાંથી? અંદર તો આવ, બેસ!"

સન્ધ્યાએ કહ્યું : "મને બેસવાનો હક નથી. હું તો તળાવે નહાવા જતાં જતાં છાનીમાની અહીં આવી છું. અમારું માન

રાખશો, અરુણદા ?"

અરુણ વધારે આશ્ચર્ય પામી બોલ્યો : "માન ? તમારું ? જરૂર રાખીશ, સન્ધ્યા."

"હું એ જાણતી જ હતી." બોલી સન્ધ્યા ક્ષણવાર મૂંગી રહી. તે બોલી : "બાપુ પાસે સાંભળ્યું કે થોડા દહાડાથી તમે કામે જતા નથી, ઘરમાંથી બહાર પણ નીકળતા નથી—એમ કેમ કરો છો ! કહો જોઉં ?"

"મારું શરીર સારું નથી."

સન્ધ્યાએ કહ્યું : "ના હોય એ સંભવિત છે. પણ ખરી વાત એ નથી. નહિ તો બાપુએ સૌથી પહેલાં એ જ કહ્યું હોત."

અરુણ મૂંગો રહ્યો : સન્ધ્યા પોતે પણ જરા શાંત રહી પછી બોલી : "કારણ હું જાણું છું, અરુણદા ! પણ મારે ઘેર તમે હવે કદી આવતા નહિ."

અરુણ આસ્તે આસ્તે માથું હલાવી બોલ્યો : "ના,—કેવળ તારે જ ઘેર નહિ પણ—આ ગામ છોડીને બીજે કયાંક જવું કે નહિ—જ્યાં વિના દોષે એક માણસ બીજા માણસને આટલો હીન ગણી તેનો તિરસ્કાર કરતો ન હોય ત્યાં—એનો જ હું રાતદિવસ વિચાર કર્યા કરું છું."

સન્ધ્યા ઊંચું જોઈ બોલી : "વતનનો ત્યાગ કરી ચાલ્યા જશો ?"

અરુણે કહ્યું : "વતન મારો ત્યાગ કરે છે, સન્ધ્યા ! આજે હું તારી આગળ પણ એટલો અપવિત્ર થઈ ગયો છું કે તારેયે મોંમાંનું પાન થૂંકી દેવું પડ્યું ! આવી ઘૃણા સહન કરીને પણ તું શું મને આ ગામમાં જ રહેવાનું કહે છે ?"

સન્ધ્યા નિરુત્તર બની નીચે મોઢે ઊભી રહી. અરુણે કહ્યું : "આચારને નામે ચાલતા આ ચિરકાળના સંસ્કારોની તારા મન ઉપર લગીરે અસર નહિ હોય, પણ જ્યાં આગળ એની અસર છે

ત્યાં એક માણસના હાથે થતો બીજા માણસનો આવો તિરસ્કાર કેવો ઘા કરી કેટલે ઊંડે સુધી તે માણસને વીંધી નાખે છે, એ વાત મારે પણ એક દિવસ આમ અનુભવવી પડશે એવું તો મેં સ્વપ્ને પણ ધાર્યું નહોતું, સન્ધ્યા!"

સન્ધ્યા ક્ષણવાર મૌન રહી બોલી: "પણ એ તિરસ્કાર તમે તમે જાતે જ વહોરી લીધો નથી, અરુણદા?"

અરુણે કહ્યું: "શી ખબર! પણ, સન્ધ્યા, પ્રાયશ્ચિત્ત કર્યેથી પણ એનો કંઈ નિકાલ નહિ થતો હોય?"

સન્ધ્યા બોલી: "થાય છે. પણ એક દિવસે સ્વમાન ગુમાવી બેસવાની બીકે તમે જ ના પાડતા હતા—અને આજે જો જાતે જ સ્વમાન છોડવા તૈયાર થવાના હો, તો, હું કહું છું અરુણદા, તમારે કરવું હોય તે કરજો, પણ હવે અહીં રહેશો નહિ."

અરુણે કહ્યું: "પણ તમારા લોકની ઘૃણા મને ત્યાં પણ ટકવા દેશે નહિ!"

"પણ એમાં તમને શું લાભ નુકસાન?"

અરુણે કહ્યું: "સન્ધ્યા! તુંયે આવું બોલે છે?"

સન્ધ્યા બોલી: "તમે મારી લજ્જા—મારા સંકોચનું આવરણ પણ રહેવા દીધું નથી, અરુણદા! વાતવાતમાં તમને મેં કેટલીવાર જણાવી દીધું છે કે એમ કેમે બનશે નહિ. તો પણ તમારી ભિક્ષાની જબરદસ્તી પણ કેમે કરી પૂરી થતી નથી. બાપુ રાજી થાય. મારી બા પણ કદાચ ભૂલી જાય, પણ હું તો કદી ભૂલી શકનાર નથી કે હું કેવી ઊંચા કુળની, બામણની દીકરી છું!"

અરુણ આશ્ચર્ય પામી હતબુદ્ધિ થઈ બોલ્યો: "અને હું?"

સન્ધ્યા બોલી: "તમે પણ મારી નાતનાં જ—પણ તેમ છતાં વાઘ અને બિલાડી તો એક નથી, અરુણદા!" તે બોલી પડી, પણ સાથે સાથે જ તે પોતે પણ જાણે મનમાં કંપી ઊઠી.

અરુણ વધારે બોલ્યો નહિ. તેણે માત્ર પોતાની વિસ્મયભરી,

વ્યથાભરી આંખો સન્ધ્યાના મોં પરથી ખસેડી લીધી.

સન્ધ્યાએ જેમ તેમ કરી હસવાનો પ્રયત્ન કરી કહ્યું : "ગમે ત્યાં જશો અરુણદા, પણ મને સહેજે ભૂલી શકવાના નથી. ઘણા કાળ સુધી હું તમને યાદ આવ્યા કરીશ,—ફરીફરીને તમારું આટલું અપમાન કોઈએ કર્યું નથી."

અરુણે ઊંચું જોઈ કહ્યું : "પણ તું કેમ આવી હતી એ તો તેં હજુ કહ્યું નહિ."

સન્ધ્યા જવાબમાં જરાક હસી. થોડીવાર ચૂપ રહી બોલી : "દુનિયામાં આશ્ચર્યનો કંઈ અંત નથી." ત્યારબાદ શું કંઈક બોલવા જતાં એકદમ અટકી જઈ બોલી : "એમ છતાં મારું માન તમે નહિ રાખો તો બીજું કોઈ રાખનાર નથી—આ તમને સાચું લાગે છે અરુણદા ?"

અરુણ માત્ર નિઃશબ્દ જોઈ રહ્યો.

સન્ધ્યા બોલી : "એકકોડી ભોઈની વિધવા સ્ત્રીને અને તેની છોકરીને એકકોડીના બાપે કાઢી મૂક્યાં છે, પણ મારા બાપુ એમને બોલાવી લાવ્યા છે. મેં તેમને આશ્રય આપ્યો છે."

"ક્યાં ?"

"અમારી જૂની કોઢમાં. પણ પણ બામણના ફળિયામાં એ લોકોથી કંઈ રહેવાય ?"

અરુણે નવાઈ પામી પૂછ્યું : "કેમ ન રહેવાય ?"

સન્ધ્યાએ કહ્યું : "કેમ શું ? એ લોકો ભોઈ છે. અમારા તળાવમાંથી એ પીવાનું પાણી લઈ આવે, રસ્તા ઉપર બકરાંને ઓસામણ ખવડાવે,—કદાચ અજાણતાં ગોલક ઠાકુરદાનો પગ પડે—એટલે મારી બાએ પ્રતિજ્ઞા કરી છે કે કાલે સવારે એમને ધકેલી કાઢ્યા પછી જ એ સ્નાન કરશે. હવે તમે એ લોકોને જગા આપો, અરુણદા !—એમની પાસે કશું નથી—બિચારાં તદ્દન નિરાધાર છે."

અરુણે કહ્યું : “ વારુ, પણ ક્યાં જગા આપું ? ”

સન્ધ્યા બોલી : “ એ હું શું કહું ?—ગમે ત્યાં આપો. તમારા સિવાય બીજા કોની પાસે જઈને કહું ? ”

અરુણ જરા વિચાર કરી બોલ્યો : “ મારો માળી ઘેર જતો રહ્યો છે—એના ઘરમાં એ રહી શકશે ? જરૂર હશે તો, વળી જરા-તરા સમરાવી આપીશ. ”

સન્ધ્યા મોં ઊંચું કરી બોલી શકી નહિ. માત્ર નીચે મોઢે જ માથું હલાવી તેણે પોતાની સંમતિ બતાવી.

અરુણે કહ્યું : “ તો તું એ લોકોને અહીં મોકલજે. માળી પાછો આવશે તો એમને બીજી વ્યવસ્થા કરી આપીશ. ”

સન્ધ્યા આનો પણ જવાબ આપી શકી નહિ. નીચી આંખે જાણે તે પોતાને સ્વસ્થ કરી રહી હતી. પછી તે ધીરેથી બોલી : “ અત્યારે મારા મોંમાં પાન નથી, નહાવા જ નીકળી છું. તો તમને પ્રણામ કરી તમારા પગની ધૂળ માથે ચડાવી જાઉં. ” એમ બોલી લાંબી થઈ નમસ્કાર કરી તેના પગની ધૂળ માથે ચઢાવી ઉતાવળે પગલે તે અદૃશ્ય થઈ ગઈ !

અરુણે તેને પાછી બોલાવવાનો કે બીજું કશું પૂછવાનો પ્રયત્ન સરખો પણ ન કર્યો; માત્ર એના ભણી જોઈ રહી તે સ્તબ્ધ બની બેસી રહ્યો.

બે ત્રણ દિવસ પછી જગદ્ધાત્રી નદીએ સ્નાન કરી ઘેર પાછાં આવતાં હતાં. રસ્તામાં રાસમણિનો ભેટો થયો. તેમનાં આંખ મોં અતિશય ઉશ્કેરાટને લીધે રતું રતું થઈ રહ્યાં હતાં. પાસે આવી તે ગદ્‌ગદ કંઠે બોલ્યાં: "જગો, માડી મારી, તારી પેલી ગાંડી છોકરીએ કેવી તપસ્યા કરી હશે? એવું તો સ્વપ્નેય ધાર્યું ન હતું!"

જગદ્ધાત્રી કશું સમજી નહિ. પરંતુ એમના મોઢે છોકરીનું નામ સાંભળતાં જ એને મનમાં ભય પેઠો. ડોક ઊંચી કરી તેણે પૂછ્યું: "શું થયું માસી? શું કર્યું છે સન્ધ્યાએ?"

રાસમણિ બોલ્યાં: "એણે કર્યું છે એવું આખી દુનિયામાં કઈ છોકરીએ ક્યારે કર્યું છે, કહે જોઉં? જા, ભીને કપડે, ભીને વાળે જઈને શ્રીધરને સાષ્ટાંગ નમસ્કાર કર. ગણપતિ અને દુર્ગામાના મંદિરે પૂજા મોકલી આપ. પણ મને, બેટા, *પાંદડું પહેરવા માટે એક પાતળી સોનાની સેર ઘડાવી આપવી પડશે એ પણ પહેલેથી કહી રાખું છું."

જગદ્ધાત્રીએ અકળાઈ જઈ પૂછ્યું: "પણ છે શું, માસી? ખુલ્લું ના બોલો તો પછી સમજાય કેમ કરી?"

રાસમણિ જરા હસીને બોલ્યાં: "ખુલ્લું કહેવું પડશે? તો સાંભળ! તમે માદીકરીએ ખૂબ પુણ્ય કર્યાં હશે, નહિ તો આમ કોઈ કાળે બને નહિ. ચિંતા કરી કરી મરી જતી હતી કે છોકરીનાં લગન કરવાં શી રીતે—હવે જા,—એકદમ રાજાની સાસુ થઈને બેસજે."

વાત સાંભળી જગદ્ધાત્રી આંખો કપાળે ચઢાવી જોઈ રહ્યાં.

*દેવનાં પગલાંવાળી મીનાકારી પતરી.

રાસમણિએ દયાપૂર્વક અવાજે કહ્યું : “ તારો હવે દોષ નથી, જગો, સાંભળીને હુંયે આમ જ જોઈ રહી હતી. મને તો થયું, જાણે ઊંઘમાં સ્વપ્નું જોઉં છું.”

જગદ્ધાત્રી બોલ્યાં : “ ચોકખે ચોકખું કહી નાખોને માસી, શું થયું છે ? મને તો કંઈ સમજમાં આવતું નથી ! ”

રાસમણિએ જગદ્ધાત્રીનો ડાબો હાથ પોતાની મૂઠીમાં લઈ કાનની પાસે મોં લઈ જઈ ગુસપુસ કરી કહ્યું : “ વાત છાની રાખજે, મા, હરખમાં ને હરખમાં હમણાં બહાર પાડી દેતી નહિ— નહિ તો કોઈ વળી ભંભેરણી કરશે. મારા સિવાય ચાટુજ્જેદાદા બીજા કોઈનો વિશ્વાસ રાખતા નથી, એટલે, સવારે બોલાવી મને કહ્યું : “ રાસુ, જગદ્ધાત્રીને ખબર આપી આવજે, બેન, તેની છોકરીને માટે હવે ચિંતા કરી મરે નહિ—મારા હાથમાં સોંપી દઈને, બસ, રાજાની સાસુ બની પગ ઉપર પગ ચઢાવી ઓરડામાં બેસી રહે. મને થયું, આ મારી વૈકુંઠનગરી ખાલીખમ ખાવા ધાય છે —છોકરાને પણ કોણ ઉછેરે ?—હશે, એક કાંકરે બે પક્ષી પડશે. એક તો બામણનું કુળ સચવાશે અને ગામની છોકરી ગામમાં રહેશે. એમનેયે એકની એક છોકરી—”

પણ રાજાની ભાવિ સાસુના મુખ ભણી જોયા પછી તેઓ આ વાકચ પૂરું કરી શકયાં નહિ. સાંભળતાં સાંભળતાં જગદ્ધાત્રી જાણે એકદમ જડ થઈ ગયાં હતાં !

રાસમણિ ગભરાઈ જઈ બોલ્યાં : “ શું થયું રે જગો ? ”

જગદ્ધાત્રીએ સ્વસ્થ બની, એક નિસાસો નાંખી કહ્યું : “ કંઈ નહિ, માસી, એ તો ગોલક મામાએ તમારી મશ્કરી કરી છે.”

“ મશ્કરી શાની વળી ? આવડી ઉંમર થઈ ને મશ્કરી કોને કહેવાય એ હું સમજતી નહિ હોઉં શું ? તેમાં વળી ભાઈ બેનમાં મશ્કરી ? ”

જગદ્ધાત્રીએ કહ્યું ; “ મશ્કરી જ તો, માસી. બાકી આવું તે

કદી બને ? ”

રાસમણિ સહેજ હસીને બોલ્યાં : “ ખરી વાત, બેટા—મને ય પહેલાં તો એમ લાગ્યું હતું. મને થયું, આ સ્વપ્નું તો જોતી નથી ને ?.પણ પછી સમજાયું કે, ના, જાગું છું. છોકરીનું નસીબ જોર કરે છે! બાકી કુળવાનની છોકરીના નસીબમાં આવું કદી કોઈએ દેખ્યું કે સાંભળ્યું છે ? આશીર્વાદ આપું છું કે જનમભર સૌભાગ્યવતી રહે. પણ જો—મેં કહ્યું તે આજ ને આજ કરી નાખજે, સમજી ? અને જોજે, વાત પાછી ફૂટી જાય નહિ. પહેલાં નિર્વિઘ્ને આશીર્વાદ થઈ જવા દે. ”

જગદ્ધાત્રી મૂંગાં થઈ ઊભાં રહ્યાં.

રાસમણિએ ફરી કહ્યું : “ આ આવતા માગશર પછી એક વરસ સુધી મહુરત નથી. મારા ચાટુજ્જે દાદાની ઇચ્છા—” કહી તેમણે જરા મલકાઈ જઈને કહ્યું : “ તે ના શું કરવા થાય, કહે. છોકરી તો જાણે મા લક્ષ્મીનો અવતાર! જોતાં જ મોટા મુનિનું મન ડગી જાય, તો પછી ગોલક ચાટુજ્જે ! ”

આમ કહી હસી જગદ્ધાત્રીના હાથ ઉપર આંગળી દબાવી બોલ્યા : “ જા, જા, ભીને કપડે ઊભી ના રહીશ—હુંયે જાઉં, બપોર થવા આવ્યા—વળી પાછી નમતે પહોરે આવીશ. ઘણી વાતો કરવાની છે. ”

એટલું બોલી વધારે વખત ગુમાવ્યા સિવાય તેઓ ચાલ્યાં ગયાં.

જગદ્ધાત્રી જાણે લથડિયાં ખાતી ખાતી ઘેર આવી પહોંચી. સેવાની ઓરડીના વરંડામાં પાની ભરેલો ઘડો ધબ દઈને મૂકી દઈ ભીને લૂગડે ત્યાં જ બેસી પડી, તરત જ તેની આંખો ઊનાં આંસુથી ભરાઈ ગઈ.

તેનું આ એકનું એક સંતાન ! તેની લાડકવાયી સંધ્યા રૂપ અને ગુણમાં જાણે લક્ષ્મીની જ પ્રતિમા ! એ પ્રતિમાને પધરાવવાનું કહેણ આવ્યું ગોલક ચાટુજ્જેના નરકકુંડમાં ! જે ગોલક છોકરીની

દાદી કરતાંયે ઉંમરે મોટા હતા, તેમના હાથમાં છોકરીને સોંપી દેવા કરતાં તો મારી નાંખવી સારી—તેમના હૃદયમાં જાણે જ્વાળા સળગી રહી! પરંતુ મોંએથી 'ના' બોલી શકી નહિ. તે પોતે પણ કુળવાન બ્રાહ્મણની છોકરી હતી—સમાજમાં અને કુટુંબમાં આ કંઈ નવાઈનું ન હતું—એના કરતાં પણ વધારે દુર્ગતિ તેણે સગી આંખે જોઈ હતી—એટલે પોતાની છોકરીની વાત યાદ આવતાં હૃદય ભડભડ બળતું હતું, છતાં પણ એને અવગણીને હોલવી નાખવા માટે એક ટીપું પાણી પણ એને ક્યાંય શોધ્યું જડ્યું નહિ. એકલી બેઠી બેઠી ગુપચુપ તે આંસુ લૂછવા લાગી, રહી રહીને તેને જાણે એમ લાગવા માંડ્યું કે નજીકના ભવિષ્યમાં જ કાં તો એ વસ્તુ એક દિવસ સાચી થઈ પડશે—કદાચ એ દુષ્ટ માણસની દુર્જય વાસનાને ખાળવાનો કોઈ ઉપાય જ તેને શોધ્યો જડશે નહિ. એની તે દિવસની કૌતુકપૂર્ણ રહસ્યભરી વાતો તેને ફરી ફરી યાદ આવવા લાગી—તેમાં આટલું બધું ઝેર છુપાયેલું હતું—એવો સંદેહ પણ એ વખતે કોને હતો!

બારણામાંથી સન્ધ્યા એક કાગળ વાંચતી વાંચતી ધીમે પગલે અંદર આવી. હજુ કાગળ પૂરો વાંચી રહી નહોતી. એણે આજુબાજુ જોયા વિના બૂમ મારી: "બા, ઓ બા!"

જગદ્ધાત્રીએ ઝટપટ આંખો લૂછી નાખી જવાબ આપ્યો: "કેમ મા?"

તેના ભારે થયેલા અવાજથી ચમકીને સન્ધ્યાએ મોં ઊંચું કર્યું, પછી ધીમે ધીમે પાસે આવી તેણે પૂછ્યું: "શું થયું છે બા?"

જગદ્ધાત્રી કન્યાની તીક્ષ્ણ દૃષ્ટિમાંથી મોં ફેરવી લઈ બોલી: "કશું થયું નથી, મા."

સન્ધ્યાએ વધારે પાસે આવી પાલવ વડે માતાનાં આંસુ પ્રેમપૂર્વક લૂછી નાંખી કરુણ કંઠે પૂછ્યું: "મારા બાપુએ આજે કંઈ કર્યું છે, બા?"

જગદ્ધાત્રી માત્ર બોલી : " ના. "

સંધ્યા માની શકી નહિ. ધીરે ધીરે માની પાસે બેસી તે બોલી : " દુનિયામાં બધું જ કંઈ માણસની ઇચ્છા પ્રમાણે થતું નથી, બા. બધા જ મારા બાપુને ગાંડા ઠાકુર કહી બોલાવે છે, તું પણ એમને એવા જ માની લેતી હો તો ! "

જગદ્ધાત્રીએ કહ્યું : " એ લોકો એમ માને એમાં એમને શું નુકસાન ?—પણ મારી જેમ કોઈને બળી મરવાનું તો નહિ ને સન્ધ્યા ? "

આ બળતરા તે કઈ, અને તેના પિતાને માટે કોને ક્યાં દુઃખ વેઠવું પડે છે, એનો સન્ધ્યા કદી પણ વિચાર કરતી નહિ; આજે પણ કર્યો નહિ. ઊલટું તેના આ સરળ, નિખાલસ, પારકાના દુઃખે દુઃખી થનાર, ઓછી બુદ્ધિવાળા પિતાના દુઃખથી તેનું ચિત્ત, સ્નેહ અને સમવેદનાથી ભરાઈ ગયું અને આંખો આંસુથી છલકાઈ ગઈ. તે બોલી : " મારું જો ચાલે તો બા, મારા બાપુને લઈ હું વનજંગલમાં, પહાડ પર્વતમાં એવે ક્યાંક સ્થળે ચાલી જાઉં જ્યાં દુનિયાના કોઈને પણ તેમને માટે બળતરા ખમવી પડે નહિ. "

જગદ્ધાત્રીએ હાથ વડે સન્ધ્યાની હડપચી ઊંચી કરી ચુંબન કરી સ્નેહપૂર્વક કહ્યું : " જવા દે એ વાત ! પણ હું તો જાણે તારી સાવકી મા ! સન્ધ્યા ! તારા બાપ ઉપર રાખે છે એના કરતાં અરધો પણ પ્રેમ તું મારી ઉપર રાખતી હોત ! "

સન્ધ્યાએ કહ્યું : " તારા પર હું શું પ્રેમ નથી રાખતી બા ? "

તેની બાએ કહ્યું : " પણ એમની આગળ જાણે તારો જીવ બધો પડ્યો પાથર્યો રહે છે—એમના પગમાં ઝીણી કાંકરી પણ વાગે તો તારો જીવ કપાઈ જાય છે ! તું જાણે જ છે કે એમની દવાથી કશું થતું નથી, તોયે તું જીવ કાઢવા બેઠી છે, બીજા કોઈની દવા ખાતી નથી—રખેને એમને એમાં શરમાવું પડે ! આ બધું શું હું નથી સમજતી, સન્ધ્યા ? "

સન્ધ્યા બેઉ હાથે માને વળગી પડી. પછી હસીને બોલી : "સમજે જ છે તો ! મારા બાપુના જેવા દાક્તર બીજે ક્યાં છે ?"

તેની બા બોલી : "નથી, સાચી વાત."

સન્ધ્યા ચિડાઈ જઈ બોલી : "જા—આમ મશ્કરી કર નહિ. માણસનો રોગ કંઈ એક દહાડામાં જ સારો થઈ જતો હશે ? હું પહેલાં કરતાં તો ખૂબ સારી થઈ છું !" એમ બોલી તેણે એ પ્રસંગ ઉડાવી દઈ કહ્યું : "ભોઈની વહુ જતી રહી બા. નિરાંત થઈ !"

"ક્યારે ગઈ ?"

"કોણ જાણે, સવારે જ જતી રહી હશે."

તેની કૃત્રિમ ઉદાસીનતા તેની માને ભૂલાવામાં નાખી શકી નહિ. તેણે પૂછ્યું : ક્યાં ચાલી ગઈ, જાણે છે ?"

સન્ધ્યાએ એવા જ તુચ્છકારથી કહ્યું : અરુણદાના પેલા પાછલા બગીચામાં હશે. તેમના...માળીનું એક ભાંગ્યું તૂટ્યું છાપરું હતું ને ! એમાં જ કાં તો."

જગદ્ધાત્રીએ પૂછ્યું : "અરુણની પાસે કોણે એમને મોકલ્યાં તેં જ હશે !"

સન્ધ્યા મનમાં મનમાં મુશ્કેલીમાં આવી પડી. કોઈ પણ ઉપાયે આખું જૂઠું ન બોલવું પડે એવો રસ્તો કાઢી બોલી : "અરુણદા પાસે હું શું કરવા એમને મોકલી આપું બા ! મેં કોઈને કોઈની પાસે મોકલ્યાં નથી."

એટલું કહી તેણે અતિશય અણગમતો પ્રસંગ એકદમ બદલી નાખી હાથમાંનો કાગળ ઉઘાડી બતાવી કહ્યું : "મૂળ વાત તો તને હજી કહેવાની રહી ગઈ, બા. મારી સંન્યાસિની દાદીમા હવે કાશીથી સાચેસાચ આવવાનાં છે એમ લખે છે. એ તો કદી જૂઠું બોલતાં નથી બા,—આ વખતે એમને ખરેખર દયા આવી હશે."

જગદ્ધાત્રીએ ઉત્સુક થઈ પૂછ્યું : "માનો કાગળ છે ? ક્યારે

આવવાનું લખે છે ? ”

તેની કાશીવાસિની સંન્યાસિની સાસુ કાશી છોડી એક દિવસ પણ ક્યાંયે જવા ઇચ્છતાં નહિ—આ વખતે જગદ્ધાત્રીએ તેમને ઘણું ઘણું કરીને લખ્યું હતું કે તેમની એકની એક પૌત્રીના લગ્નમાં તેમને કેવળ આવવું જ પડશે, એટલું નહિ પણ કન્યાદાન પણ તેમણે જ આપવું પડશે. સાસુએ કન્યાદાનની વાત કેમે કબૂલ કરી નહોતી, પણ યથાસમયે હાજર રહેશે એટલો જવાબ લખ્યો હતો.

સન્ધ્યા પોતાની લગ્નની વાતથી શરમાઈ જઈ બોલી : “ તારા કાગળનો જવાબ તું જ વાંચને બા ! ” એમ કહી કાગળ બાની પાસે મૂકી એકાએક ગભરાઈ જઈ બોલી : “ ઓ બા, તું હજી લગી ભીને કપડે જ બેઠી છે—હમણાં દોડતી જઈને તારે બદલવાનું લૂગડું લઈ આવું છું. ” એટલું બોલી તે ઉતાવળે પગલે દોડી ગઈ.

જગદ્ધાત્રી કાગળ માથે અડકાડી બોલી : “ વહુ ઉપર આટલે દહાડે શું સાચે જ દયા આવી મા ? ” એમ કહી તે પણ ઊઠી ધીરે ધીરે સેવાની ઓરડી તરફ જવાનું કરતાં હતાં—ત્યાં એકાએક તેમના સ્વામી રાડ પાડતા ઘરમાં દાખલ થયા : “ બે દિવસથી ગયો નથી, બે દિવસથી જોયો નથી, ગજબનો હાઇપોકોન્ડ્રિયા ડેવેલપ થયો છે ! ”

સ્વામીની સાથે જગદ્ધાત્રીને ઝાઝી વાતચીત થતી નહિ. પરંતુ તેમની આ અતિશય ગભરામણ અને ખાસ કરીને બાર વાગ્યા પહેલાં તેમને આજે અકસ્માત પાછા આવેલા જોઈ તેઓ મનમાં ને મનમાં આશ્ચર્ય પામ્યાં. ઊંચું જોઈ શ્રમિત કંઠે પૂછ્યું : “ કોને, શું થયું છે ? ”

પ્રિયે કહ્યું : “ અરુણને. બરાબર હાઇપોકોન્ડ્રિયા ! હું ડાયગ્નોસ કરીશ, તે કોઈના બાપની મગદૂર છે કે ઉડાવી દે ? બિપનો તો એનો અર્થ પણ નહિ કહી શકે. ”

બીજો સમય હોત તો જગદ્ધાત્રી કદાચ આગળ કંઈ બોલત

નહિ, પરંતુ અરુણનું નામ સાંભળી જરા ઉદાસ થઈ બોલ્યાં : " શું થયું છે અરુણને ! "

પ્રિયે કહ્યું : " આ કહ્યું તો ખરું. બિપનોયે જે ના સમજે તે વળી તું સમજવાની! ગમે તેમ તોયે જરાતરા પ્રેક્ટિસ ફ્રેક્ટિસ તો કરે છે ને ! સરસામાન બધો બાંધી દીધો છે, ઘરબાર, જમીન જાગીર વેચાઈ જશે—હારાન કુંડુને ખબર અપાઈ ગઈ છે—સારું થયું તે હું જઈ પહોંચ્યો ! જે દિશાએ હું ન ગયો, જે તરફ એક દહાડો પણ નજર નાંખવાનું હું ચૂકી ગયો ત્યાં જરૂર કંઈનું કંઈ થઈ બેસવાનું ! આમ ને આમ મારો તો જીવ જવા બેઠો. બાપુ ! સન્ધ્યા ! ક્યાં ગઈ પાછી ? જલદી એકદમ મૅટિરિયા—મેડિકા લઈ આવ તો મા, એકાદ રૅમિડિ સિલેક્ટ કરી તેને ખવડાવી આવું. "

" આવું છું, બાપુ. " કહી એક જાડી ચોપડી હાથમાં લઈ સન્ધ્યા પાસે આવી ઊભી.

જગદ્ધાત્રીએ ગુસ્સે થઈ કહ્યું : " તમને પગે પડું, ચોખ્ખું કહી નાખોને શું થયું છે અરુણને ? "

પ્રિય ચમકી પડચા. પછી બોલ્યા : " અરે હાઈપો—માનસિક વ્યાધિ ! આજકાલમાં જ એ દેશ છોડી ચાલ્યા જવાનું કહે છે—હારાન કુંડુને બધું વેચીસાટીને—પણ એ નહિ બને—નહિ બને, એવું બધું હું થવા દઈશ નહિ. એક ટીપું બસો પરસંટનું—"

સન્ધ્યા ફિક્કે મોઢે નીચું જોઈ નિઃશબ્દ ઊભી રહી. જગદ્ધાત્રી વ્યાકુળ કંઠે બોલી ઊઠી : " ઘરબાર વેચી કરી ચાલ્યો જશે અરુણ ? એ તે કંઈ ગાંડો થઈ ગયો ? "

તેમની સામે હાથ ઊંચો કરી રાખી પ્રિયે કહ્યું : " ઉંહું, ગાંડો નહિ, ગાંડો નહિ. ચોખ્ખો હાઈપોકોન્ડ્રિયા ! ગાંડો નહિ—એ તો ઈનસેનિટિ કહેવાય ! એની દવા પણ જુદી છે. બિપનો હોત તો એમ જ કહી મારતે—પણ—"

જગદ્ધાત્રીએ તીરછી દૃષ્ટિ કરી છોકરીના મુખ ભણી જોઈ લીધું અને સ્વામીની ધોધમાર વાણીને પોતાના દૃઢ અવાજે એકદમ અટકાવી દઈ સ્પષ્ટ રીતે પૂછ્યું : " તમારી પોતાની વાત સાંભળવા મને નવરાશ નથી. અરુણ શું ખરેખર દેશ છોડી ચાલ્યો જવા ઇચ્છે છે ? "

પ્રિય બોલ્યા : " ઇચ્છે છે શું ? બધું નક્કી થઈ ગયું છે. માત્ર હું જઈ—"

" પાછો હું ? અરુણ ક્યારે જવાનો છે ? "

પ્રિય તતપપ થતા બોલ્યા : " ક્યારે ? આજે પણ જાય, કાલેયે જાય, માત્ર હારાન કુંડુ મારો બેટો—"

જગદ્ધાત્રીએ પૂછ્યું : " હારાન કુંડુએ બધું ખરીદી લેવા કહ્યું છે ? "

પ્રિયે કહ્યું : " બધું જ. એ બેટાને તો એ જ જોઈએ છે. પાણીને મૂલે મળે—"

જગદ્ધાત્રીએ પાછો પ્રશ્ન કર્યો : " આ વાત ગામનું બીજું કોઈ જાણે છે ? "

પ્રિય બોલ્યા : " કોઈ નહિ. એક પણ માણસ નહિ. માત્ર હું સદ્‌ભાગ્યે—"

જગદ્ધાત્રીએ કહ્યું : " તમારી સદ્‌ભાગ્યની વાત સાંભળવા મને ઇચ્છા નથી. તમે જરા એક વાર એને અહીં બોલાવી લાવશો ? કહેજો, તારી કાકીએ હમણાં જ તને તુરતાતુરત બોલાવ્યો છે. "

સન્ધ્યા હજી લગી એક પણ શબ્દ બોલી નહોતી, ગુપચુપ ઊભી રહી સાંભળ્યા કરતી–આ વખતે તેણે આંખો ઊંચી કરી જોયું. તેનું મોં તદ્દન ફિક્કું થઈ ગયું હતું; બોલવા જતાં તેનો વચલો હોઠ કંપી ઊઠ્યો, તો પણ તે દૃઢ કંઠે બોલી : " કેમ બા, તને વારે ઘડીએ એમનું અપમાન કરવાનું મન થાય છે ? તારો એમણે એવો તે શો ગુનો કર્યો છે, કહે જોઉં ? "

જગદ્ધાત્રી અત્યંત આશ્ચર્ય પામી બોલ્યાં : "કોણ એનું અપમાન કરવાનું કહે છે સન્ધ્યા ?"

સન્ધ્યાએ કહ્યું : "નહિ, તું કદી પણ અરુણને આ ઘરમાં બોલાવતી નહિ."

જગદ્ધાત્રીએ કહ્યું : "બોલાવીને બે સારી વાત કહેવામાંયે દોષ !"

સન્ધ્યા બોલી : "સારી હોય કે ખોટી હોય, તે રહે કે જાય, ઘર વેચી મારે કે ના વેચે, આપણને એની સાથે શું લાગેવળગે કે એને તું શીખામણ દેવા જાય ? આ ઘરમાં જો તું એને બોલાવીશ તો હું તારા જ સોગન ખાઈને કહું છું કે આ તળાવમાં પડીને હું ડૂબી મરીશ." બોલતી બોલતી તે ઝડપથી ત્યાંથી ચાલી ગઈ. તેની બાના જવાબની પણ રાહ જોવા થોભી નહિ.

અસહ્ય આશ્ચર્યપૂર્વક જગદ્ધાત્રી આંખો ફાડી ઊભાં રહ્યાં, માત્ર પ્રિયબાબુ રાડ પાડી બોલવા લાગ્યા : "અરે, પણ ચોપડી આપી જાને બાપુ ! આ મોડું થઈ ગયું—એકાદ રેમિડિ સિલેક્ટ કરી નાખું, સન્ધ્યા !"

સન્ધ્યા પાછી આવી હાથમાંની ચોપડી પિતાના પગ આગળ રાખી ચાલી ગઈ. પ્રિયબાબુ ત્યાં જ બેસી પડી દવા ખોળી કાઢવામાં તલ્લીન થઈ ગયા.

જગદ્ધાત્રી થોડી વાર ગુપચુપ ઊભી રહી સ્વામીને ઉદ્દેશી બોલ્યા : "તમે છોકરીને ન પરણવાનું જ નક્કી કર્યું છે ?"

પ્રિય કામ કરતા કરતા બોલ્યા : "નહિ કેમ પરણાવું ? જરૂર પરણાવીશ."

"ક્યારે પછી ? આખરે કશુંક થઈ જાય પછી પરણાવશો ?"

"હું"

જગદ્ધાત્રી ક્ષણવાર સ્થિર થઈ રહી બોલ્યાં : "રસિકપૂરમાં જઈ આવજો જરા !"

પ્રિયે ઉઘાડા પાનામાં એક ઠેકાણે આંગળી દાબી રાખી મોં ઊંચું કરી જોઈ પૂછ્યું : "રસિકપૂરમાં ! કોને શું થયું છે? કોઈ કહી ગયું છે શું ? ક્યારે કહી ગયું ?"

જગદ્ધાત્રી નિસાસો નાંખી બોલ્યાં : "જયરામ મુખુજ્જેના પૌત્ર સાથે લગ્નની વાત થઈ હતી; જરા જઈ આવો ને, જઈને જરા છોકરો જોઈ આવો તો ખરા !"

પ્રિયે કહ્યું : "પણ જાઉં ક્યારે ! એક વેળ પણ હું ઘેર ન હોઉં તો શું નું શું થઈ જાય છે ! અરુણની આ દશા, ચાટુજ્જે મશાયને ત્યાંથી કહી ગયા છે, તેમની સાળી ખૂબ માંદી છે."

જગદ્ધાત્રીએ જરા નવાઈ પામી પૂછ્યું : "કોણ, જ્ઞાનદા માંદી છે ? શું થયું છે વળી એને ?"

પ્રિયે કહ્યું : "વાયુ ! વાયુ ! ખાવાપીવામાં ગફલત થવાથી અજીર્ણ રોગ ! કેવળ ઓકારી થાય છે—અરુણને ત્યાંથી પાછા ફરતાં એક ટીપું—"

જગદ્ધાત્રી બોલ્યા : "એમને દવા આપનાર ઘણાયે લોક છે. તમને પગે પડું, એક વાર રસિકપૂર જાઓ. છોકરાને જરા જોઈ આવી ગમે તે રીતે છોકરીનો રસ્તો કરો !"

ગૃહિણીના આંસુભર્યા અવાજે પ્રિયબાબુને થોડાક સચેત કર્યા. તે બોલ્યાં : "કહે છે કે છોકરો ભારે વંઠેલ છે ! આખો દહાડો નશો ભાંગ—"

જગદ્ધાત્રીને હવે ધીરજ રહી નહિ. એકાએક રડી પડી બોલ્યાં : "છોને કરતો નશો ભાંગ, છોને હોય વંઠેલ, પણ છોકરી બે દહાડા ચૂડી સિંદૂર તો રાખશે ! કહોને, તમે જ કેવા છો ! તમારા હાથમાં જો મારાં માબાપ છોકરી દઈ શક્યાં, તો તમે શું કરવા ન દઈ શકો ?"

એટલું બોલી પાલવ વડે આંખ લૂછતાં લૂછતાં તેઓ ઉતાવળાં ઉતાવળાં ચાલ્યાં ગયાં.

પ્રિય અવાક્ થઈ જઈ ક્ષણવાર જોઈ રહ્યા. પછી ચોપડી બંધ કરી એક દીર્ઘ નિઃશ્વાસ નાખી બોલ્યા: 'બબ્બે ગંભીર કેસ હાથ પર છે—એવે વખતે આવું થાય તો શું કમિટિ સિલેક્ટ થતી હશે!' બોલીને ફરી એક નિસાસો નાખી ચોપડી બગલમાં દાબી ધીરે ધીરે બહાર ચાલ્યા ગયા.

# ૩

સ્નાન, પૂજાહ્નિક તથા વિધિયુક્ત સાત્ત્વિક નાસ્તો પૂરો કરીને મૂર્તિમંત બ્રહ્મદેવની જેમ ગોલક ચાટુજ્જે મહાશય ધીરે ધીરે નીચે ઊતર્યા; અને સીધા બહાર જ જતા હશે ત્યાં એકાએક કંઈકેક વિચાર આવવાથી પરસાળ ઓળંગીને ભંડાર આગળ જઈ પહોંચ્યા અને ઓચિંતાના અતિ ઉદ્વેગમાં ડૂબી જઈ બોલી ઊઠ્યા : " હેં, આ બધું શું થાય છે? બોલ તો નાની વહુ! માંદે શરીરે વસ્તારીના ઘરનું આટલું બધું ખાવાનું નહિ કરે તો નહિ ચાલે કે! હં, કહે જોઉં—શરીર પહેલું કે કામ પહેલું ?"

જ્ઞાનદા પાટલો ઢાળી શાક સમારતી હતી, તે સમારતી જ રહી. ગોલકની લાકડાની પાવડીઓ કર્ણકટુ શબ્દ જેમ તેને કાને પહોંચ્યો ન હતો, તેમ ઉત્કંઠાપૂર્વક કરેલી આ વિનંતી પણ તેના કાને પહોંચી નહિ.

ગોલક ક્ષણવાર ચૂપ રહી બોલ્યા : " આ બધું છે શું? આજ સવારથી શરીર કેમ છે?"

જ્ઞાનદાએ ઊંચું જોયું નહિ. હાથમાંના રીંગણા તરફ જ નજર રાખીને માથું હલાવી જણાવ્યું, " ઠીક છે!"

ગોલક અતિ આશ્વાસન પામી બોલ્યા : " સારું! સારું! હું તો જાણું કેની, પ્રિય આમ ભલે રહ્યો ગાંડો, પાગલ, પણ દવા આપવામાં તો જાણે ધન્વંતરી! પણ એ કહે એમ વખતસર દવા લેતી રહેજે. એમાં બેદરકારી નહિ ચાલે એ તને કહી દીધું."

જ્ઞાનદાએ આટલા બધા શબ્દોનો પણ કાંઈ જવાબ આપ્યો નહિ. નીચું મોં રાખી કામ કર્યે જ ગઈ.

ગોલકે થોડી વાર જોઈ રહી કહ્યું : " પ્રિયને ખાસ કહી દીધું છે કે બે વખત આવી જોઈ જાય—સવારે આવ્યો'તો કે ? "

જ્ઞાનદાએ એમ ને એમ નીચે મોંએ માથું હલાવી જણાવ્યું : 'હા.'

ગોલક રાજી થઈ બોલ્યા : " આવે જ તો ! આવે જ તો ! એ તો મારો ખૂબ કહ્યાગરો માણસ છે ! પણ દાસી ગઈ ક્યાં ! તે દવા આપે ને તું અહીં કામ કરીને શરીર ઘસી નાંખે—એ હું ચાલવા દેવાનો નથી. કહું છું, ગયાં ક્યાં બધાં ? રહેવા દે આ બધું પડ્યું ! જા, ઉપર જઈને આરામ લે—મધુસૂદન ! તું જ આધાર છે ! " એમ બોલી ગોલકે પારકું અને પોતાનું; આ લોકનું તેમજ પરલોકનું— બંને કામ તરતને માટે તો પૂરાં કરી બહાર જવાની તૈયારી કરી.

તેમની ચાખડીના અવાજથી ચકિત થઈ આટલી વારે જ્ઞાનદાએ ઊંચું જોયું. તેના મુખ પર પેલા દિવસનું પ્રસન્ન હાસ્ય નથી, આજે ચિંતા અને વિષાદનાં ગાઢાં વાદળ છવાઈ રહ્યાં છે ! બંને આંખો લાલ છે, પાંપણને છેડે આંસુની છાયા હજુ પણ કાયમ છે— તે જ આંસુભરી દૃષ્ટિ તેણે ગોલકના મોં ભણી સ્થિર કરી એકાએક ગાઢ સ્વરે પૂછ્યું : " તમે શું પ્રિયબાબુની સન્ધ્યાને પરણવાનું કરો છો ! મને છેતરો ના, સાચું બોલો. "

ગોલક આંચકો ખાઈ એકદમ તો જવાબ આપી શક્યા નહિ. પરંતુ બીજી ક્ષણે જ બોલી ઊઠ્યા : " હું ?—સન્ધ્યાને ? ના ! કોણે કહ્યું ? "

જ્ઞાનદાએ કહ્યું : " ગમે તેણે કહ્યું હોય. રાસુદિદિને તમે તેની બા પાસે મોકલ્યાં હતાં ને ? આવતા માગશરમાં બધું નક્કી થઈ ગયું છે. ભગવાનના સમ છે, સાચું કહો. "

ગોલક અસ્પષ્ટ તિરસ્કારથી બોલ્યા : " રાસુ બામણી કહી ગઈ છે ? ઠીક છે, જોઉં છું એને ! હું—"

જ્ઞાનદા બોલી ઊઠી : " તો શું કરવા તમે મારું આ સત્યાનાશ વાળ્યું ? મોં બતાવવા જેટલી કે ઊભા રહેવા જેટલીયે મારે હવે

ક્યાંયે જગા રહી નથી—" બોલતાં બોલતાં તેનો વિકૃત કંઠ છાતી ચીરી નાંખે એવા રૂદનમાં સહસ્રાધારે ફાટી નીકળ્યો.

ગોલક આકુળ વ્યાકુળ થઈ ગયા. ચાર બાજુ ભયપૂર્વક દૃષ્ટિપાત કરીને હાથ ઊંચો કરી દયામણ઼ અવાજે બોલવા લાગ્યા : " અરે એ ! કરે છે શું ! કરે છે શું ! લોકો સાંભળી જશે ! ખોટ્ટી—ખોટ્ટી—ખોટ્ટી વાત મશ્કરી—"

જ્ઞાનદા રડતી રડતી બોલી : " ના, મશ્કરી નથી ! આ વાત લગીરે ખોટી નથી ! સાચું છે ! સાચું છે ! તમારાથી બધું થાય. તમારાથી ન બને એવું કશું નથી ! "

" ના, ના, કહું છું કે એ મશ્કરી—તમાશો—પૌત્રી સાથે સંબંધ ? કોઈ જાણશે—આહા હા ! ચૂપ થઈ જા—નોકરચાકર આવી પહોંચશે ! " બોલતા બોલતા ગોલક ખટખટ કરતા હાંફળાફાંફળા ત્યાંથી ભાગી છૂટચા.

જ્ઞાનદાના હાથમાંનું રીંગણ હાથમાં જ રહી ગયું. તેણે મોઢામાં લૂગડાનો છેડો ખોસી રાખી, ઉછળી આવેલું રુદન બળ કરી અટકાવી રાખ્યું. ઘરની દાસીએ હાંફતી હાંફતી આવી જણાવ્યું " માસીમા ! દાસીને સાથે લઈ કાણાદાદા જાતે આવ્યા છે. "

જ્ઞાનદાએ ઉતાવળે ઉતાવળે આંખો લૂછી નાખી આતુરતાથી જોયું. તેની આંસુથી કલુષિત થયેલી વ્યથાભરી આંખો સામે દાસી વિસ્મયપૂર્વક જોઈ રહી, અને શરમાઈ જઈ બોલી : " તમારી પેલી જૂની દાસીને સાથે લઈને તમારા સસરાજી આવ્યા છે, માસીમા. શું થયું છે તમને, હેં ? "

ખબર સાંભળી જ્ઞાનદાના મોં ઉપરથી જાણે ટીપે ટીપું લોહી ઊડી ગયું. મોં સામે મૃત્યુને જોઈને પણ માણસ આવું ફિક્કું પડી જાય નહિ !

દાસી ગભરાઈ જઈ બોલી : " શું થયું છે, માસીમા ? "

જ્ઞાનદાએ એનો પણ જવાબ આપ્યો નહિ. માત્ર વિહ્વળ,

શૂન્ય દૃષ્ટિએ જોઈ રહી !

દાસી ફરીથી બોલી : "તમને શું કંઈ અસુખ થાય છે, માસીમા ?"

આટલી વારે જ્ઞાનદાએ માથું હલાવી કહ્યું : "હા. સસરાજી કેટલી વાર થયાં આવ્યાં છે, કાલી !"

દાસીએ કહ્યું : "એ તો ખબર નથી, માસીમા. આ હમણાં જોયા—આંગણામાં ઊભા ઊભા બાબુ સાથે વાત કરે છે."

જ્ઞાનદાએ આશ્ચર્ય પામી પૂછ્યું : "બાબુ સાથે ?"

દાસીએ કહ્યું : "હા. હું બહારથી આવતી હતી ત્યાં બાબુએ બૂમ મારી કહ્યું : "કાલી, તારી માસીમાને ખબર આપ કે તેમના સસરાજી તેમને તેડવા આવ્યા છે.' જુઓ મા—પેલા એ આવે !" આમ કહી દાસી જરાક આઘી ખસી ઊભી રહી. બીજી જ ક્ષણે લાકડીના અવાજ ઉપરથી સમજાઈ ગયું કે એ જેમની લાકડી હતી તેમને આંખ ઉપર નહિ એટલો ચાલતી વખતે લાકડી ઉપર આધાર રાખવો પડે છે.

બીજી જ ક્ષણે એક આધેડ વયની સ્ત્રીની પાછળ એક ડોસો લાકડી વડે રસ્તો કરતો કરતો દાખલ થયો, અને બૂમ મારી બોલ્યો : "ક્યાં છે મારી વહુમા ?"

જ્ઞાનદા ઊઠી પાસે આવી ગલવસ્ત્ર* થઈ તેમને પ્રણામ કરી ઊભી રહી. ડોસો તેને ઓળખી શક્યો નહિ, પણ ચહેરો તો જોઈ શક્યો. આશીર્વાદ આપવા જતાં રડી પડી બોલ્યો : "ડોસાડોસીને આમ ભૂલી શી રીતે ગઈ, મા !"

જે સ્ત્રી સાથે આવી હતી તેણે જમીન પર પ્રણામ કરી કહ્યું : "ખરી વાત, વહુદિદિ. ઘરડાં સાસુ મરવા પડ્યાં છે—આખો દહાડો એમના મોંમાં માત્ર 'મારી વહુને તેડી લાવો'—'મારી વહુમાને

---

*પ્રણામ કરતી વખતે ગળે પાલવ વીંટાળવાનો બંગાળમાં રિવાજ છે, તેને 'ગલવસ્ત્ર થયું' કહે છે.

લઈ આવો ' એ જ શબ્દો છે. ભલું તમારાથી ભૂલી જઈ શકાયું ? "

જ્ઞાનદાએ આ ફરિયાદનો કશો જવાબ આપ્યો નહિ. માત્ર એક હાથે આંસુ લૂછી નાંખી બીજે હાથે વૃદ્ધ સસરાનો હાથ પકડી તેમને પરસાળમાં લઈ ગઈ અને પોતાને હાથે આસન પાથરી તેમને બેસાડી પોતે ચૂપચાપ નીચું મોં કરી ઊભી રહી.

વૃદ્ધ બેસી જઈ બોલવા લાગ્યા : " ચાટુજ્જે મોશાઈને મેં બે કાગળ લખ્યા પણ એકેનો જવાબ આવ્યો નહિ ! મને થયું, એ તો મોટા માણસ, એમને કેટલાંયે કામ ! મારા જેવા ગરીબને જવાબ આપવાનું એમને કાં તો સૂઝયું જ નહિ હોય ! પણ વહુમા તો સારી દુઃખીના ઘરની લક્ષ્મી—"

જે દાસી સાથે આવી હતી તે અધવચ બોલી ઊઠી : " બનેવી ગમે તેવો મોટો માણસ હોય પણ એથી ઘરની વહુને ક્યાં લગી પારકે ઘેર રહેવા દેવાય, વહુદિદિ ? જેની ચાકરી કરવા આવવું પડયું તે બહેન તો છોડી ગઈ ! કહું છું—"

વૃદ્ધે તેને અટકાવી કહ્યું : " રહેવા દે સદુ, એ બધી વાત. તારાં સાસુજી, વહુમા ! " ખૂબ માંદાં છે. આજે સારો દહાડો જોઈ અમને મોકલ્યાં કે મારી વહુમાને જરા—"

સદુ બોલી : " વહુદિદિ ! તમારે માટે જ જાણે જીવ એમનો ટકી રહ્યો છે. આજ કેટલા દિવસ થયાં બોલે છે—સદુ, મા મારી, જા, તું એક વાર એમને લઈ આવ. મારી વહુમા મને જોવા દે. " બોલતાં બોલતાં સદુનું ગળું ભરાઈ આવ્યું.

વૃદ્ધે કહ્યું : " ચાટુજ્જે મોશાયને મારા બંને કાગળો મળ્યા જ ના હોય તો રામ જાણે ! મેં કેટલીયે વાત લખી હતી. બહુ સારા માણસ—ખરેખર સાધુ માણસ. સાંભળતાં વેંત જ બોલ્યા : " વાહ ! તમારી વહુને તમે લઈ જાઓ એમાં કોણ ના કહે ! " પાલખી ઊંચકનારાને પણ બોલાવી દીધા. તારી સાસુની માંદગી સાંભળી દુઃખી થઈ વારે વારે બોલવા લાગ્યા : " મારી ખરી મુશ્કેલીના

દહાડામાં જ્ઞાનદાને આપે મોકલી હતી, હવે અત્યારે આપની મુશ્કેલીને વખતે એવો દુષ્ટ આ જગતમાં કોણ હોય કે તેને પાછી મોકલતાં હા ના કરે! અત્તરઘડીએ લઈ જાઓ, હું બધો બંદોબસ્ત કરી આપું છું."

જ્ઞાનદા આટલીવાર બિલકુલ મૂંગી ઊભી રહી હતી. એકાએક ફિક્કે ચહેરે બોલી ઊઠી: "ચાટુજ્જે મોશાયે કહ્યું એવું? અત્તરઘડીએ લઈ જાઓ! આજે જ?"

સૌદામિનીએ ખુશી થઈ કહ્યું: "હા—કહે જ ને! વળી એમે કહ્યું કે ખાઈ કરીને ઊપડશો તો ત્રણ વાગ્યાની ગાડી પકડી સહેલાઈથી કાલે સવારે છેક ઘેર પહોંચી જવાશે અને ઘેર ઘડીઓ ઘડાય છે. ક્યાંયે પણ શું એક દહાડોયે રોકાઈ જવાય એવું છે, વહુદિદિ? આહ! ડોશી તો કાગને ડોળે તમારી રાહ જોઈ રહ્યાં છે!"

જ્ઞાનદા જાણે યંત્રની પૂતળીની માફક તેની પહેલાંની વાત જ ફરી ફરી બોલવા લાગી: "એમણે કહ્યું? લઈ જાઓ! આજે જ?"

વૃદ્ધે માથું હલાવી કહ્યું: "હા, મા! આજે જ તો! શી રીત રોકાવાય?"

પરંતુ સૌદામિની ચિડાતી જતી હતી—અને તેના અવાજમાં તે છૂપું પણ રહ્યું નહિ. તે બોલી: "જો સાંભળ, સાસુ મરવા પડ્યાં છે—જેના ઘરની વહુ છે તે પોતે આવ્યાં છે તેડવા—કોણ નહિ મોકલે, કહે જોઉં? અને વળી અહીં રોકાવાની પણ શી જરૂર? તારા બનેવીને જ જોઈએ તો પૂછાવી જો ને!—"

પણ પૂછાવવું પડ્યું નહિ. ક્યાંક પાસે જ તેઓ રાહ જોતા ઊભા હતા. ખટપટ કરતા આવી પહોંચ્યા. રઘવાયા રઘવાયા દેખાતા હતા. વૃદ્ધને ઉદ્દેશીને બોલ્યા: "ના મુખુજ્જે મોશાઈ! બેઠા બેઠા વાતો કર્યે ચાલશે નહિ. દહાડો ચડતો જાય છે. સ્નાન આહ્નિક પતાવી, જમી કરી જરા આરામ લઈ નીકળતાં જ વખત

થઈ જશે. વળી થોડી વારમાં જ કાળ ચોઘડિયું શરૂ થશે. હા, મોકલવામાં અમને કદાચ થોડીક અગવડ પડશે, પણ એથી—પણ શું કહેવાય? રાસુ ઠાકુરનને આવી ભારે માંદગી, મારે હજાર લફરાં—આટલીયે નવરાશ નહિ, નહિ તો જાતે આવીને જ્ઞાનદાને મૂકી જાત! કાગળ ક્યાં એકે મળ્યો છે? મળ્યો હોત તો પછી આપને શું વળી તસ્દી લઈ આવવું પડે? ટપાલી બધા એવા થઈ ગયા છે—ક્યાં ગઈ કાલી? ભાલાને કહે કે અહીં ચપટી તમાકુ આપી જાય! લો મુખુજ્જે મોશાય, હવે વાર નથી, ઊઠો. જ્ઞાનદા જરા જલદી જલદી નાહી લે, બહેન! ત્રણ વાગ્યાની ગાડી પકડ્યા વગર છૂટકો નથી. રે! ચોંગદાર પાછો બહાર બેઠો છે—ઘરમાંથી ગુજરી ગયા પછીથી કોણ જાણે મન એવું થઈ ગયું છે, મુખુજ્જે મોશાય, કે કશું યાદ જ રહેતું નથી! મધુસૂદન! તું જ આધાર! તું જ મારો આધાર!" બોલતાં બોલતાં શ્રી ગોલક ચાટુજ્જે મોશાય જે રસ્તે આવ્યા હતા તે જ રસ્તે આખું ઘર પાવડીના કઠોર અવાજથી ભરી નાખીને બહાર ચાલ્યા ગયા.

જ્ઞાનદાએ એકકે વાતનો જવાબ આપ્યો નહિ—માત્ર એ જ દિશામાં જોતી પથ્થરના જેવી જડ બની ઊભી રહી.

ભોળાએ આવી કહ્યું: "માસીબા! કીકો નહાવાને માટે રડે છે. નદીએ લઈ જાઉં?"

જ્ઞાનદા તેમ ને તેમ નિશ્ચલ, નિસ્તબ્ધ થઈ રહી. નોકરનું કહેવું સાંભળ્યું જ ન હતું.

વૃદ્ધ સસરા ધીરે ધીરે ઊઠી ઊભા થઈ બોલ્યા: "મા, તો હું જરા બહાર જાઉં છું, તું તૈયાર થઈ જા."

સદુએ કહ્યું: "આજે મારે છઠ છે, વહુદિદિ, અત્યારે હું ખાવાની નથી, કહી દેજો."

જ્ઞાનદાએ એકદમ પાછા ફરી કહ્યું: "સસરાજી, હું નથી આવવાની!"

ડોસો ચમકી પડયો. તે બોલ્યો : “નથી આવવાની ? કેમ મા ? આજે તો સારો દિવસ છે.”

સૌદામિની છઠ્ઠીનું ફરાળ ભૂલી જઈ વચમાં બોલી ઊઠી : “અમે ભટ્ટાચાર્ય મહાશય પાસે વાર જોવડાવીને જ ઘેરથી નીકળ્યાં છીએ, વહુદિ !”

જ્ઞાનદા માત્ર એટલું બોલી : “પણ ના, સસરાજી ! મારાથી નહિ અવાય !”

ગોલકનો દશેક વરસનો છોકરો દોડતો આવી તેના શરીરે બાઝી પડી બોલ્યો : “માસીમા, તમે કહી દોને માસીમા ! હું જઈશ નદીએ નહાવા—હું જઈશ, પણ—”

જ્ઞાનદાએ કોઈને કશું કહ્યું નહિ, માત્ર તે તોફાની છોકરાને જોરથી છાતીસરસો ચાંપી રાખી ધ્રૂસકેધ્રૂસકે રડી પડી.

ત્યાર પછી જ્ઞાનદાએ પોતાના ખંડનું બારણું બંધ કર્યું તે ઉઘાડ્યું જ નહિ. વૃદ્ધ અંધ સસરા બપોર સુધી મૂઢની જેમ ચૂપચાપ બેસી રહી ધીમે ધીમે ઘરમાંથી બહાર નીકળ્યા. સૌદામિની પણ સાથે નીકળી. આ અણધારી 'ના'નો હેતુ તે પણ સમજી શકી નહિ, પણ તે બાઈ માણસ હતી—એમ ચૂપચાપ ચાલ્યા જવું એને માટે શક્ય ન હતું. જતાં પહેલાં જ્ઞાનદાના બંધ બારણાની બહાર ઊભી રહી જે કેટલાંક વાક્યો તેણે કહ્યાં તે સુંદરે નહોતાં, મધુરે નહોતાં. પરંતુ કોઈ પણ વાતનો કશો જવાબ જ્ઞાનદાએ આપ્યો નહિ. એટલું જ નહિ પણ તેના રડવાનો જરા સરખો પણ અવાજ તેણે બહાર આવવા દીધો નહિ. નાનપણમાં વિધવા થઈ ત્યારથી સાસુએ જ એને આટલો વખત છાતીસરસી રાખી ઊછેરી મોટી કરી હતી. એને લગારે દુઃખ દીધું નહોતું, અને આજે એ સાસુ જ મરણ પથારીએ છે—હવે કેવળ એનું મોં જોઈને જ તેમનું દુઃખી જીવન મુક્તિ પામે તેમ છે—આટલું છતાં તેના અશક્ત અંધ સસરાને ખાલી હાથે પાછા ફરવું પડશે!—એ કેવું દુઃખ! અને તેણે એ અસહ્ય દુઃખ બંધ ઓરડામાં રહીને એકલાં એકલાં શી રીતે સહન કર્યું તે તો માત્ર જગદીશ્વરે જોયું. બહાર તેનું કોઈ સાક્ષી હતું નહિ.

જતી વખતે વૃદ્ધને ગોલક મળ્યા. ભાડું આપીશ એમ વિનયપૂર્વક જણાવ્યું. જ્ઞાનદાએ જવાની ના પાડી તે સંબંધમાં તેમણે વૃદ્ધ સસરાને પણ ટપી જાય તેવાં વિસ્મય અને દુઃખ પ્રકટ કર્યાં.

ગોલકે બહારના ઓરડામાં આવી જોયું તો મૃત્યુંજય ભટ્ટાચાર્ય બેઠા છે. મૃત્યુંજયે ઊઠી ઊભા થઈ નમસ્કાર કર્યા. ગોલકે સામા નમસ્કાર કર્યા નહિ, પણ માથું જરા હલાવી બોલ્યા : "તમને બોલાવવા માણસ મોકલ્યો હતો, બાબાજી."

મૃત્યુંજયે કહ્યું : "જી, સાંભળ્યું કે તરત, બે દાણા ભાત ખાઈ દોડતો આવ્યો છું, ચાટુજ્જે મોશાય."

ગોલક બોલ્યા : " તે તો આવ્યા ખરા—પણ ગોરપદુ કરતા ફરો છો તે ગામની કંઈ ખબરબખર રાખો છો ? હા, ગોર તો હતા તમારા દાદા—રામચરણ શિરોમણિ ! આખી નાત હતી એમની આંગળીના વેઢા પર. '

મૃત્યુંજયે કહ્યું : " જી, મારો વાંક શો ? આ બધાં તો કંઈ જેવાં તેવાં કામ છે ? પણ જવા દો એ—ઓહોહો ! જગો બામણીની છોકરીની શી ઉદ્ધતાઈ ! જોયું ને ચાટુજ્જે મોશાય ? રાસુફોઈની પાસેથી સાંભળ્યું ત્યારથી તો જાણે ક્રોધથી બળી મરું છું–"

ગોલક અતિશય નવાઈ પામી બોલ્યા : " શું ? શું ? શું થયું છે ? કહો તો ખરા ? "

" આપે શું કશું સાંભળ્યું નથી ? "

" ના, ના, કશુંયે નહિ. શું થયું છે ? "

મૃત્યુંજય બોલ્યા : " આપનું યે ઘર સૂનું છે, અને એ છોકરીને પણ મૂરતિયો મળતો નથી. વાત સાંભળી કે આપે દયા કરી બે ફૂલ નાખીને બામણના કુળની રક્ષા કરવાનું કહ્યું હતું. છોકરી શો રૂવાબ કરતી બધા આગળ બોલતી ફરે છે—મોઢે બોલતાંય આંચકો ખાઉં છું. ને મોશાય,—કહે છે, એ મશાણના મડદાના ગળામાં ફાટેલા જોડાની માળા ગૂંથીને પહેરાવી દઈશ ! એનાં માબાપ પણ એમાં ટાપશી પૂરતાં લાગે છે. "

ક્રોધથી ગોલકનો ચહેરો આખો રાતોચોળ થઈ ગયો. પરંતુ તરત જ સ્વસ્થ થઈ જઈ ' હા,—હા,—હા ! ' કરી હસી પડી બોલ્યા : " એવું બોલે છે હેં ? છોકરી બહુ મોઢે ચડી ગયેલી લાગે છે ! "

ક્રોધે ભરાયેલા મૃત્યુંજયે કહ્યું : " ભલેને મોઢે ચડાવેલી હોય, પણ એટલે શું એ આપને માટે આવી વાત કરે ! સમજતી નથી કે આપના પગમાં વરમાળ ધરશે તો એની છપ્પન પેઢીનો ઉદ્ધાર થઈ જશે ! ખોટું કહું છું ? "

ગોલક અત્યંત શાંત હસતે ચહેરે કહ્યું : " છોકરું છે ! બાળક છે ! એમાં શું ચિડાવું, મૃત્યુંજય !—શા સારુ ચિડાવું ? મારી પ્રતિષ્ઠા એ શું સમજવાની હતી ? તમે સમજો કે દશ ગામનાં માણસ સમજે."

મૃત્યુંજયે અવાજ થોડોક નમતો કરી પૂછ્યું : " તો શું આ વાત ખોટી છે ? તો શું આપે રાસુફોઈ મારફતે—"

ગોલકે કહ્યું : " રાધામાધવ ! તમે પણ ગાંડા થયા લાગો છો, બાબાજી ! જેના ઘરમાંથી સાક્ષાત્ ગૃહલક્ષ્મી ચાલી જાય, તે શું ફરી—" કહી એકાએક ભારે નિસાસો નાંખી બોલ્યા : " મધુસૂદન ! તું જ એક આધાર ! "

તેમના ભક્તિ–ગદ્‌ગદ નિસાસાના જવાબમાં મૃત્યુંજયને શું બોલવું તે ન સમજાવાથી તે માત્ર તેમના મોં ભણી જોઈ રહ્યો.

ગોલક કેટલીક ક્ષણ પછી ઉદાસ કંઠે કહેવા લાગ્યા : " બળ્યું કંઈ યાદ પણ આવતું નથી–લોકોએ તો રાત દડાડો ફોલી ખાધો– ' આમાંથી બચાવો ! ' ' પેલામાંથી બચાવો ' ' અમુકના કુળ ઉગારી લો '—મને તો તમે જાણો છો, સદાનો બેપરવા માણસ—કદાચ ભૂલમાં ને ભૂલમાં કોઈને વળી કંઈક કહેવાઈ પણ ગયું હોય–મધુસૂદન ! તું જ આધાર ! તું જ ગતિ મુક્તિ ! "

ગોર મૃત્યુંજયે તક જોઈ. તે વિનયપૂર્વક બોલ્યો : " જી, તો પછી અમારા પ્રાણકૃષ્ણ મુખુજ્જેની છોકરીને આપે આપના ચરણમાં સ્થાન આપવું જ પડશે. ગરીબ બ્રાહ્મણ, છોકરીની ઉંમર પણ તેર ચૌદ થઈ–પણ જેટલી ડાહી તેવી જ દેખાવડી ! "

ગોલક બોલ્યા : " તમેયે ગાંડા થયા, મૃત્યુંજય ! મને તે એવું બધું છાજે કે સારુંયે લાગે ! તે......છોકરી એટલી વારમાં ચૌદ વરસની થઈ ? બેવડા બાંધાની છે ખરું ને ? "

મૃત્યુંજયે ઉત્સાહમાં આવી જઈ કહ્યું : " જી, હા. પૂરેપૂરી અને વળી જેવી શાંત તેવી જ સુંદર ! "

ગોલકે મૃદુ હાસ્ય કરી કહ્યું : “ હા ! એમાં વળી સુંદર શું ને રૂપાળી શું ? લક્ષ્મીનો અવતાર તો ગુમાવી બેઠો ! મધુસૂદન !— કોઈનું દુઃખ સહેવાતું નથી. સાંભળતા જ દુઃખ થાય છે ! તેર ચૌદ કહે છે ત્યારે પંદર સોળ તો હશે જ ! બામણ ખૂબ મુશ્કેલીમાં આવી પડ્યો છે, ખરું ને ? ”

મૃત્યુંજયે માથું હલાવી કહ્યું : “ એમાં વળી સંદેહ શો ? ”

ગોલકે કહ્યું : “ સમજું છું બધું મૃત્યુંજય ! કુળવાનનું કુળ સાચવવું એ કુળવાનનું જ કામ ! ના સાચવીએ તો અધર્મ થાય ! પણ એક તો શોકથી નંખાઈ ગયેલું શરીર, ઉંમર પણ લગભગ પચાસ સુધી આવી પહોંચી છે—પણ કેવો સ્વભાવ ! બીજાનું દુઃખ સાંભળતાં જ જીવ જાણે રડી ઊઠે છે !—ના કહેવાતી નથી. ”

મૃત્યુંજય ફરી ફરી માથું ધુણાવવા લાગ્યો. ગોલકે વળી એક લાંબો નિસાસો નાંખી કહેવા માંડ્યું : “ આવા ખાનદાન માણસોના ગામમાં ન્યાતના આગેવાન થવામાં કેટલી ઝંઝટ છે એ તો હું જ જાણું ! કોને ખાવા મળતું નથી, કોની દવા થતી નથી—એ બધું તો છે જ, પણ તે ઉપર વળી આ બધો જુલમ થવાનો હોય તો તો મારાથી જીવાશેયે નહિ મૃત્યુંજય ! પ્રાણકૃષ્ણ ગરીબ છે— એટલે છોકરી મોટું જહાજ થઈ ગઈ હશે : તેર ચૌદ તો નહિ, ને પંદર સોળથી ઓછાં નહિ હોય—તેં કહેજે પ્રાણકૃષ્ણને જરા ભેગો થવા—”

મૃત્યુંજય વ્યગ્ર થઈ બોલ્યો : “ આજે જ—જઈને મોકલું છું. —નહિ તો—સાથે જ લઈને હમણાં જ આવું છું. ”

ગોલકે ઉદાસ કંઠે કહ્યું : “ લાવજે. પણ બહુ મુશ્કેલીમાં નાંખ્યો મૃત્યુંજય !–ગરીબ બ્રાહ્મણની મુશીબતમાં નાયે શી રીતે કહું ? મધુસૂદન ! त्वया हृषिकेश हृदिस्थितेन—જે કરાવીશ તે કરવું પડશે ! અમે તો માત્ર નિમિત્ત છીએ ! ”

મૃત્યુંજય મૂંગો થઈ રહ્યો.

ગોલકને જાણે એકાએક એક વાત યાદ આવી ગઈ. તે બોલ્યા : "હાં, જુઓ, તમને બોલાવ્યા હતા એ કામ તો હજુ રહી ગયું. આ મહિનો બહુ જ ખેંચતાણનો ચાલે છે, તમારા વ્યાજના રૂપિયા—"

મૃત્યુંજય કરુણ સ્વરે બોલ્યો : "આટલો મહિનો જો દયા કરી—"

ગોલકે કહ્યું : "ઠીક, ઠીક, તો એમ રાખો, એમ રાખો. હું તમને દુઃખી કરી પૈસોયે માગતો નથી. પણ બાબાજી, તમારેયે મારું એક કામ કરી આપવું પડશે !"

મૃત્યુંજયે પ્રફુલ થઈ કહ્યું : "જી, હા, ફરમાવો."

ગોલક બોલ્યા : "સનાતન હિન્દુ ધર્મને જીવંત રાખી સમાજ-રક્ષા કરતા રહેવું એ કંઈ જેવી તેવી જવાબદારી નથી, મૃત્યુંજય. એવો મોટો ભાર જેના માથા ઉપર હોય તેણે બધી દિશામાં આંખ-કાન ખુલ્લા રાખવા પડે છે. કહે છે કે પ્રિય મુખુજ્જેની માને વિષે કંઈકક ગોટાળો હતો. એ ખબર, બાબા ! તમારે તેને ગામ જઈ ખૂબ ગુપ્ત રીતે લઈ આવવી પડશે. એવા કામમાં તો તમારા પિતામહ શિરોમણિ મોશાય એક્કો હતા. વીસત્રીસ ગામની નાડની ખબર તો એમને મોઢે જ હોય—ભૂપતિ ચાટુજ્જેનો દશ વરસ લગી હુક્કો પાણી બંધ કરી દીધો—ભાઈને આખરે બાપરે બાપ કરતા પાયમાલ થઈને ગામ છોડી ભાગવું પડ્યું—એ બધું તમારા દાદાની મદદથી જ ! પણ તમે બાબા, એમની કીર્તિ જાળવી શકયા નહિ, એટલું તો મારે કહેવું જ પડશે."

મૃત્યુંજય તેના પૂર્વજોની સરખામણીમાં પોતાનું ઉતરતાપણું સાંભળી અત્યંત શરમાઈ ગયો, તે બોલ્યો : "આપ જોશો ચાટુજ્જે મોશાય, હું એક અઠવાડિયામાં જ એમના પેટમાં પેસીને ખબર લઈ આવું છું."

ગોલક ઉત્સાહમાં આવી જઈ બોલ્યા : " જરૂર, તમારાથી જ તે થશે, તમારા સિવાય કોઈનું ગજું નહિ. કેવડા ઊંચા કુળનો છોકરો ! પણ જોજો બાબાજી, વાત હવે ઝાઝા કાને પહોંચાડવાની જરૂર નથી—વાત તમારી મારી વચ્ચે જ ગુપ્ત રહે; ન્યાતનાં માન મર્યાદા સાચવતાં ખૂબ વિચાર કરવાની જરૂર પડે છે. હં–જુઓ, એકલું વ્યાજ જ શું કરવા, તમને ધીરેલી મૂળ રકમ માટેયે હું વિચાર કરીશ. તાણમાં આવી પડ્યા છો, એ વાત જો પહેલાં કરી હોત–"

મૃત્યુંજય પુલકિત થઈ જઈ ઊઠી ઊભો થઈ બોલ્યો : " જેવી આજ્ઞા, જેવી આજ્ઞા,–અમે તો આપને ચરણે જ છીએ. હું કાલે જ એની તપાસમાં જઈશ–" કહી તેણે જવા માંડ્યું.

ગોલકે જીભ કરડી કહ્યું : " એવું ન બોલશો, બાબાજી, હું તો નિમિત્ત માત્ર–શ્રીચરણે હું તો ક્ષુદ્ર કીડાની માફક પડેલો છું !" એમ બોલી તેમણે આકાશ ભણી ઊંચી દ્રષ્ટિ કરી બે હાથ જોડી નમસ્કાર કર્યા.

મૃત્યુંજય ચાલ્યો જતો હતો, તે તરફ ધ્યાન જતાં ગોલક એક-દમ બોલી ઊઠ્યા : " વળી જુઓ, પ્રાણકૃષ્ણને જરા અહીં મોકલવાનું ભૂલતા નહિ. બ્રાહ્મણના દુઃખની વાત સાંભળી ત્યારથી જ જીવ કકળી ઊઠ્યો છે ! નારાયણ ! મધુસૂદન ! તું જ આધાર ! "

# પ્રકરણ ત્રીજું

૧

પ્રખ્યાત જયરામ મુખુજ્જેના દૌહિત્ર શ્રીમાન વીરચંદ્ર બંદ્યો-પાધ્યાયની સાથે સન્ધ્યાનાં લગ્ન નક્કી થઈ ગયાં છે. આવતી કાલે વરપક્ષ આશીર્વાદ આપવા આવવાનો છે, ઘરમાં તેની તૈયારી ચાલી રહી છે. માગશર પૂરો થતાં લગ્ન લેવાનાં છે, એક જ દિવસ સારો છે. ત્યાર બાદ લાંબી મુદત સુધી સારું મુહૂર્ત આવતું નથી. આ પ્રસંગે ઘણે વરસે ખૂબ વિનતિ પછી સાસુ કાશીથી આવ્યાં છે. સાંજ થઈ ગયા પછી ભંડારની પરસાળમાં બેસીને દીવાના પ્રકાશમાં જગદ્ધાત્રી મિષ્ટાન્ન બનાવતાં હતાં; અને તેની પાસે કામળો પાથરી ઘરડાં સાસુ કાલિતારા માળા ફેરવતાં હતાં. ઠંડીમાંથી બચવા તેમણે શરીર ઉપર ભગવા રંગનું ગરમ કપડું ઓઢેલું હતું, અને એવા જ રંગનું બીજું લૂગડું પહેર્યું હતું. પુત્રવધૂ ભણી દ્રષ્ટિપાત કરી શાન્ત સ્વરે તેમણે પૂછ્યું : “ લગ્નને હવે દશેક દિવસ રહ્યા, નહિ વહુમા ? ”

જગદ્ધાત્રીએ ઊંચું જોઈ કહ્યું : “ ક્યાંથી દશ દિવસમાં મા ? આ આજનો દિવસ ગણતાં નવ દિવસ. કામ ઉકલી જાય એટલે નિરાંત. આ બળ્યા ગામમાં એક પણ વસ્તુ ખૂટતી હોય છે તો મનને હિંમત રહેતી નથી. ”

સાસુએ જરા હસીને કહ્યું : “ બધે જ આની આ દશા છે : કેવળ અહીં જ છે એમ નથી. અને આવી લક્ષ્મી જેવી દીકરીને પાણીમાં પધરાવવા બેઠી છે, પછી ધીરજ હિંમતની ક્યાં વાત

કરે છે, મા !"

જગદ્ધાત્રી મૂંગી મૂંગી કામ કરવા લાગી, કંઈ બોલી નહિ.

સાસુ બોલ્યાં : "પ્રિયની પાસેથી મેં બધું સાંભળ્યું છે. આજે સવારે નહાવા જતાં અરુણને ય જોયો, આવો સોનાના ચંદ્ર જેવો છોકરો તમને ગમ્યો નહિ, વહુમા ?"

જગદ્ધાત્રીને વિશેષ આનંદ થયો નહિ. તે બોલી : "પણ માત્ર ગમવામાં તો બધું આવી જતું નથી, મા."

સાસુ બોલ્યાં : "એ હું જાણું છું. પણ અહીં આવ્યા પછી સન્ધ્યાની પાસે તેની વાત કાઢીને થોડું થોડું કરી જેટલું જાણી શકી એથી તો દુઃખનું માર્યું મારું હૃદય ચિરાઈ ગયું. હેં વહુમા, મા થઈને પણ તારી આંખે સૂઝ્યું નહિ ?"

આંખે તો એને બહુ દિવસ થયાં સૂઝ્યું હતું, પણ સ્વીકાર કરવો એ બિલકુલ અસંભવિત હતું. ઊલટું ભયભીત નજરે આમતેમ જોઈ ધીમેથી તે બોલ્યાં : "વખતે કોઈ આવી ચડશે તો સાંભળી જશે, મા."

સાસુ બીજું કંઈ બોલ્યાં નહિ, પરંતુ જગદ્ધાત્રી પોતાના રૂક્ષ કંઠસ્વરથી પોતે જ લજ્જા પામી ધીમે ધીમે બોલ્યાં : "હે, પણ મા, તમે શી રીતે આવું બોલી શકો છો ? તમારી આવડી ભારે કુળ-પ્રતિષ્ઠા ડુબાવી દઈ લોકો આગળ કેમ કરી મોં બતાવશો, કહો તો ? અને વળી એને તો નાતજાત કશું યે નથી. જે લોકો એના વતી તમારી આગળ વકીલાત કરે છે, તેમણે તમને આ બધું કહ્યું છે ?"

જગદ્ધાત્રીને લાગ્યું કે હવે આના જવાબમાં કોઈને પણ બોલ-વાનું કશું રહ્યું નહિ હોય. પરંતુ સાસુએ માથું હલાવી કહ્યું : "કહ્યું છે, પણ એથી એનું કશું ગયું નથી વહુમા, બધું કાયમ જ છે. માત્ર તેની વિદ્યા બુદ્ધિ માટે જ હું કહેતી નથી, પણ હલકી જાતનાં ગણીને જે બે નિરાધાર બાઈઓને તમે કાઢી મૂકી તેને તેણે જ આશરો આપ્યો ! તેની જાત ભગવાનના વરદાનથી અમર

થઈ ગઈ છે, વહુમા! માણસ હવે તેનો નાશ કરી શકે એમ નથી."

જગદ્ધાત્રી મનમાં મનમાં ગુસ્સે થઈ બોલ્યાં : " નિરાધાર હોય એટલે શું થયું ? ભીલ, ભોઈ શું બામણના ઘરમાં રહે એમ, મા ? એવું શું શાસ્તરમાં લખ્યું છે ? "

સાસુ બોલ્યા : " શાસ્ત્રમાં શું લખ્યું છે એ તો જાણતી નથી. મા ! પણ મને પોતાને કેટલું દુઃખ થાય છે તે તો બરાબર જાણું છું. મારી વાત કોઈને કહેવાય એવી નથી, પણ આટલી વ્યથા જો તમને થાત—તો સમજાત, વહુમા ! કે હલકી જાત હોવાને લીધે માણસની ઘૃણા કરવાથી ભગવાન હમેશાં કેવી સખત સજા કરે છે —આ કુળપ્રતિષ્ઠા એ કેવું મોટું પાપ છે, કેવો મોટો દંભનો પોટલો છે ! એ જો તમને સમજાત તો પેટની દીકરીનો આવી રીતે ભોગ આપત નહિ. નાત, જાત ને કુળ જ ખરાં અને બબ્બે માણસનાં આખા જીવનનાં સુખદુઃખ ખોટાં શું ? "

જગદ્ધાત્રીએ ઊકળી જઈને કહ્યું : " તો શું એ ખોટાને આધારે જ દુનિયા ચાલી રહે છે મા ? "

સાસુએ જરા ઉદાસ હાસ્ય કરી કહ્યું : " દુનિયા તો ચાલતી નથી વહુમા, ચાલે છે માત્ર આપણા જેવાં શાપમાં ડૂબેલાં મનુષ્યો. હું દૂર દેશાવર રહું છું, બહુ ઉંમર થઈ, ખૂબ જોયું, ખૂબ કષ્ટ વેઠયાં —હું જાણું છું કે જેને તમે કુળની પ્રતિષ્ઠા માનો છો તે ખરી રીતે શું છે ! પણ બધું તમને ચોખ્ખેચોખ્ખું કહી પણ શકાય એમ નથી ને તમે સમજી શકો એમે નથી. તો પણ મારી આટલી વાત ધ્યાનમાં રાખજે. મા ! મિથ્યાને મોટાઈ આપી જેટલે ઊંચે ચઢાવશો તેટલું દુઃખ, તેટલો ગંદવાડ, તેટલો અનાચાર તેમાં ભેગો થશે જ— થયું છે પણ એવું જ. "

જગદ્ધાત્રી કંઈક જવાબ આપવા જતાં હતાં, પણ પુત્રીને આવતી જોઈ મૂંગાં થઈ રહ્યાં. સન્ધ્યા હમણાં સુધી વાડામાં ફળ-છોડને પાણી પાતી હતી, તે ઘરમાં આવી હાથમાંનો ઘડો આંગણામાં

એક તરફ મૂકી દઈ સામે ઊભી, પછી માની ભણી જોઈ બોલી : "આ શું બા ? ચંદ્રપુલિ* ?" પછી એકદમ દાદીની ભણી ફરીને પૂછ્યું : "હેં, દાદીમા, બધાને ત્યાં લાડુ હોય છે, આપણે ત્યાં કેમ નહિ ?"

કાલિતારા સ્નેહપૂર્વક હસીને બોલ્યાં : "એ હું શું જાણું બહેન !"

સંધ્યાએ કહ્યું : "વાહ ! તો શું તમે તમારી સાસુને એ પૂછ્યું નહિ હોય ?"

કાલિતારા બોલ્યા : "શી રીતે પૂછી જોઉં, બહેન ? જનમમાં તો કોઈ દહાડો સસરાનું ઘર જોયું નથી."

જગદ્ધાત્રી એ જાણતાં હતાં, તે શરમાઈ જઈ મૂંગાં મૂંગાં કામ કરવા લાગ્યાં. સન્ધ્યાએ પૂછ્યું : "હં, દાદીમા, તમારે બધી મળી કેટલી શોક્યો હતી ? એકસો ? બસો ? ત્રણસો ? ચારસો ?"

દાદીમા ફરી હસીને બોલ્યાં : "બરાબર તો યાદ નથી બહેન, પણ એટલી હોયે ખરી. મારાં લગ્ન થયાં હતાં આઠ વરસની ઉંમરે, એ વખતે એમને છયાસી જેટલી સ્ત્રીઓ હતી. ત્યાર પછી બહુ વાર પરણ્યા, કેટલી વાર એ તો એમને પોતાને પણ ખબર નહિ હોય. તો હું તો શી રીતે જાણું ?"

સન્ધ્યા બોલી : "અરે, એની કંઈ નોંધ તો હશે ને ? એટલો ચોપડો જો લઈ લીધો હોત તો દાદીમા, બાપુ પાસે હું તપાસ કરાવત કે એ બધી અત્યારે કોણ કોણ ક્યાં ક્યાં છે ! મારે કેટલા કાકા, કેટલા મોટા કાકા ને કેટલાંયે ભાઈ બહેન હશે, નહિ દાદીમા ? એ બધી જો ખબર પડી જાય !"

થોડી વાર રહી વળી હસીને તેણે પૂછ્યું : "વારુ દાદીમા ! મારા દાદા જ્યારે કોક દહાડો આવતા ત્યારે કેટલા રૂપિયા આપવા પડતા ? એ વખતે તમારી સાથે ખૂબ ઝઘડો થતો—નહિ ?"

* એક પ્રકારનું મિષ્ટાન્ન.

જગદ્ધાત્રી ચિડાઈ જઈ બોલ્યાં : "બધું ડહાપણ રહેવા દઈ ઠાકોરજીના ચંદનની જોગવાઈ કર, જા, સન્ધ્યા !"

દાદી પોતે પણ જરા હસીને બોલ્યાં : "બધું જાણે છે તો ખરી બહેન, અને તોયે તને સાંભળવાનું મન થયાં કરે છે?"

આ બધી ચર્ચા જગદ્ધાત્રીને મૂળથી જ ગમતી નહોતી, અને મનમાં મનમાં ચીડ પણ ખૂબ ચડતી હતી; સાસુના જવાબમાં તે બોલી : "એ વખતની વાત તો કોણ જાણે મા! પણ આજકાલ તો આટલાં બધાં લગન કોઈ કરતું નથી. અને એવા અત્યાચાર પણ હવે થતા નથી. અને કેટલાક માણસોએ કદી કોઈ વખત કંઈ ખોટું કામ કર્યું એટલે શું કુળનું સન્માન જવા દેવાય, મા? હું જીવું છું ત્યાં લગી તો એમ નહિ થાય."

ગૃહસ્વામિની પુત્રવધૂના ચઢેલા કંઠસ્વર આગળ સાસુ ચૂપ રહ્યાં, પણ સન્ધ્યા અકળાઈ ગઈ. દાદીની વધારે નજીક જઈ કોમળ સ્વરે તેણે પૂછ્યું : "પણ શું કરવા એ લોકો એવા અત્યાચાર કરતા, દાદીમા? એમને શું દયા પણ આવતી નહિ?"

દાદીમાએ સન્ધ્યાનો હાથ પકડી તેને પાસે ખેંચી લઈ કહ્યું : "દયા શી રીતે આવે, બહેન? એક રાત સિવાય જેની સાથે આખી જિંદગીમાં ફરી કદી મેળાપ થવાનો નથી, એને માટે કોને દુઃખ થાય? અને એ અત્યાચાર શું આજેય નથી થતો જાણે છે? આ જોને તારા પર જ જે થવા બેઠું છે તે શું ઓછો અત્યાચાર છે બહેન?"

જગદ્ધાત્રી હાથમાંનું કામ પડતું મૂકી એકદમ ઊઠી ઊભાં થઈ ગયાં અને અત્યંત કઠોર અવાજે છોકરીને ઉદ્દેશી બોલ્યાં : "તું સેવાની ઓરડીમાં જાય છે કે પછી હું કામકાજ પડતું મેલી જાઉં, સન્ધ્યા !"

સન્ધ્યાએ મા ભણી જોયું, પણ કંઈ બોલી નહિ, તેમ ઊઠવાનો યત્ન પણ કર્યો નહિ. ધીમે ધીમે તેણે દાદીને પૂછ્યું : "પણ જે વાતનું આટલું બધું માન હોય—આટલા દિવસ થયાં આમ ને આમ જે ચાલી આવી હોય, એનો નાશ થવા દેવો એ ઠીક કહેવાય દાદીમા?"

આ વખતે સાસુએ પણ વહુના કઠોર શબ્દો તરફ ધ્યાન આપ્યું નહિ. પૌત્રીના સવાલના જવાબમાં તે બોલ્યાં! "કોઈ વાત લાંબા વખતથી ચાલતી આવી હોય એટલે જ તે કંઈ સારી થઈ જતી નથી, બહેન! તે તરફ લોકો ભલેને માન ધરાવતા હોય તેથી શું? પણ વખતોવખત તેને કસી જોઈ નિર્ણય કરવો પડે છે. જે મારું મારું કરી આંખો મીંચી જીવવા ઇચ્છે છે તે જ મરે છે. મારી બધી વાત કોઈને કહેવાય એવી નથી, બહેન! પણ એને લીધે આખી જિંદગી મારે રાત દહાડો એવી ઝેરી બળતરા સહેવી પડે છે—" બોલતાં બોલતાં તેમનું ગળું જાણે અંતરની અવ્યક્ત વેદનાથી રુંધાઈ ગયું.

સન્ધ્યા તેમનો હાથ પોતાના હાથમાં લઈ ધીરે રહી બોલી: "હશે, જવા દો દાદી, એવું બધું નથી સાંભળવું."

તેમણે બીજા હાથ વડે પૌત્રીને છાતીસરસી ખેંચી લીધી, અને શાંતિથી પોતે એક ક્ષણમાં સ્વસ્થ બની ગયાં. પછી સ્વાભાવિક કંઠથી ધીરે ધીરે બોલવા લાગ્યાં: "સન્ધ્યા, દેશના રાજાએ એક દિવસ માત્ર ગુણ ઉપરથી બ્રાહ્મણને કુલીન ઠરાવી તેમની જાતિ નક્કી કરી હતી. ત્યાર પછી એવો પણ એક વખત આવ્યો કે જ્યારે આ જ દેશના રાજાના હુકમથી તેમના જ વંશજોના દોષો ધ્યાનમાં લઈ નાતો પાડવામાં આવી. જે સન્માનની ઇમારત દોષ અને અનાચાર ઉપર ચણાઈ છે તેની અંદરના પોકળની જો તને ખબર હોત તો આજે જે વસ્તુ ઉપર તમે આટલાં મોહી પડ્યાં છો, તે કુળની બડાશ મારતાં અને હલકી જાત કહીને જે બે ભાયણોને તમે હાંકી કાઢી તેમને એવાં હલકાં કહેતાં પણ શરમથી તમારું માથું નીચું નમી જાત."

જગદ્ધાત્રી ક્રોધ અને કંટાળો અસહ્ય થવાથી ઊઠી ચાલ્યાં ગયાં, પણ સન્ધ્યા ગુપચુપ ત્યાં જ બેસી રહી. તેને મનમાં લાગવા માંડ્યું, તેની સત્યવાદી સંન્યાસિની દાદી અંતરની કોઈ એક અત્યંત લજ્જા અને વેદનાનો ઇતિહાસ કેમે પ્રગટ કરી શકતાં નથી, પરંતુ એ દુઃખથી તેમનું હૃદય ચિરાઈ જાય છે. તેને એકાએક લાગ્યું કે તેના દાદાએ

કરેલાં અસંખ્ય લગ્નો સાથે આ વાતને જાણે કંઈક ગાઢ સંબંધ છે.

થોડીકવાર મૂંગી રહી તેણે શરમાતાં શરમાતાં પૂછ્યું : " સાચે જ શું દાદીમા, આપણામાં ખૂબ ભારે અનાચાર પેસી ગયો છે? જેના ઉપર આપણે આટલો ગર્વ રાખીએ છીએ તે શું પોકળ છે?"

દાદીમાએ કહ્યું : " એ કેટલું પોકળ છે તે તો મારા કરતાં કોઈ વધારે જાણતું નથી ! " પરંતુ આટલું બોલતાં તેમની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં, તે સાંજના અંધકારમાંયે સંધ્યાની નજર બહાર ગયું નહિ.

તેમણે હાથ વડે આંખો લૂછી નાખી ધીરે ધીરે બોલવા માંડયું : " પણ હવે રહી રહીને હું શું યાદ કરું છું તે તું જાણે છે સંધ્યા? માણસ માણસ વચ્ચે ભેદ ઊભો કરવા માટે માણસે પોતાને હાથે જ બધી ભીંતો ઊભી કરેલી છે; ભગવાનના ઘરનો એવો કશો નિયમ નથી. ખુલ્લી રીતે હળવા મળવાના સિંહદ્વાર પર માણસો જેમ જેમ કાંટા ઉપર કાંટા વેરતા જાય છે, તેમ તેમ છૂપી રીતે તેમના અત્યાચારની વાડો અનાચારથી સેંકડો જગાએ તૂટતી જાય છે. એમાં થઈને પછી કેવળ પાપ અને ગંદવાડ જ અંદર પ્રવેશ કરે છે."

એ પછી થોડી વાર લગી બંને જણાં ચૂપચાપ સ્થિર થઈ બેસી રહ્યાં. સન્ધ્યાને ચોક્કસ લાગ્યું, કે આની સાથે તેના દાદાએ કરેલાં અનેક લગ્નોનો સાચે જ કંઈક હીન સંબંધ છે. અને કશુંયે ન સમજ્યા છતાં પણ તેને જાણે ભય લાગવા માંડચો !

દાદીમા બોલ્યાં : " જા બહેન ઠાકુરસેવાનું કામ પતાવી નાંખ, નહિ તો તારી મા ખૂબ ગુસ્સે થશે."

સન્ધ્યાએ બેધ્યાનપણે જવાબ આપ્યો : " હવે તો એ પોતે જ બધું કરી લેશે." આમ કહી વળી તેણે તેમનો એક હાથ પકડી કહ્યું : " ચાલોને દાદીમા ! મારી ઓરડીમાં જઈ એ બધી જૂની વાતો કરીએ."

એમ કહી તે જાણે જોર કરી તેમને ખેંચતી પોતાની ઓરડી તરફ લઈ ચાલી.

## ૨

રાત બહુ થઈ નથી, એકાદ પહોર વીત્યો હશે, પણ ઠંડીના દિવસમાં ગામડાગામમાં એટલી વારમાં તો બહુ રાત થઈ ગઈ હોય તેમ લાગતું હતું. જ્ઞાનદાની સુવાની ઓરડીને એક ખૂણે એક માટીનું કોડિયું ટમ ટમ કરતું બળતું હતું. ઓરડીમાં જ્ઞાનદા બેઠેલી હતી અને તેની પાસે જમીન ઉપર બેસીને રાસમણિ હાથ મોં હલાવીને સમજાવતાં હતાં :

“ જો સાંભળ, જ્ઞાનદા ! ગાંડપણ કર નહિ. દવા આપી છે તે પી લે, પાછું હતું તેવું થઈ જશે, કોઈ જાણવાયે નહિ પામે.”

જ્ઞાનદા આંસુથી રુંધાઈ ગયેલે અવાજે બોલી : “ આવું તમે મને શી રીતે કહો છો, દિદિ ! એક પાપ ઉપર બીજું આવડું મોટું પાપ હું રીતે કરું ? નરકમાંયે મારે માટે જગા રહેશે નહિ.”

રાસમણિએ તિરસ્કાર કરી રહ્યું : “ તો આજે કુળને આવડું મોટું કલંક લગાડી તું શું સ્વર્ગે જવાની છે એમ માને છે ? જે રહ્યું સહ્યું હોય તે કર. જ્ઞાનદા ! વાત જગજાહેર કરી આવડા મોટા ગામના પૂજ્ય માણસને નીચું માથું ઘલાવવું છે ? ”

જ્ઞાનદા બે હાથ જોડી રડી પડી બોલી : “ દવા તો મારાથી કદી ખવાવાની નથી. મને ઝેર ખવડાવી તમે મારી નાંખશો એ હું જાણી ગઈ છું.”

રાસમણિએ મોં અતિશય બગાડી કહ્યુ : “ તો એમ કહેને, મરવાની બીકે પીતી નથી. નાહક ધર્મ ધર્મ શાની કરે છે ! ”

જ્ઞાનદાએ કહ્યું : “ પણ આ તો ઝેર ! ”

રાસમણિએ કહ્યું : "ઝેર હોય એથી તને શું ? તું તો મરતી નથી ને !" એમ કહી તીક્ષ્ણ કંઠસ્વર પળ માત્રમાં કોમળ અને કરુણ કરી કહ્યું : "તું તો ગાંડી થઈ છે, ગાંડી. અમે તને ન પીવાની વસ્તુ પીવાનું કહીએ ખરાં, બેન ? એમ તે કદી બને હવે ? રાસી બામણીને વિશે એવું કોઈ કહી શકે એમ છે ? એવું નથી, ભા ! નસીબના પાપે જે શત્રુ તારા પેટમાં પાક્યો છે—એ પીડા પતી જવા દે—એ તે કેટલી વારનું કામ !—વળી પાછી તું હતી તેવી—ખા, પી, ફરતી ફર, તીરથ, ધરમ, જપ, તપ, વરત કર—આ વાત કોઈ જાણે કે કરે !"

જ્ઞાનદા મોં નીચું રાખી સ્થિર થઈ બેસી રહી.

રાસમણિએ પૂછ્યું : "તો મંગાવું ને બેન ?"

જ્ઞાનદાએ ઊંચું જોયા વિના રડી પડી કહ્યું : "ના, હું એ કશું કદી પીવાની નથી—તો તો હું મરી જ જાઉં."

રાસમણિ ભયંકર ગુસ્સો કરી બોલ્યાં : "તું તો નવાઈની દીઠી બાઈ. ના પીવી હોય તો જા અહીંથી. પુરુષ માણસ એકાદ ન કરવાનું કરીયે નાંખે એટલે કંઈ બાઈ માણસને આમ જીદ પકડવી પાલવે ? ચાટુજ્જે દાદા તો કહે છે, હશે, જે થવાનું તે થયું, એને હું પચાસ રૂપિયા આપું છું. એને જવું હોય તો કાશી, વૃંદાવન જતી રહે. પછી એમનો કોઈથી શી રીતે વાંક કઢાય, જ્ઞાનદા ? રૂપિયાયે કંઈ થોડા આપે છે ! ખોબા ભરીને !"

જ્ઞાનદાએ કહ્યું : "મારે રૂપિયા જોઈતા નથી, દિદિ ! પૈસા લઈ હું શું કરું ? હું તો ક્યાંયે કોઈને ઓળખતી નથી—હું કેવી રીતે કોની આગળ જઈ આ મોં લઈ ઊભી રહીશ ?"

રાસમણિ બોલ્યાં : "એટલે તું શું અમને આફતમાં ઉતારવા માગે છે ? લોકો અમસ્તા કહે છે કાશી વૃંદાવન ! આટઆટલાં લોકોને સ્થાન મળે છે ને એક તને નહિ મળે ?"

જ્ઞાનદા પળવાર નિઃશબ્દ રહી બોલી : "રાસુદિદિ ! હું

બધું જાણું છું. કાલે પ્રાણકૃષ્ણ મુખુજ્જેની છોકરી સાથે એમનાં લગન થવાનાં છે એય જાણું છું. આજે એથી જ મને ઝેર આપવું છે, કાશી મોકલી દેવી છે—ગમે તે રીતે ઘરમાંથી દૂર કરવી છે ! પણ ભગવાન !" બોલતાં બોલતાં તે એકદમ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. પછી બે હાથ જોડી કહેવા લાગી : "ભગવાન ! તારે ચરણે આટલાં લોકોને સ્થાન મળ્યું છે તો મને પણ મળશે ! પણ બાળપણથી કદી કશું પાપ કર્યું નથી, કદાચ કદી કરવાનું થાત પણ નહિ. પણ તમે તો બધું જાણો છો ! એ પાપની સજાનો બધો ભાર હું નિરૂપાય છું એટલે શું મારા જ માથા ઉપર નાખી દેશો ?"

ભગવાનનું નામ સાંભળી રાસમણિની ચીડનો પાર રહ્યો નહિ. તેમણે તેને ધમકાવતાં કહ્યું : "તું મરે ! શાપ શાની દે છે ? નાની કીકલી છે ? ચોર મરે તે સાત ઘરને સંડોવે—આ એવું થયું. તેં છૂટ આપી ત્યારેને ! એમાં પુરુષ માણસનો દોષ શો ? લાવ, કહે તો ખરી, એવો આદમી કયો છે જે રાસી બામણીથી ન ચળે !"

આનો વળી ઉત્તર શો હોય ? જ્ઞાનદા ચૂપચાપ પાલવ વડે આંખો લૂછવા લાગી, રાસમણિ કંઈક શાંત અવાજે બોલ્યાં : "હે તો જ્ઞાનદા, કેવરાની વહુએ આપેલી દવા પીતાં તને બીક લાગતી હોય તો પ્રિય મુખુજ્જેનો તો વિશ્વાસ છે ને ? તો પછી એમની પાસેથી કંઈ લાવીએ કે—"

જ્ઞાનદા અચંબો પામી બોલી : "એ આપશે ?"

રાસમણિ બોલ્યાં : "હે—અ ! કેમ નહિ આપે ? ચાટુજ્જે દાદા કહે એટલે એને આપ્યા વિના છૂટકો જ નહિ. માણસ બોલાવવા ગયો છે. હમણાં આવશે. પણ એ વખતે ના કહે ચાલશે નહિ, કહી દઉં છું."

જ્ઞાનદા મૂંગી મૂંગી જોઈ રહી. રાસમણિ ઉત્સાહમાં આવી વળી કંઈક બોલવા જતાં હતાં, પણ એટલામાં, આંગણામાં જોડાનો

અવાજ અને પ્રિય મુખુજ્જેનો કંઠ સંભળાયો—

"ઓહો ! અહીં દીવો પણ કેમ નથી મૂક્યો ? ઘરમાંથી બધાં ગયાં ક્યાં—" બોલતા બોલતા ખટખટ અવાજ કરતા તેઓ ઘરમાં આવી પહોંચ્યા. પછી બગલમાં દબાવેલી નાની મોટી ચાર પાંચ ચોપડીઓ બાજઠ ઉપર અને હાથમાંની પેટી નીચે રાખતાં બોલ્યા : "આજે કેમ છે જ્ઞાનદા ? ઉંહું—એ નહિ ચાલે—એ નહિ ચાલે, ટાઢ પડે છે, આમ ભોંય પર બેસે એ નહિ ચાલે—રેમિડિ બદલવી પડે એમ લાગે છે ! આ કોણ ? માસી કે ? ક્યારે આવ્યાં ? સારાં તો ખરાં ને બધાં ? તમારી પૌત્રીને કાલે રસ્તામાં જોઈ, પણ તબિયત કંઈ સારી લાગી નહિ ! ભૂખ કેવી લાગે છે ? કાલે તેને લઈ આવીને તેની જીભ જરા બતાવી જજો, મરવાનીયે ફૂરસદ નથી, ક્યાં જાઉં ને ક્યાં ન જાઉં ! જરા નજરચૂક થઈ કે—કાલે છોકરીનાં લગન છે, માસી, તોયે કાલે સવારે નીકળવું પડે એમ છે ! છોકરીનાં લગન છે, એટલે કાલે કંઈ મારાથી બહાર નીકળાય નહિ—પણ દરદીઓનું શું થશે એનો જ મને વિચાર આવ્યા કરે છે. અને એ ય કંઈ થોડા છે ? એવું થઈ ગયું છે કે પ્રિય મુખુજ્જેને છોડીને કોઈ હવે બિપનાને બોલાવતુંયે નથી ! એનું વળી ચાલે જ શી રીતે ? દુઃખ પણ થાય છે, ગમે તેમ તોય ભણેલો તો છે ને ! લાવ જરા નાડ દેખાડ, જોઉં. પંચા ગોવાળને સાંભળ્યું છે કે છાતીએ શરદી લાગી ગઈ છે—ઉતાવળે પગલે એક વાર જોઈ આવવું પડશે. લાવ જોઉં નાડ—"

જ્ઞાનદાએ હાથ લાંબો કર્યો નહિ. ચૂપચાપ નીચે મોંએ બેસી રહી.

રાસમણિ બોલ્યાં : "છોકરીનો રોગ શો પારખ્યો, કહો તો જમાઈરાજ ?"

પ્રિયે તેમના મોં તરફ જોઈ કહ્યું : "ડિસ–બદહજમી–અજીર્ણ પિત્ત ! પિત્ત !"

પરંતુ પ્રશ્ન કરનારીને ધીરે ધીરે માથું હલાવતી જોઈ તેમની

દાક્તરી વિદ્યા એકદમ નાસી જવા લાગી. એકદમ વ્યગ્ર થઈ જઈ તે બોલ્યા : "કેમ ? કેમ ? ખોટું કહું છું ? બિપનો આવ્યો લાગે છે ! એ શું કહી ગયો ? જોઉં તો ખરો, એણે શી દવા આપી છે ?"

રાસમણિને સાચી જૂઠી, ઉગ્ર કે કોમળ, સારી કે નરસી એક પણ વાત કરતાં વાંધો આવતો ન હતો; ભૂમિકા તૈયાર કરીને વાત કરવાની જરૂર તેમને ભાગ્યે જ રહેતી—પરંતુ, તેમ છતાં પણ તેમનેય આજે સાવધાન રહેવું પડ્યું. તે માથું હલાવી બોલ્યાં : "ના રે ભાઈ! બિપિન દાક્તરને ય બોલાવ્યો નથી, પરાણ ચાટુજ્જેનું તો નામે દીધું નથી—તમે છો, પછી એમને કોણ બોલાવે ? દાક્તરીની બાબતમાં લોકો શું સમજ ? ચાટુજ્જે દાદા તો બધાંની આગળ એમ જ કહેતા ફરે છે !"

"કહે જ તો. બધાંયે કહેશે ! બિપનાને તો હું દસ વરસ લગી શિખવાડી શકું. પેલે દહાડે પૉલ્સેટિલા આપીને—"

માસી બોલ્યાં : "અને વળી, છોકરી એવું કરી બેઠી છે બાપુ, કે પોતિકા માણસ સિવાય કોઈ પારકાને બોલાવી જ શકાય નહિ."

પ્રિય તપી જઈ બોલ્યા : "હું જીવતો બેઠો છું ત્યાં લગી અહીં બીજો કોઈ પગ મૂકે—દવા કરવા ? તો તમને ખબર નથી, માસી! રોગને જરા વખત લાગે, પણ એયે કહેતો જાઉં છું—બેથી ત્રીજી રેમિડિ મારે આપવી પડવાની નથી. કેમ જ્ઞાનદા ! ઓકારી બોકારી બધું મારી બે ટીપાં દવાથી અટકી ગયું કે નહિ ? ખરું બોલ."

જ્ઞાનદાનું ઢળેલું માથું એકદમ નીચે ઝૂકી પડ્યું.

તેના વતી રાસમણિએ કહ્યું : "તમારા સિવાય તો બીજા કોઈ પર એને વિશ્વાસ નથી બાબા! તમારી દવા એટલે એને જાણે ધન્વંતરી ! પણ એની માંદગી એ નથી, પ્રિયનાથ ! અભાગણના નસીબે કંઈ ઊંધો જ રોગ થઈ પડ્યો છે !"

પ્રિયે હાથ ઊંચો કરી કહ્યું : "ઊંધો નથી, માસી, ઊંધો નથી.

બિપનાના હાથમાં કેસ ગયો હોત તો ઊંધું વેતરાઈ જાત ખરું, પણ કશો ભય નથી, આ પ્રિય મુખુજ્જે છે!"

રાસમણિ કપાળે હાથ પછાડી બોલ્યાં: "તમે બચાવો તો બીવા જેવું નથી એ ખરું, પણ આ કાળમુખી બધી બાજુથી સત્યાનાશ વાળી બેઠી છે! હવે એને જોઈતી દવા આપી ઉગારી નહિ લો, તો કુળમાં કલંક લાગવામાં બાકી રહેશે નહિ, બાબા."

પરંતુ આવા મોટા વિદ્વાન દાક્તરને પણ આ છેલ્લા શબ્દો બરાબર સ્પષ્ટ રીતે સમજાયા નથી એમ તેમના મોં તરફ દૃષ્ટિ નાંખતાં જ આંખના પલકારામાં માસી સમજી ગયાં. એટલે વાત બરાબર સ્પષ્ટ કરવા માટે પ્રિયનાથને તેમણે ખંડમાં એક ખૂણે લઈ જઈ કાનમાં કહ્યું. પ્રિયનાથ તે સાંભળતાં જ ચમકી પડી બોલ્યા: "શું કહો છો માસી! જ્ઞાનદા?"

માસીએ કહ્યું: "વધારે શું કહું બાપુ, લખેલું કોણ મિથ્યા કરે કહો. હવે એવી દવા આપો પ્રિયનાથ! કે ગોલક ચાટુજ્જેનું ઊંચું માથું નીચું થવા વારો ન આવે. ગામના આગેવાન! સમાજના શિરોમણિ! એ તો પુરુષ માણસ—તેમનો વાંક શો બાપુ? પણ એમને ઘેર આવીને તેં, કુબ્જા! આ શો ભવાડો કર્યો? હાય!"

પ્રિયનું મોં ફિક્કું પડી ગયું. પળવાર જ્ઞાનદાનું મોં જોવાનો એમણે પ્રયત્ન કર્યો, પછી ધીરે ધીરે બોલ્યા: "ત્યારે તો તમે બિપિન દાક્તરને ખબર આપો, માસી! આની દવા મારી પાસે નથી." આમ કહી નીચા વળી પોતાની ચોપડીઓ અને પેટી ભેગી કરવા લાગ્યા.

રાસમણિએ આશ્ચર્ય પામી કહ્યું: "એ શું બોલ્યા, પ્રિયનાથ, આ શું જેને તેને કહેવા જેવી વાત છે? ગમે તેમ તોયે તમે પોતાનું માણસ, અને બિપિન દાક્તર પારકો તે પારકો, શુદ્ર! બ્રાહ્મણની લાજમર્યાદાની એની આગળ કેમ વાત થાય?"

પરંતુ એ બોલી રહે તે પહેલાં તો એકદમ બારણું ઉઘાડી

ગોલક ધીમે પગલે દાખલ થયા. અને પ્રિયનો ડાબો હાથ દબાવી પકડી રાખી વિનંતી કરતા બોલ્યા : “ ઝેરની બીકે તો એ બીજા કોઈની દવા પણ ખાતી નથી; બાપુ ! નહિ તો તમને કષ્ટ આપત નહિ. ગમે તેમ આ આપદામાંથી તો તમારે અમને ઉગારી લેવાં જ પડશે પ્રિયનાથ ! ”

પ્રિય હાથ છોડાવી લઈ બોલ્યા : “ ના, ના, એવાં બધાં ગંદાં કામમાં હું નહિ પડું; હું તો નાડ જોઉં, રેમિડિ સિલેક્ટ કરી આપું, બસ ! બિપિન ફિપિનને બોલાવી પૂછો—હું આવું બધું કશું જાણું કરું નહિ.” કહી વળી ફરીને ચોપડીઓ વગેરે બગલમાં ઘાલવા તૈયારી કરી.

ગોલકે એ જ હાથ પાછો ફરીથી પોતાના હાથમાં ખેંચી લઈ લગભગ રડતે અવાજે કહેવા માંડ્યું : “ પ્રિયનાથ, ઘરડા માણસની વાત રાખો, બાપુ—સગપણમાં તો હું તમારો સસરો થાઉં—આટલું નહિ કરો એમ જાણ્યું હોત તો તમને બોલાવત જ નહિ ! મારા સમ, કંઈ રસ્તો કરી આપો—તમારે આશરે છું—”

પ્રિયનાથે ફરી હાથ છોડાવી લઈ કહ્યું : “ સગપણની રીતે સસરા થાઓ છો એટલે શું તમારા કહેવાથી હું જીવહત્યા કરું ? તમેયે ખરા ! પરલોકમાં જવાબ શો આપીશ ? ”

ગોલક બારણા પાસે ખસી ગયા. તેમનો ચહેરો, આંખનો ભાવ, ગળાનો અવાજ, બધું જ જાણે અદ્ભુત જાદુ થયું હોય તેમ નિમિષ માત્રમાં પલટાઈ ગયું. કર્કશ કંઠે તેમણે પૂછ્યું : “ આટલી મોડી રાત્રે તું ભદ્રલોકના ઘરમાં પેઠો શું કરવા ? અહીં શું કામ હતું ? ”

પ્રશ્ન સાંભળી પ્રિય કેવળ આશ્ચર્ય પામ્યા એટલું જ નહિ, પણ દિગ્મૂઢ થઈ ગયા. તે બોલ્યા : “ શું કામ ? વાહ ? ખરું છે ! દવા કરવા કોણે બોલાવ્યો'તો ? વાહ ! ”

ગોલક ચીત્કાર કરી બોલી ઊઠચા : "વાહ! દવામાં તું પાછો બહુ સમજે ખરોને, હરામજાદા! બદમાશ! કોણે તને બોલાવ્યો છે? કયાંથી ઘરમાં ઘૂસી આવ્યો? ખડકી કોણે ઉઘાડી આપી તને?"

પછી જ્ઞાનદા તરફ જોઈ બોલ્યા : "હરામજાદી! એટલે જ આંધળો સસરો રડી રડી પાછો ગયો, તોયે ગઈ નહિ! ઘરડી સાસુ મરવા પડી છે—મેં પોતે કેટલું કહ્યું : 'જ્ઞાનદા! જા, આ વખતે એમની ચાકરી કર,' પણ કેમે કરી ગઈ નહિ—તે આટલા માટે? રાત મધરાતે દવા કરાવવા માટે! ઊભી રહે હરામજાદી! કાલે જો તારું માથું મૂંડી, છાશ રેડી ગામ બહાર ધકેલી ના કાઢું, તો મારું નામ ગોલક ચાટુજ્જે નહિ!"

જ્ઞાનદાના માથા ઉપર છેડો ન હતો—કયારે ખસી ગયો તે તેને ખબરે નહોતી રહી. તે કંઈ જ બોલતી નહોતી—માત્ર આંખો ફાડી પથ્થરની જેમ બેસી રહી!

ગોલકે રાસમણિ તરફ જોઈ કહ્યું : "રાસુ, આંખે જોયાંને આ લોકોનાં કામાં? હું દસ ગામના સમાજનો કર્તાહર્તા, ને મારા ઘરમાં આવું પાપ? આ તો વાઘની બોડમાં વરુનો વાસો!"

રાસમણિ પોતે પણ આટલો વખત સ્થિર થઈને બેસી રહ્યાં હતાં; તે બોલ્યાં : "એવું જ થયું તો, દાદા!"

ગોલકે કહ્યું : "પણ તું સાક્ષી છે."

રાસમણિએ કહ્યું : "છું જ તો! મને થયું, રાતના જરા હાથ છૂટો થયો છે તો લાવ જ્ઞાનદાને કેમ છે, જરા જોતી આવું—જોઉં છું તો ખાસ્સાં બંને જણાં હાહા હીહી કરતાં બેઠાં છે."

જ્ઞાનદાએ આનો પણ કંઈ જવાબ આપ્યો નહિ. પહેલાં જેવી જ ફાટેલી આંખે પથ્થરની મૂર્તિની જેમ બેસી રહી.

પ્રિય આભો બની ઊભો હતો; ગોલકે ઝાપટ મારી તેના હાથમાંની ચોપડીઓ ખૂંચવી લઈ તેની ગરદન ઉપર જોરથી એક મુક્કો મારી કહ્યું : "નીકળ બેટા પાજી! બદમાશ! નીકળ મારા

ઘરમાંથી ! શું કરું. તું રામતનુ બાંડુજ્જેનો જમાઈ મૂઓ છે,—નહિ તો જૂતે જૂતે તને અધમૂઓ કરી થાણામાં મોકલી દેત !'' આમ કહી ફરી પાછો એક ધક્કો માર્યો, અને જે નોકરચાકર બૂમરાણ સાંભળી પરસાળમાં આવી ભરાયાં હતાં, તેમની વચ્ચે થઈ તેને ધક્કા મારતા મારતા બહાર લઈ ગયા.

પ્રિય બોલતા બોલતા ગયા : "વાહ ખરી મજા !"

નોકરચાકર પણ એમની પાછળ ગયાં, અને રાસમણિ પણ ચૂપચાપ તેમની પાછળ પાછળ કશો જવાબ આપ્યા વિના રસ્તે પડી ગયાં.

રહી માત્ર જ્ઞાનદા. તેવી જ જડ, તેવી જ મૂઢ, તેવી જ પાષાણની મૂર્તિ જેવી બેઠેલી !

## ૩

આજે આખોયે દિવસ દૂરથી અને પાસેથી શરણાઈનો કરુણ સૂર રહી રહીને સંભળાતો હતો. માગશર મહિનામાં આજના દિવસ પછી ઘણા દિવસ સુધીનું લગ્નનું મુહૂર્ત આવતું ન હતું; એથી આ નાના ગામમાં પણ લગભગ ચાર પાંચ જગાએ શુભલગ્નની તૈયારીઓ ચાલી રહી છે. આજે સન્ધ્યાનાં લગ્ન છે.

અનેક કારણોને લીધે અરુણ હજુ સુધી ઘર તથા ગામ છોડી જવાનો સંકલ્પ અમલમાં મૂકી શક્યો નથી. પહેલાંની માફક ફરી પાછો તે પોતાનું કામકાજ કર્યે જાય છે. બહારથી તો તેના જીવનમાં કશો ફેર પડ્યો દેખાતો નથી, પરંતુ જરા ધ્યાનપૂર્વક જોતાં જ દેખાઈ આવે છે કે ગામ ઉપરની તેની મમતા જાણે છેક જ ચાલી ગઈ છે. જે બધાં હિતનાં કામો સાથે તેને અત્યંત ગાઢ સંબંધ હતો. તે બધાં જાણે દૂર ખસી ગયાં છે! ગામમાં તે બહિષ્કૃત છે, આટઆટલામાં લગ્ન હોવા છતાં એકે ઘેરથી તેને નિમંત્રણ મળ્યું નથી—સમાજવ્યવહાર સાચવવા પણ તેને ક્યાંયે જવાનું નથી—આજે બધાંયે ઘરનાં બારણાં તેની સામે બંધ છે!

સાંજ પછી તે તેના બીજા માળના વાંચવાના ઓરડામાં સ્થિર થઈ બેઠો હતો. ઠંડો પવન વાતો હતો. તો પણ ઓરડાનાં બારી-બારણાં બંધ કર્યાં ન હતાં—બધાંયે ખુલ્લાં હતાં. નિર્મેઘ, નિર્મળ આકાશ એક છેડેથી બીજે છેડે સુધી તેરસની ચાંદનીના પ્રકાશમાં ઝળહળી રહ્યું હતું—તેનું એક કિરણ પાછળની ખુલ્લી બારીમાં થઈને અંદર આવી અરુણના પગ આગળ પથરાઈ પડ્યું હતું. તેની સામેના ખુલ્લા વરંડાની નજીક એક નાની નાળિયેરીની ટોચ ઉપર પાંદડે પાંદડું જ્યોત્સનાના પ્રકાશથી ઝળક ઝળક થતું હતું. તે તરફ જ નજર

નાખી અર્ધ જાગ્રત, અર્ધ નિદ્રાતુરની જેમ તે શી ખબર શું વિચાર કરી રહ્યો હતો. રસોયો જમવા માટે બોલાવવા આવ્યો ત્યારે ભૂખ નથી કહી તેને પાછો કાઢ્યો. ભીંત ઉપર ખૂણામાં ટીંગાડેલી ઘડિયાળે અગિયારના ટકોરા કર્યા—અને સૂવાનો સમય થયો છે એમ જાહેર કર્યું છતાં આજે ત્યાંથી લગીરે ખસવાની તેને ઇચ્છા થઈ નહિ. જેમનો તેમ નિઃશબ્દ, સ્થિર થઈ તે બેસી રહ્યો.

એકાએક તેને કાને મોટા બારણા ઉપર હાથ ઠોકાવાનો અવાજ અને બીજી જ ક્ષણે બારણું ઉઘડવાનો અવાજ પણ સંભળાયો. શું છે તે પૂછવા ઇચ્છા થઈ, કારણ કે ગામડાગામમાં આટલી રાતે અમસ્તું કોઈ કોઈને ઘેર જતું નથી, પણ ઉત્સાહને અભાવે કંઈ પૂછી શક્યો નહિ.

પણ બહુ વાર વિચારવશ રહેવું પડ્યું નહિ. થોડી જ વારમાં બારણા પાસે નવી રેશમી સાડીનો પવનમાં જોરથી સરસર અવાજ થતો સંભળાયો. ને તરત જ કોઈ વંટોળિયાની માફક ઓરડામાં દાખલ થઈ તેના પગ આગળ આવી ઊબડી પડ્યું.

અરુણે હાંફળા હાંફળા ઊઠી ઊભા થઈ જોયું તો જ્યોત્સ્નાના પ્રકાશમાં એનું પાનેતર ઝગઝગી રહ્યું છે. એ કોણ છે તે તે તરત જ પામી ગયો. એકદમ ભય તથા વિસ્મયથી તેનું સમસ્ત હૃદય સુકાઈ ગયું. શું બોલવું, શું કરવું, કશું તેને સૂઝ્યું નહિ.

પરંતુ એનેય બહુ વાર લાગી નહિ. બળપૂર્વક દબાવી રાખેલું એક ભયંકર મર્મવેધક રુદન એકાએક ફાટી નીકળ્યું ને એ રુદનમાં ઓરડાનો વાયુ, ઓરડાનો અંધકાર, ઓરડાનો ઝાંખો પ્રકાશ, ઓરડામાં જે કંઈ હતું તે બધું એકસામટું એક ક્ષણમાં જાણે ચિરાઈ ચિરાઈ ટુકડેટુકડા થઈ ગયું.

બે ત્રણ પળ મૂઢની જેમ અરુણ મૂંગો રહ્યો, પછી જરા ખસીને ઊભો રહી બોલ્યો : "શું થયું છે સન્ધ્યા ?"

સન્ધ્યાએ મોં ઊંચું કરી જોયું. તેના લાલ પાનેતરની સઘો

આખા શરીર પરનાં ઘરેણાં જ્યોત્સ્નામાં ઝળહળવા લાગ્યાં. સુંદર કપાળ ઉપર ચંદ્રનાં કિરણો પડવાથી ચંદનની પત્રલેખા ભપકી ઊઠી, અને તેની સહેજ નીચે આંસુભરી પહોળી આંખો ચમકવા લાગી. સ્ત્રીનું આવું રૂપ અરુણે પહેલાં કદી જોયું નહોતું—તે એકદમ મુગ્ધ થઈ ગયો.

સન્ધ્યા બોલી : "અરુણદા, હું ચોરીમાંથી નાસી આવી છું, તમને લઈ જવા. આજે મને લાજ નથી, શરમ નથી, ભય નથી, માન અપમાનનું ભાન નથી—તમારા વિના આજે આ જગતમાં મારું બીજું કોઈ નથી—તમે ચાલો."

"ક્યાં ?"

"જ્યાંથી હમણાં જ એક જણ ઊઠી ચાલતો થયો—ત્યાં જ—તે આસન ઉપર."

અરુણ મનમાં ને મનમાં ખૂબ ઘવાયો. શું બન્યું હશે એ તે સમજ્યો : કંઈક ઝઘડો થવાને લીધે વરપક્ષનાં લોકો બળપૂર્વક વરને ખેંચી લઈ ગયાં હશે. હિન્દુ સમાજમાં આવી ઘટના કંઈ નવાઈની નથી—એટલે બીજાના તજી દેવાયેલા એ આસન ઉપર ઓચિંતી તેને માટે બૂમ પડી છે. ગમે તે રીતે પણ આજે સન્ધ્યાનાં લગ્ન તો થવાં જ જોઈએ.

પરંતુ, પોતે આઘાત પામ્યો હોવા છતાં પણ અરુણ સામો આઘાત કરી શક્યો નહિ. ઊલટું સ્નેહપૂર્વક ઠપકાભર્યા અવાજે બોલ્યા : "છિઃ—તું જાતે આવી તે સારું ન કર્યું, સન્ધ્યા ! એવું તો ઘણી વાર બને છે—તારા બાપુ કે બીજા કોઈ આવ્યા હોત તો !"

"બાપુ ? બાપુ તો બીકના માર્યા ક્યાંય સંતાઈ ગયા છે. મારી બા તળાવમાં પડી હતી, તેને જેમ તેમ કરી ખેંચી કાઢી છે અને હું એ જ વખતે તમારી પાસે દોડતી આવી પહોંચી છું. હાય ! આવડો મોટો સર્વનાશ શું જગતમાં બીજા કોઈનો થયો છે ? અમારે જીવવું શી રીતે ?"

તેના છેલ્લા શબ્દોથી અરુણને પાછો આઘાત થયો. તે બોલ્યો : "પણ મારાથી તો તમારા કુળની રક્ષા થઈ શકશે નહિ, સન્ધ્યા ! હું તો ખૂબ હલકા કુળનો બ્રાહ્મણ ! ગામમાં બીજા ઘણાયે કુલીન છે—તારા બાપ કાં તો હમણાં એની જ તપાસમાં ગયા હશે !"

સન્ધ્યા રડી પડી બોલી : "ના, ના, અરુણદાદા—બાપુ ક્યાંયે ગયા નથી, એ તો નાસી ગયા છે. મને હવે કોઈ સંઘરશે નહિ—કોઈ પરણશે નહિ. માત્ર તમે મને ચાહો છો—તમારા સિવાય મારું હવે કોઈ માન રાખે તેમ નથી."

તેની ભયંકર ઉચ્છૃંખલ દશા જોઈ અરુણને અત્યંત ક્લેશ થયો, હાથ પકડી ઊભી કરવાનો પ્રયત્ન કરવા જતાં જ સન્ધ્યાએ તેને વારી કહ્યું : "ના, હું ઊઠીશ નહિ—મારું ચાલશે ત્યાં લગી તમારા પગમાં જ પડી રહીશ. તમે કુળરક્ષા નહિ થવાનું કહ્યું ? કોનું કુળ અરુણદા ? હું બામણની છોકરી નથી—હું તો હજામની છોકરી છું. આજે મારું અડેલું પાણી કોઈ પીશે પણ નહિ ! હાય ! આવડી મોટી સજા તેં મને શું કરવા કરી ભગવાન ! મેં તારું શું બગાડ્યું હતું ?"

અરુણ ચમકી ઊઠ્યો. તેને એકાએક લાગ્યું કે સન્ધ્યા ભાનમાં નથી. કાં તો, આ બધી તેના ઉકળેલા મગજમાંની વિકૃત કલ્પનાઓ છે ! ખરેખર કશું જ બન્યું નથી—તે અહીં નાસી આવી છે—તેને ઘેર અત્યારે તો હાહાકાર મચી રહ્યો હશે ! તેને જરા શાંત પાડી ઘેર પહોંચાડવાની ઇચ્છાથી સ્નેહપૂર્વક માથે હાથ મૂકી તે ધીરે ધીરે બોલ્યો : "હા, ચાલ સન્ધ્યા, તને ઘેર લઈ જાઉં."

સન્ધ્યાએ લાંબી થઈ પ્રણામ કરી તેના પગની રજ માથે ચડાવી કહ્યું : "ચાલો, મને ખાતરી જ હતી કે—તમે આવશો, પણ પહેલાં મારી બધી વાત સાંભળી લો, પછી ચાલો—નહિ તો કોણ જાણે, પણ કદાચ—શું કહ્યું હતું મેં તમને એક દહાડો ? હલકા બ્રાહ્મણ, નહિ ? આજે ખરેખર એ જ પાપને લીધે સિદ્ધ થઈ ગયું છે કે હું બામણની છોકરી નથી ! આહા !—અમે જીવીશું શી રીતે

અરુણદા ?"

તેની માનસિક વેદના જોઈને અરુણનું મન પાછું શંકાશીલ થઈ ગયું. તેને લાગ્યું, સાચે જ કંઈક બન્યું હોવું જોઈએ, વખતે સન્ધ્યા સાચેસાચ વાત કરી રહી છે. તેણે ધીરેથી પૂછ્યું : "કોણે એ વાત સિદ્ધ કરી ?"

"કોણે ? ગોલક ચાટુજ્જેએ. હા, એમણે જ. મને એમણે શું કહ્યું હતું ખબર છે ? નથી ખબર ? હં, જવા દો એ વાત. મારી બા મને કન્યાદાન દેવા બેઠી હતી, મારાં દાદી ગુપચુપ ઊભાં હતાં. એટલામાં મૃત્યુંજય ગોર બે જણને લઈ આવી પહોંચ્યો. એક જણે દાદીને જઈ કહ્યું, 'તારાદિદિ, અમને ઓળખો છો ?' પછી મારી બા તરફ હાથ કરી બોલ્યો, 'તમે છોકરો પરણાવી આ બામણની છોકરીને જાતભ્રષ્ટ કરી છે—હવે શું કરવા પૌત્રીનાં લગ્ન કરી વળી આ બીજા બ્રાહ્મણની જાત વટલાવવા બેઠાં છો ?' ત્યાર પછી, બાપુ તરફ આંગળી કરી બધાંને કહેવા લાગ્યો : 'સાંભળજો બધાં, આ જેને તમે ઊંચા કુળવાળા પ્રિય મુખુજ્જે કહો છો એ તો બામણ-ભામણ કંઈ નથી, એ તો છે હીરુ હજામનો છોકરો !"

અરુણ બોલી ઊઠયો : "આ બધું તું શું બકયે જાય છે, સન્ધ્યા ?"

પણ સન્ધ્યાએ એ પ્રશ્ન સાંભળ્યો જ નહિ—પોતાની જ વાત તેણે આગળ ચાલુ રાખી—"મૃત્યુંજય ગોરે ગંગાજળનો ઘડો દાદી-માની સામે મૂકી પૂછ્યું : 'બોલો, સાચું છે કે નહિ ? બોલો, આ કોનો છોકરો છે ? મુકુંદ મુખુજ્જેનો કે હીરુ હજામનો ? બોલો '...અરુણદા ! મારાં સંન્યાસિની દાદીમા માથું નીચું ઘાલી બેસી રહ્યાં, એમનાથી જૂઠું બોલાયું નહિ. રે ! સાચી વાત, સાચી વાત; ભયંકર સાચી વાત ! સાચે જ મને તમે જેવી સમજો છો તેવી હું નથી ! તમારી સન્ધ્યા, બામણની દીકરી નથી !"

અરુણના મનમાં સંશયને હવે લેશ માત્ર સ્થાન રહ્યું નહિ.

માથે વજ્ર તૂટી પડ્યું હોય તેમ સ્તબ્ધ બની તે ઊભો રહ્યો.

સન્ધ્યાએ બોલવા માંડ્યું : "એક જણે પછી બધી વાત ખુલ્લી કરીને કહી દીધી. તે એમના ગામનો હતો. કહે, કે આઠ વરસની ઉંમરે દાદીમાના લગ્ન થયાં હતાં, ત્યાર પછી ચૌદ પંદર વરસ કેડે એક જણે આવી જમાઈ બનીને, મુકુંદ મુખુજ્જેના નામે ઘરમાં પેઠો. પાંચ રૂપિયા અને એક કપડું લઈ, તે બે દિવસ રહી ચાલ્યો ગયો! ઓ! ભગવાન!"

અરુણ તેમનો તેમ મૂઢ થઈ રહ્યો.

સન્ધ્યાએ કહ્યું : "શું કહેતી હતી, અરુણદા? હાં, હાં–યાદ આવ્યું. પછી તો એ આદમી ઘણી વખત આવતો. દાદીમા બહુ રૂપાળાં હતાં—અને એ પૈસા લેતો નહિ. ત્યારબાદ એક દિવસ તે ઓચિંતાનો પકડાઈ ગયો, પણ તે પહેલાં બાપુનો જન્મ થઈ ગયો હતો! હાય!—હું મા હોત ગળું દાબી મારી નાંખત—મોટો જ થવા દેત નહિ—ભૂલી ગઈ, શું કહેતી હતી હું?"

અરુણ અસ્પષ્ટ સ્વરે બોલ્યો : "આદમી પકડાઈ ગયો—!"

સન્ધ્યા બોલી : "હાં, હાં, બરાબર પકડાઈ ગયો. પછી એણે શું કહ્યું જાણો છો? કહે કે એ કર્મ એણે પોતાની ઇચ્છાથી કર્યું નથી, પણ તેના શેઠ મુકુંદ મુખુજ્જેના જ હુકમથી કર્યું છે. એક તો ઘરડો માણસ, તેમાં વળી પાંચ સાત વરસથી વાને લીધે પાંગળો એટલે પોતાની અપરિચિત પત્નીઓ પાસેથી રૂપિયા કઢાવવાનો ભાર પેલાની ઉપર નાંખ્યો હતો; એણે કહેલું : 'હીરુ, તું બામણનો વેશ લે, જનોઈનો તાંતણો ખભે નાખી લે. આજથી જે કંઈ રોજી તું કમાઈ લાવીશ તેનો અર્ધો ભાગ તને મળશે."

અરુણ ચમકીને બોલ્યો : "ત્યારે આવાં કામ તે બીજે પણ કરતો હશે?"

સન્ધ્યાએ કહ્યું : "હા, બીજી પણ દસ બાર જગાએથી તે આવી રીતે શેઠની ખાતર કમાણી કરી જતો. તણે બીજું પણ શું

કહ્યું હતું જાણો છો ? કહે કે એમાં કંઈ નવું નથી, અને તેના શેઠ જ એકલા એવું કરે છે એમ પણ નથી,—આવી રીતે ઘણા બ્રાહ્મણો દૂર વસીને ભાગીદારીના કામમાં બીજાની મદદ લે છે.”

અરુણ ક્રોધથી ગર્જના કરી બોલ્યો : “ સાચી જ વાત લાગે છે. નહિ તો બ્રાહ્મણ કુળમાં ગોલકના જેવા કસાઈ જન્મે શી રીતે ? અને છતાં એ જ લોકો હિન્દુ સમાજના મુગટ બની બેઠા છે. હં, પછી ? ”

“ પછી મારાં દાદી મારા બાપુને લઈ કાશી ગયાં. તે દિવસથી એમણે સંન્યાસ લીધો—ત્યારથી એ ક્યાંય પણ મોઢું બતાવતાં નથી.”

સન્ધ્યાએ આગળ ચલાવ્યું : “ કહે છે કે હીરુએ પૂછ્યું હતું, ‘ ઠાકુર મશાઈ, પરલોકમાં હું શો જવાબ દઈશ ? ” ત્યારે તેના શેઠે કહ્યું : ‘ એ પાપ મારે માથે, હું એનો જવાબ આપીશ. ” હીરુએ પૂછ્યું કે : “ એમની ગતિ શી થશે ઠાકુર ? ” ત્યારે ઠાકુર મશાઈએ હસીને કહેલું : ‘ એ તો બધી મારી સ્ત્રીઓ છે, તારી નથી ! તને આટલી બધી પીડા શાની ? જેને આંખે દેખી નથી, દેખવી પણ નથી, તેની ગતિ શી થશે, શી નહિ એની ચિંતા મારેય શું કરવા કરવી, અને તુંયે શું કરવા કરે ? આપણે કેવળ રૂપિયા સાથે કામ રાખવું.’ અરુણદા, તેથી જ તે દહાડે મારાં દાદીમા તમારી વાત નીકળતાં રડી પડી બોલ્યાં હતાં, ‘ સન્ધ્યા ! કોણ નીચું, કોણ ઊંચું એ તો માત્ર ભગવાન જાણે છે—માણસ કેવળ કદી કોઈને હલકો ગણી ઘણા ન કરે એટલે થયું. પણ એ વખતે તો ખ્યાલે ન હતો કે તેનો અર્થ આજે આવી રીતે સમજવો પડશે. પણ રાત બહુ થવા આવી—મારે લીધે તમને કદીયે દુઃખ વેઠવું નહિ પડે, અરુણદા ! તમારી મોટાઈ, તમારો ત્યાગ, હું જિંદગીમાં કદી ભૂલીશ નહિ. ” બોલી તે અમિનેષ નયને જોઈ રહી.

અરુણ અનિશ્ચિતપણે સંકોચપૂર્વક બોલ્યો : “ પણ અત્યારે તો હું તારી સાથે નહિ આવી શકું, સન્ધ્યા ! ”

સન્ધ્યા ચકિત થઈ બોલી : "કેમ ? તમે સાથે નહિ આવો તો હું ક્યાં જઈ ઊભીશ ? હું જીવીશ શી રીતે ?"

આ મૂંઝવતા પ્રશ્નનો જવાબ અરુણને એકાએક જડ્યો નહિ, પછી તે ખૂબ ધીરે રહી બોલ્યો : "આજે તો મને માફ કર. સન્ધ્યા—મને થોડો વિચાર કરવા દે."

"વિચાર કરવા ?" એટલું કહી સન્ધ્યા અવાક્ થઈ જઈ એકીટશે અરુણ ભણી ટગર ટગર જોઈ રહી—અંધારામાં દેખી શકાય તેટલું તેનું મોં જોવા પ્રયત્ન કરવા લાગી. પછી એક ઊંડો નિસાસો નાખી ધીમે ધીમે ઊઠી ઊભી થઈ બોલી : "ભલે વિચાર કરો, થોડો નહિ, આખી જિન્દગી લગી વિચાર કરવાનો વખત મળશે. આટલા દિવસ મેં પણ વિચાર કર્યો છે—રાત દહાડો વિચાર કર્યો છે. જ્યારે મારા કરતાં તમને ખૂબ હલકા ગણતાં મને વાંધો આવતો નહોતો, ત્યારે આ જ વાતનો વિચાર કર્યા કર્યો છે. આજે હવે તમારે વિચાર કરવાનો સમય આવ્યો છે. ભલે, તો જાઉં છું—" બોલતાં બોલતાં ઊઠી ઊભી થવા જતાં તેના શરીર પરનો લાંબો પાલવ ખસી જઈ નીચે પડી ગયો. તે ઊંચો કરી લઈ ધીરે ધીરે યથાસ્થાને ખોસવા જતાં એકાએક તેના પોતાના ઉપર તેની નજર પડી. એકદમ કંપી ઊઠી તે બોલી : "હે ભગવાન ! આ લાલ પાનેતર, આ શરીર પરનાં ઘરેણાં, આ કપાળનું ચંદન—આ બધું ધારણ કરતી વખતે આવું કોણે ધાર્યું હતું ?"—બોલવા જતાં તેનો અવાજ ભાંગી ગયો. એ જ ભાંગેલે અવાજે તે બોલી : "હું વિદાય લઉં છું, અરુણદા !" બોલી વળી એક વાર પ્રણામ કરી તે ચૂપચાપ બહાર ચાલી ગઈ.

અરુણ જડની માફક ઊભો રહ્યો. પરંતુ સન્ધ્યા નજર બહાર ચાલી ગઈ કે તરત જ જાણે તેની ચમક ભાંગી ગઈ,—વ્યગ્ર બની વ્યાકુળ કંઠે ચાકરને વારે વારે બૂમ મારી બોલવા લાગ્યો : "શિવુ, જા, જા, સાથે જા !" અને એમ બોલતો બોલતો તે પોતે જ દોડતો તેની પાછળ દોડી ગયો.

## ૪

ડાબા હાથમાં દીવો લઈને પ્રિય મુખુજ્જે કંઈક ચીજ પેટીમાંથી વીણી વીણીને એક લૂગડાના કકડામાં મૂકતા હતા, ત્યાં પાછળથી બૂમ સંભળાઈ : " બાપુ ! "

પ્રિય છાનામાના આ કામ કરી રહ્યા હતા; એકદમ હાંફળા-ફાંફળા બની ગયા. હાથમાંનો દીવો મૂકી દઈ ઊભા થઈ જઈ તેમણે જવાબ દીધો : " કોણ સન્ધ્યા ? આ હમણાં જ નીકળી જાઉં છું, મા !—હવે મોડું નહિ થાય—"

સન્ધ્યા પ્રયત્નપૂર્વક આંસુ રોકી રાખી બોલી : " શું કરતા હતા, બાપુ ? "

પ્રિય અચકાતા અચકાતા બોલ્યા : " હું ? કંઈ નહિ—કશું નહિ, મા. "

પેલો લૂગડાનો કકડો બતાવી સન્ધ્યાએ પૂછ્યું : " એમાં શું છે બાપુ ? શું મૂકતા હતા ? "

પકડાઈ જવાથી પ્રિય અતિશય શરમિંદા પડી ગયા; જાણે વિનંતી કરતા હોય એમ બોલ્યા : " થોડીક—બહુ નહિ મા, રેમિડિ સાથે લેતો હતો—અને આ મેટિરિયા મેડિકા—મોટી નહિ, નાની—ફાટી પણ ગઈ છે—અજાણી ધરતી પર ગમે તેમ થોડી પ્રેક્ટિસ તો કરવી જ પડશે ને ? એથી થયું કે—"

" મારી બા તમને આટલું પણ આપવાની ના કહે છે, બાપુ ? "

પ્રિયે અનિશ્ચિત ભાવે માથું હલાવી કંઈક કહ્યું, પણ બરાબર સમજાયું નહિ.

" તમે ક્યાં પ્રેક્ટિસ કરશો બાપુ ? "

"વૃંદાવનમાં. ત્યાં કેટલાયે મુસાફરો, જાત્રાળુઓ આવે જાય છે—એમની દવા કરીને મહિને દહાડે શું ચાર પાંચ રૂપિયા પણ નહિ મળે સન્ધ્યા ? એટલું મળે તો મારું સારી પેઠે નભશે."

"જરૂર મળશે બાપુ, તમને એથીયે વધારે મળશે. પણ ત્યાં તો તમે કોઈને ઓળખતા નથી. **પરમદહાડે સવારે** દાદીમા કાશી ગયાં ત્યારે તમે શું કરવા સાથે **ગયા** નહિ બાપુ ?"

"માની સાથે ? કાશીએ ? ના, મા, હવે હું કોઈને સંડોવવા માંગતો નથી. મારે લીધે તમે સૌ ખૂબ દુઃખી થયાં, હવે મારે કોઈને દુઃખી કરવાં નથી. જેટલા દહાડા જીવીશ એટલા દહાડા હવે તો એ અજાણી જગાએ જ રહીશ."

સન્ધ્યા પિતાની છેક પાસે ખસી આવી તેમના બંને હાથ પોતાના હાથમાં લઈ બોલી : "પણ હું તો તમારી સાથે આવીશ."

પ્રિય ધીરે ધીરે પોતાનો હાથ છોડાવી લઈ પુત્રીના માથા ઉપર રાખી હસીને બોલ્યા : "જા, રે, જા; ગાંડી ! એવું તે કદી થાય ? મારી સાથે તું ક્યાં આવે મા ?—તારી બાની પાસે તું રહેજે, એને ખૂબ દુઃખ પડ્યું છે અને મારું નામ લઈ જે લોકો દવા લેવા આવે તેમને દવા આપજે. અને જો સન્ધ્યા, મારી ચોપડીઓ જો તારી બા આપે તો બિપિનને આપી દેજે. એ બિચારો ગરીબ છે, ચોપડીઓ ખરીદી શકતો નથી એટલે જ તો કશું શીખી શકતો નથી."

સન્ધ્યા માથું ધુણાવી બોલી : "ના બાપુ, હું તો તમારી સાથે જ આવવાની. આ જુઓ, મારાં પહેરવાનાં બે લૂગડાંની મેં પોટલી બાંધી લીધી છે." એમ કહી તેણે સંતાડેલી એક નાની પોટલી કાઢી બતાવી.

પ્રિયને કદી પણ ઝાઝી રકઝક ગમતી નહિ, તે કબૂલ થઈ બોલ્યા: "ઠીક તો, ચાલ. પણ તારી બાને ખૂબ દુઃખ થશે, સન્ધ્યા !"

કાલે બધાંની સમક્ષ, સમાજનાં નાનાં મોટાં બધાંની આગળ

પિતાની દુર્દશા થતી તેણે નજરોનજર જોઈ હતી. ઘર જગદ્ધાત્રીનું પોતાનું છે એને લીધે જ આટલું બધું થયું હતું—એ અપમાન સન્ધ્યાએ હાડોહાડ લાગી ગયું હતું; પરંતુ જવાબમાં તેણે તેનો કશો ઉલ્લેખ કર્યો નહિ. કેવળ ફરી ફરી માથું ધુણાવી બોલવા લાગી : "ના બાપુ, હું કેમે કરી અહીં રહેવાની નથી; હું તો આવવાની. હું સાથે નહિ હોઉં તો કોણ તમારી સંભાળ રાખશે ? કોણ તમને રાંધી આપશે ?"

એમ કહી તેણે ઝટપટ પ્રિયની દવાઓ અને ચોપડીઓ લૂગડાના કકડામાં બાંધી લીધી અને તેમનો હાથ પકડી બોલી : "ચાલો બાપુ, આપણે હમણાં જ નીકળી જઈએ, નહિ તો બારની ગાડી કદાચ ચૂકી જવાશે."

બાના બંધ ઓરડાની બારસાખ ઉપર માથું ટેકવી સન્ધ્યાએ પ્રણામ કરી કહ્યું : "બા, અમે જઈએ છીએ. માત્ર બે પહેરેલાં લૂગડાં સિવાય બીજું કશું મેં તારું લીધું નથી." બોલતાં બોલતાં જ તે રડી પડી.

પરંતુ અંદરથી કશો જવાબ આવ્યો નહિ. ઝટપટ પાલવથી આંખો લૂછી નાંખી તે બોલી : "બા, લાંછના અને અપમાનની બધી મેંશ મોઢે ચોપડી અમે વિદાય લઈએ છીએ—તમારા સમાજમાં એનો ઇન્સાફ નહિ થાય—પરંતુ જેમનાં મહાપાપનો ભાર ઉઠાવી આજે અમારે જવું પડે છે તેમનો ઇન્સાફ કરનાર પણ એક જણ બેઠો છે, તે તને એક દિવસ સમજાશે."

ઘરની અંદર જરાયે સળવળાટ ન થયો, બારણું હતું તેમ બંધ જ રહ્યું. સન્ધ્યા પિતાની પાછળ ઘરમાંથી બહાર નીકળી ગઈ. કોઈ પાસેના એક ઝાડ નીચે ઊભેલું દેખાયું. નજીક આવતાં જ પ્રિય જ્યોત્સ્નાના પ્રકાશમાં તેને ઓળખી કાઢી બોલ્યા, "કોણ, અરુણ કે ?"

અરુણ બોલ્યો : 'જી હા ! આજે આપ બારની ગાડીમાં

જાઓ છો એમ સાંભળી મળવા આવ્યો."

પ્રિયે કહ્યું: "હા; અને આ જોઈ મુસીબત! છોકરી કેમે મને છોડતી નથી, મારી સાથે થઈ છે. હું કયાં જાઉં—કયાં રહું—જો તો ખરો એનું ગાંડપણ!"

અરુણ આભો બની બોલ્યો: "સન્ધ્યા, તું પણ જાય છે?"

સન્ધ્યા માત્ર એટલું જ બોલી: "હા."

અરુણ એક ક્ષણ મૌન રહી અત્યંત સંકોચપૂર્વક બોલ્યો: "તે દહાડે રાતે હું કેમે નક્કી કરી શક્યો ન હતો, પણ આજે નિશ્ચય કર્યો છે—તારું કહ્યું માનીશ, સન્ધ્યા."

પ્રિય કંઈ સમજ્યા વિના માત્ર જોઈ રહ્યા. સન્ધ્યા શાંતિથી ધીરે ધીરે બોલી: "એ દહાડે હું પણ ખૂબ ઉશ્કેરાયેલી હતી, અરુણદા, પણ આજે મારુંયે મન શાંત થયું છે. સ્ત્રીને પરણવા સિવાય દુનિયામાં બીજું કંઈ કામ છે કે નહિ, એ જાણવા જ હું બાપુની સાથે જાઉં છું. પણ હવે તો અમને મોડું થાય છે, અરુણદા,—કરી શકો તો અમને ક્ષમા કરજો." એમ કહી તે પિતાનો હાથ પકડી આગળ થઈ. અરુણે સાથે સાથે જવાનું કરતાં જ સન્ધ્યાએ પાછળ ફરી કહ્યું: "ના, અરુણદા, અમારી સાથે ન આવશો, તમે ઘેર જાઓ."

અરુણે કહ્યું: "સન્ધ્યા, આવે દુઃખને વખતે તારી બાને છોડી જાય છે?"

સન્ધ્યાએ કહ્યું: "શું કરું અરુણદા? આટલા દિવસ બાપમા બંનેનું સુખ ભોગવવાનું સદ્‌ભાગ્ય હતું, આજે બેમાંથી એકને છોડચે જ છુટકો છે. તો પણ મારી બાનો તો કંઈકે રસ્તો છે. કાલે કેટલા લોકો તમાશો જોવા આવ્યા હતા, કોઈ કોઈ કહેતા હતા કે આનું કંઈ પ્રાયશ્ચિત્ત છે. હોય તો સારું. પછી એની સંભાળ લેનાર માણસોની એને ખોટ પડશે નહિ. પણ મારા સિવાય મારા બાપુને સાંભળનારું બીજું કોણ છે આ જગતમાં? પણ હવે મોડું થાય છે, બાપુ,

ચાલો."

એમ કહી પાછી તે આગળ થઈ. અરુણ ત્યાં ને ત્યાં જ સ્તબ્ધ થઈ ઊભો રહ્યો.

થોડેક જતાં કેટલાક માણસો પૂરી, માછલીનું શાક અને જાત-જાતના મિષ્ટાન્નનાં વખાણ કરી આખો રસ્તો ગજાવતા, પાન ચાવતા ચાવતા ઘેર જતા જણાયા. એમનો આનંદ અને સંતોષ માતો નહોતો. જ્યોત્સ્નાના પ્રકાશમાં રખેને એ લોકો ઓળખી કાઢે એ બીકે સન્ધ્યાએ પિતાનો હાથ પકડ્યો અને રસ્તાના એક ખૂણે તેઓ લપાઈને ઊભાં. સૌના ચાલ્યા ગયા પછી પાછાં તેઓ રસ્તે ચાલવા લાગ્યાં.

વાંક વળતાં જ જમણવારનું કારણ સમજાઈ ગયું. પાસેની આંબાવાડીમાં ગોલક ચાટુજ્જે મહાશયનું ઘર હતું. ત્યાંથી ખૂબ પ્રકાશ અને ઘોંઘાટ આવતો હતો, 'પૂરી અહીં, શાક આ બાજુ, દહીં કોણ લાવે છે! મિષ્ટાન્ન ક્યાં છે?'–વગેરે વગેરે અનેક કંઠના સામટા અવાજથી આખું સ્થાન ગાજી રહ્યું હતું.

પ્રિયે કહ્યું: "ગોલક ચાટુજ્જે મશાયને ત્યાં આજે વહુ-ભાત* ખરો ને! પ્રસંગ આવ્યે ચાટુજ્જે મશાઈ ખવડાવવામાં પાછા ન પડે. કહે છે પાંચ ગામ તેડ્યાં છે—બામણ શુદ્ર કોઈને બાદ રાખ્યાં નથી."

સન્ધ્યાએ જઈ કહ્યું: "કોનો વહુ-ભાત બાપુ? ગોલક ઠાકુરદાનો?"

પ્રિયે કહ્યું: "હા, પ્રાણકૃષ્ણની છોકરીને એ પરમ દહાડે પરણ્યા ખરા ને!"

સન્ધ્યા માત્ર એટલું જ બોલી: "હરિમતિ? તેનો વહુ-

---

* લગ્ન પછી વરપક્ષ તરફથી અપાતું જમણ, જેમાં કન્યા આમં-ત્રિત મહેમાનોને મુઠી મુઠી ભાત પીરસે છે. આપણે ત્યાં "વરોઠી" નો રિવાજ એને મળતો છે.

સાત ? "

પ્રિયે કહ્યું : " હા, હા, હરિમતિ જ નામ છે. ગરીબ બ્રાહ્મણ બચી ગયો—છોકરી મોટી થઈ—શું થયું રે ? "

" કશું નહિ, બાપુ ! ચાલો આપણે અહીંથી જલદી જલદી જતાં રહીએ. " એમ કહી સન્ધ્યા પિતાનો હાથ પકડી તેમને જાણે ખેંચતી હોય તેમ રેલવે સ્ટેશન તરફ ચાલવા લાગી.

*

પિતાને લઈ તે જ્યારે સ્ટેશન આવી પહોંચી ત્યારે ગાડીને લગભગ અડધા કલાકની વાર હતી. ગામડા ગામનું નાનું સ્ટેશન, તેમાંયે રાત, એટલે કોઈ માણસ હતું નહિ, માત્ર પ્લૅટફૉર્મની એક તરફ એક કરેણના ઝાડની અંધારી છાયામાં કોઈ એક સ્ત્રી બેઠેલી દેખાતી હતી; અમને આવતાં જોતાં તેણે એકદમ ઘૂમટો તાણ્યો.

પ્રિય ખસીને ઊભો, પરંતુ સન્ધ્યાની તીક્ષ્ણ આંખોને તે છેતરી શકી નહિ. સન્ધ્યા પળવાર નિઃશબ્દ તાકીને જોઈ રહી, પછી વિસ્મયપૂર્વક બોલી : " જ્ઞાનદા દિદિ, તમે ક્યાંથી અહીંયાં ? એકલાં કેમ ? "

સન્ધ્યાએ બરાબર ઓળખી કાઢી હતી. જ્ઞાનદાએ તરત જ બન્ને હાથ લંબાવી તેને છાતીસરસી ખેંચી લઈ ધ્રુસકે ધ્રુસકે રડવા માંડયું. સંધ્યાની નવાઈનો પાર રહ્યો નહિ. તે પોતાના દુર્ભાગ્યથી મૂઢ થઈ રહી હતી, તે દરમિયાન પોતાની જ પડોશના ઘરમાં બીજી એક અભાગણીનું નસીબ ઊંડા પાતાળમાં ઊતરતું જતું હતું તે વાતની તેને કશી ખબર નહોતી, પરંતુ પ્રિયનો ચહેરો એકદમ ફિક્કો પડી ગયો.

સન્ધ્યા બોલી : " તમે ક્યાં જાઓ છો, દિદિ ? "

જ્ઞાનદાના રૂદ્ધ કંઠમાંથી વાચા નીકળી નહિ; તેણે કેવળ માથું હલાવી જણાવ્યું, " હું ક્યાં જઈશ તે મને ખબર નથી. "

આ પછી ઘણી વાર સુધી કોઈ કંઈ બોલ્યું નહિ. પરંતુ ગાડીનો સમય થવા આવ્યો છે, ટિકિટ લેવી જોઈએ એમ લાગવાથી ખૂબ પ્રયત્નપૂર્વક પ્રિયે ગળું ખોલી કહ્યું: "તું ક્યાં જઈશ, જ્ઞાનદા? તેં ટિકિટ કઢાવી છે?"

જ્ઞાનદાએ પહેલાં જેમ જ માથું હલાવી કહ્યું: "ના." પછી આંસુભર્યા અવાજે તેણે પૂછ્યું: "આપ ક્યાં જવાનાં છો?"

પ્રિયે કહ્યું: "વૃંદાવન."

"સન્ધ્યા પણ સાથે આવે છે?"

પ્રિયે કહ્યું: "હા."

જ્ઞાનદા પાલવની ગાંઠ છોડી કંઈક રૂપિયા પ્રિયના પગ આગળ ધરી દઈ બોલી: "ટિકિટના કેટલા રૂપિયા થશે એ મને ખબર નથી, પણ આ પચાસ રૂપિયા મારી પાસે છે,—મારી પણ એક વૃંદાવનની ટિકિટ કઢાવજો. માત્ર આટલો રસ્તો મને સાથે લઈ લો, એથી વધારે હું કશું આ પૃથ્વીમાં કોઈની પાસે માગતી નથી."

પ્રિય પળવાર શાંત રહી છેવટે ધીરે ધીરે બોલ્યા: "ભલે, અમારી સાથે ચાલ."

*

040404

વિશ્વ પ્રસિદ્ધ કથા શિલ્પી, હિન્દી સાહિત્ય સમ્રાટ પ્રેમચંદના કથા સાહિત્યનો સંપૂર્ણ સેટ ગુજરાતીમાં પ્રથમવાર...

---

## પ્રેમચંદ ગ્રંથાવલિ

| | |
|---|---|
| ગોદાન | ૭૨-૦૦ |
| ગબન | ૪૯-૦૦ |
| નિર્મલા | ૨૭-૦૦ |
| પ્રતિજ્ઞા | ૨૭-૦૦ |
| સેવાસદન | ૪૭-૦૦ |
| કર્મભૂમિ | ૭૩-૦૦ |
| પ્રેમાશ્રમ | ૭૫ ૦૦ |
| રંગભૂમિ | ૮૨-૦૦ |
| વરદાન | ૨૬-૦૦ |
| કાયાકલ્પ | ૮૧-૦૦ |
| માનસરોવર ભાગ-૧ | ૫૮-૦૦ |
| માનસરોવર ભાગ-૨ | ૫૮-૦૦ |
| માનસરોવર ભાગ-૩ | ૫૭-૦૦ |
| માનસરોવર ભાગ-૪ | ૫૩-૦૦ |
| માનસરોવર ભાગ-૫ | ૪૮-૦૦ |
| માનસરોવર ભાગ-૬ | ૩૮-૦૦ |
| માનસરોવર ભાગ-૭ | ૫૦-૦૦ |
| માનસરોવર ભાગ-૮ | ૫૫-૦૦ |

કુલ ૧૮ પુસ્તકો કુલ કિંમત રૂ. ૯૭૯-૦૦

વિશ્વમાનવ, અમર ભારતીય સાહિત્યકાર,
નોબેલ પુરસ્કાર વિજેતા શ્રી રવીન્દ્રનાથ ટાગોરના
કથા સાહિત્યનો સંપૂર્ણ સેટ ગુજરાતીમાં...

## ટાગોર ગ્રંથાવલિ

| | |
|---|---|
| ગોરા ભાગ-૧<br>ગોરા ભાગ-૨ | ૯૦-૦૦ |
| ચોખેરબાલી | ૪૫-૦૦ |
| નૌકા ડૂબી | ૪૮-૦૦ |
| વહુરાણી | ૩૨-૦૦ |
| ઘરે-બાહિરે | ૪૦-૦૦ |
| ચિરકુમારસભા | ૨૯-૦૦ |
| રાજર્ષિ | ૨૬-૦૦ |
| ચતુરંગ અને બે બહેનો | ૨૪-૦૦ |
| ચાર અધ્યાય | ૧૩-૦૦ |
| ગુરુદેવ રવીન્દ્રનાથ | ૩૧-૦૦ |
| કાબુલીવાલા | ૬૧-૦૦ |
| અતિથિ | ૬૧-૦૦ |
| ચંદન તિલક | ૬૧-૦૦ |
| કુલ ૧૪ પુસ્તકો | ૫૬૧-૦૦ |

જાણીતા કોઈ પણ બુકસેલર પાસેથી માગો અથવા અમોને લખો.

# મિહિર પ્રકાશન

રાજકોટ * ફોન-૩૨૨૦૨


સ. પ્રેસ., રાજ—એફ૧૭૬૨—૧—૮૬-૭,૦૦,૦૦૦ લીબ. ૪ જી.
સ. ઠ., શિ. અને મ. ખા. નં. એલ. આઈ. બી. ૧૦૬૫-ઠ.
તા. ૯—૭—૬૬.]

તારીખ યાદી

છેલ્લે લખેલ તારીખે પુસ્તક પાછુ આપવું જોઈશે.

| પરત તારીખ | પરત તારીખ | પરત તારીખ | પરત તારીખ |
|---|---|---|---|
| -7 AUG 1990 | | | |
| 2 DEC 1991 | | | |
| 21 DEC 1991 | | | |
| 16 NOV 1992 | | | |
| 5 NOV 2004 | | | |
| -2 FEB 2006 | | | |
| 28 SEP 2006 | | | |

संधवाणी




૧૦૪૦૪

(G. P. B.)—(I)Na-8-7,20,000—+
Books are issued for fourteen days only.
Books lost or injured in any way shall have to be replaced by the borrowers.

## શરદ ગ્રંથાવલિ

વિપ્રદાસ
વિરાજ વહુ
નવીના (શેષપ્રશ્ન)
નિષ્કૃતિ/ બડી દીદી/બિંદુર છેલે
દેવદાસ
ગૃહદાહ
ચરિત્રહીન
બામણની દીકરી
પંડિતજી
લેણદેણ
પથેર દાબિ
આરક્ષણીયા/નવવિધાન
શુભદા
શ્રીકાન્ત ભાગ ૧-૨
શ્રીકાન્ત ભાગ ૩-૪
શેષ પરિચય
દત્તા
પલ્લીસમાજ
ચંદ્રનાથ/પરિણીતા
સાવકી મા

**મિહિર પ્રકાશન**
રાજકોટ

